## દુઃખ માત્ર ટાળવાનો

# રામબાણ ઉપાય

શ્રી[illegible]

સંપાદક અને પ્રકાશક

[illegible]હાલાલ ચુ[illegible]લાલ વકીલ

મેનેજર, સાઠંબા-સાબરકાંઠા એજન્સી

●

નવીનચંદ્ર મોતીલાલ શાહ

વૈદરાજ, સાદરા-સાબરકાંઠા એજન્સી

# દુઃખ માત્ર ટાળવાનો
# • રામબાણ ઉપાય •


સંગ્રાહક અને પ્રકાશક

**જેઠાલાલ ચુનીલાલ વકીલ**

મેનેજર, સાઠંબા–સાબરકાંઠા એજન્સી.

**નવીનચંદ્ર મોતીલાલ શાહ**

વૈદરાજ, સાદરા–સાબરકાંઠા એજન્સી.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

(૧) પ્રકાશકો પાસેથી,

(૨) નાગરદાસ પ્રાગજીભાઈ, દોસીવાડાની પોળ,–અમદાવાદ.

(૩) શિવજી વાલજી એન્ડ કું. ૧૮૪, ભાત બજાર, મુંબઇ.



પહેલી આવૃત્તિ • વિ. સં. ૧૯૯૫ • પ્રત ૧૧૫૦

બીજી આવૃત્તિ • વિ. સં. ૧૯૯૬ • પ્રત ૧૨૫૦

મૂલ્ય ત્રણ આના.

મુદ્રક :

કેશવલાલ સાંકળચંદ શાહ

માલીક : ધી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ

સલાપોસ ક્રોસ રોડ, અમદાવાદ.

# પહેલી આવૃત્તિના "બે બોલ"

અનેક વિટંબનાઓના પ્રસંગોએ આ હૃદયસ્પર્શી ઉતારાઓએ મને અનેક રીતે અર્થાત્ પૌદ્ગલિક (ઐહિક) અને આત્મિક સહાય કરેલી છે. હું જન્મે હિંદુ છું, જ્યારે મારા મિત્ર રા. રા. જેઠાલાલ ચુનીલાલ વકીલ જન્મે જૈન છે. અમે બન્ને એક બીજાના પરિચયથી અને આ ઉતારાવાળા સાહિત્યના વારંવાર વાંચન અને મનનથી ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા થયા છીએ. અમારા બન્નેમાં મતભેદ હોવા છતાં, બન્નેએ એક-બીજાના મતભેદોને ઉદારતાપૂર્વક સહન કરી, આત્મ-સુધારણામાં વિક્ષેપ થવા દીધો નથી, તે આ ઉતારાઓને આભારી છે. આ ઉતારાઓ લેવામાં પ્રમાદવશ મૂળ લેખકોના ભાવને સ્ખલના પહોંચી હોય, તો તેમાં દોષ અમારો છે, તો તે બદલ સુજ્ઞ વાંચકો ઉદારતાપૂર્વક દરગુજર કરશે. અમને આ ઉતારાઓ અનેક રીતે સહાયક નિવડયા છે અને અમે આશા રાખીએ છીએ કે-મુમુક્ષુ જીવોને તે અનેક રીતે સહાયક નિવડશે. આ ઉતારાઓને પુસ્તક આકારે મૂકવાની ઘણા શુભેચ્છકોએ સૂચના કરેલી, પણ આર્થિક મુંઝવણને લીધે તેમ બની શકતું ન હતું. પરંતુ ઉત્તમ કાર્યોમાં મુશ્કેલીઓ લાંબો સમય ટકતી નથી. આ ઉતારા અમારા સ્નેહી અને સાદરાના સુપ્રસિદ્ધ વકીલ રા. રા. ભોગીલાલ દામોદરદાસને પસંદ પડતાં, તેમણે યથાર્થ સહાય કરવાનું વચન આપતાં, તેને પુસ્તકના રૂપમાં મૂકવાનો વિચાર થયો. રા. રા. જેઠાલાલ ચુનીલાલ વકીલના પ્રયાસ અને સમજાવટથી અમદાવાદના રા. રા. વાડીલાલ સાંકળચંદ શાહ તથા મુંબઈના રા. રા. મુલજીભાઇ જગજીવનદાસ શાહ તથા વિજાપુરના કેટલાક ધર્મપ્રેમી સદ્ગૃહસ્થોની મદદથી આ પુસ્તક રજુ કરી શકયા છીએ.

તે બદલ તે સર્વે સ્નેહીઓ અને આ લખાણના લેખક મહાત્માશ્રીના અમે અંતઃકરણ પૂર્વક આભારી છીએ.

કુવાવાળી પોળ,
શાહપુર,
**અમદાવાદ**

**નવીનચંદ્ર મોતીલાલ શાહ.**

# આ બીજી આવૃત્તિ વિષે કાંઈક

પહેલી આવૃત્તિની ઘણી ખરી નકલો પ્રચારના હેતુથી મફત આપતાં અગર ટપાલથી મોકલતાં આ પુસ્તક સારો આદર પામ્યું અને આવા વાંચન માટે પ્રચારની માગણી થવા લાગી. માત્ર ચાર માસમાં જ પહેલી આવૃત્તિ ખલાસ થઈ, પણ તેમાં સુધારો–વધારો કરાવવાની ઈચ્છા હતી એટલે સુધારનારને અંગે ઘણો સમય ગયો. આ પુસ્તક માટે મળેલા અભિપ્રાયો ઉપરથી વાંચકો આની ઉપયોગિતા સમજી શકશે. કોઈ પણ પ્રકારના નફાના હેતુથી આ પુસ્તક પ્રગટ કરવામાં આવતું નથી. યોગ્ય જીવો વાંચે, વિચારે અને જીવનમાં અમલ કરે, એજ સૌના શ્રમની અને દાનની સફલતા છે. પ્રચારનો હેતુ જળવાય, એ માટે માત્ર ત્રણ જ આના કિંમત રાખી છે. પહેલી આવૃત્તિ કરતાં આમાં ૧૬ પાનાં વધ્યાં છે તેમજ ચાલુ યુદ્ધને અંગે કાગળ વિગેરેમાં ઘણી જ મોંઘવારી આવી છે, એટલે પહેલી આવૃત્તિમાં જે બે આના મૂલ્ય રાખેલું, તેને બદલે આ આવૃત્તિમાં ત્રણ આના મૂલ્ય રાખવું પડ્યું છે. આ સંગ્રહ જેઓને રૂચે, તેઓને ત્રીજી આવૃત્તિ માટે મદદ મોકલવા વિનંતિ છે.

**જેઠાલાલ ચુનીલાલ વકીલ**
**મેનેજર, સાઠંબા**

## "દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય"

### નામના આ લઘુ પુસ્તકના
### પ્રકાશન માટે મળેલા દાનની વિગત

[ પ્રથમ આવૃત્તિ માટે ]

રૂા. ૨૫) ભોગીલાલ દામોદરદાસ વકીલ, સાદરા.

રૂા. ૨૫) વાડીલાલ સાંકળચંદ શાહ, અમદાવાદ.

રૂા. ૨૫) મુળજીભાઈ જગજીવનદાસ, મુંબઈ.

રૂા. ૨૫) વિજાપુરના સદ્‌ગૃહસ્થો તરફથી, પૂજ્ય જિતેન્દ્રસાગરજી મહારાજ સાહેબના સદુપદેશથી.

[ આ બીજી આવૃત્તિ માટે ]

રૂા. ૨૦) શિવજી વાલજી એન્ડ કું. મુંબઈ.

રૂા. ૧૦) ચીમનલાલ મહાસુખરામ, રાધનપુર.

રૂા. ૧૫) વરધીલાલ કચરચંદ, રાધનપુર.

રૂા. ૧૦) કાલીદાસ નાનચંદ, વાવ.

રૂા. ૨૫) વર્ધમાનદાસ રવચંદ, ઉમતા.

રૂા. ૫૦) મોતીલાલ મગનલાલ, અમદાવાદ.

રૂા. ૨૫) કુશલચંદ મગનલાલ, સાદરા

રૂા. ૨૦) એક સદ્‌ગૃહસ્થ તરફથી.

# આ સંગ્રહ માટે મળેલા અભિપ્રાયો

ધર્માભિલાષી જેઠાલાલે પોતાના દૈનિક સ્વાધ્યાય માટે લીધેલા ઉતારા મારા જોવામાં આવ્યા. તે ખરેખર ! મુમુક્ષુ અને મોક્ષાભિલાષી જીવો માટે હંમેશાં વાંચવા, મનન કરવા તથા આચરવા જેવા છે. દુઃખનાશનું રામબાણ ઔષધ મોક્ષદાયક ધર્મ જ છે. મોક્ષદાયક ધર્મથી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે. મોક્ષદાયક ધર્મ એ સર્વાર્થસિદ્ધિ છે, અને આ લખાણ ભવી જીવોને ઉત્તરોત્તર ધર્મમાર્ગમાં જોડી, પરંપરાએ મોક્ષ સુધી પહોચવામાં મદદરૂપ થાય તેમ છે. ભવી જીવોને આત્મોન્નતિ કરવામાં અને સમભાવ પ્રગટાવવામાં, મૈત્રી, પ્રમોદ, કરૂણા તથા માધ્યસ્થ ભાવના ભાવવામાં મદદરૂપ થઈ પૌદ્‌ગલિક મૂર્ચ્છા પણ દૂર થશે. વળી પરરમણતાથી પાછા હઠી આત્મરમણતામાં સ્થિર થવામાં સ્વપર ઉપકારક નીવડશે. માટે આ ઉતારા વાંચવા, વિચારવા, મનન કરવા અને આચરવા જેવા છે, તો ભવી જીવો તેનો વધારેમાં વધારે લાભ ઉઠાવશે.

વિજાપુર
તા. ૧-૧-૩૯

લી.
ઋદ્ધિસાગરના
ધર્મલાભ.

---

જેઠાલાલ ચુનીલાલ વકીલે સંગ્રહ કરેલા ઉતારા નામે કે જે " દુઃખ માત્ર ટાળાવાનો રામબાણ ઉપાય " અમોએ વાંચેલ છે. મુમુક્ષુ જીવોએ આ લેખો આત્મપરિણામની વિશુદ્ધિ કરનારા હોવાથી, આત્મશ્રેયાર્થીએ આ લેખોનું નિદિધ્યાસન કરી ગ્રાહ્ય અને જ્ઞેય અર્થોને જાણી, ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધે જે શ્રેય છે.

પાંજરાપોળ,
અમદાવાદ.

પં. કસ્તુરવિજયજી.

---

"દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય" નામનું પુસ્તક બે વાર વાંચી ગયા પછી, એમ વિચાર થાય છે કે–આ પુસ્તકમાં પરમ પાવન, જગતના સાચા બંધુ, જગતમાં ચિંતામણી રત્ન સમાન, જગતના નાથ, જગતના ગુરૂ, જગતના જીવોના રક્ષક એવા અને ચોત્રીસ અતિશય વડે યુક્ત, વાણીના પાંત્રીસ ગુણથી સુશોભીત એવા પરમ તારક **શ્રી જિનેશ્વરદેવ તથા જગત્પૂજ્ય શ્રી ગણધરદેવના મુખથી વિખરાયેલાં છૂટાં છૂટાં ફુલ ન હોય, તેની માફક આ ગ્રંથ લાગે છે.** આ ગ્રંથમાં અધ્યાત્મિક યોગ સારો છે. તેમજ આ ગ્રંથ ખાસ વાંચવા લાયક છેજ. આ ગ્રંથ વાંચવાથી મનરૂપી પિશાચ વશ થઈ જાય છે અને ઇંદ્રિયો રૂપી મૃગલાંઓ ચંચળતા છોડી દે છે, માટે આ ગ્રંથ ખાસ વાંચવા લાયક છે. સં. ૧૯૯૫ ભાદરવા વદી ત્રીજ ને રવિવાર.

લી. પંન્યાસ હીરમુનિ

"દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય" નામની પુસ્તિકા નામ પ્રમાણે ગુણ ધરાવનાર હોવાથી રમુજ ઉત્પન્ન કરનાર છે. તે વાંચીને મને ઘણો સંતોષ અને આનંદ થયો છે. આ પુસ્તિકા પ્રગટ કરવાનો જેઠાલાલભાઇનો પ્રયાસ પ્રશંસનીય છે. સમયે સમયે પરિઆય પરિવર્તનશીલ નિર્મળ ચેતનાને પ્રગટાવવા અને સર્વદા સર્વત્ર સર્વ જીવોને એકાન્ત હિતકર થવા આ નાનકડું પુસ્તક માર્ગદર્શક બનશે. આવી આધ્યાત્મિક શૈલીથી લખાએલા સંગ્રહોનું પુસ્તક આપણી લાયબ્રેરીનો શણગાર છે, માટે જરૂર સંગ્રહ કરવામાં આવશે. વિકાસશક્તિ એજ સાચું ધન છે, માટે આત્મવિકાસમાં આ પુસ્તક જરૂર સહાયક નીવડશે. સુજ્ઞેષુ કિં બહુના—

દેવશાનો પાડો
અમદાવાદ
તા. ૫–૨–૩૯

ગણીપ્રવર પૂણ્યવિમલ

"દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય" નામનો સંગ્રહ વાંચીને હું બહુજ ખુશ થયો. ખરેખર! હું ન ભૂલતો હોઉં તો આવો સંગ્રહ આત્માની શાંતિને માટે ઘણો જ ઉપયોગી થઈ પડે તેમ છે એમ મારી માન્યતા છે. અને તેની સાથે વ્યવહારિક જ્ઞાનનો ભંડાર પણ ભરચક છે. મને પરિપૂર્ણ આશા છે કે–આ મનોહર નાનો સંગ્રહ હરકોઈના ઘરમાં અવશ્ય સંગ્રહ કરવા લાયક છે. **જેઓને દુઃખથી કંટાળો આવ્યો હોય, તેને આ પુસ્તક સત્ય-માર્ગ બતાવનાર થશે**–એ હું ખાત્રીપૂર્વક કહી શકું છું, અને આવા પ્રકારના મનોહર પરિશ્રમને અંગે હાર્દિક અભિનંદન આપી, હું અત્રે જ વિરમું છું. સુજ્ઞેષુ કિં બહુના.

ઉજમફઈની ધર્મશાળા,
રતનપોળ–**અમદાવાદ.**
તા. ૨૫–૧–૩૯

**મનહરવિજય ગણીના**
ધર્મલાભ.

જે આશયથી પ્રેરાઈ "**દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય**" નામનો સંગ્રહ આરંભાયો છે, તે આશયને પૂર્ણ કરવા શકય પ્રયાસ આમાં થયો છે. જો વાંચક **આ સંગ્રહને મનનપૂર્વક વાંચી અમલ કરશે તો સારો લાભ પ્રાપ્ત કરશે** એવી મારી માન્યતા છે.

**ખેડા**
સોમવાર મહા સુ. ૧૦
સં. ૧૯૯૫

**ચંદ્રોદયસાગરના**
ધર્મલાભ.

**દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય** પુસ્તકમાં આધુનિક પ્રવૃત્તિ પ્રમાણે વિષયોની રચના સારી છે. પુસ્તકમાં શબ્દ સરળ ભાષામાં હોવાથી બાલજીવો તેનો લાભ લઈ શકે છે. દરેક વિષયનું સ્પષ્ટીકરણ સારૂં કર્યું છે.

તા. ૧૩–૨–૩૯
મુ. સાદરા

**મુનિ કુમુદવિજય.**

ધર્મપ્રેમી **જેઠાલાલભાઈએ** સંગ્રહ કરેલા **"દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય"** ઉતારા મારા વાંચવામાં આવ્યા, મુમુક્ષુ માટે તે ઉતારા વારંવાર વાંચવા, વિચારવા અને આચરવા જેવા છે. મનુષ્યમાત્રને કાંઇ ને કાંઈ દુઃખ તો હોય છેજ. દરેક મનુષ્ય પોતાની સમજ પ્રમાણે તેને ટાળવાનો શક્ય પ્રયત્ન પણ કરે છે, પણ તેમાં પૂર્વપુરૂષોના અનુભવના ઉપદેશના અમલની ઉણપને લીધે જોઇએ તેવું સારૂં પરિણામ આવતું નથી. મનુષ્યને દુઃખ જોઈતું નથી પરંતુ દુઃખ ટાળવાનો પૂર્વપુરૂષોએ બતાવેલો ઉપાય જાણવાની પણ જોઇએ તેટલી દરકાર હોતી નથી. દુઃખ માત્ર, પછી તે પૌદ્‌ગલિક–ઐહિક કે આત્મિકને ટાળવાનો એક માત્ર ઉપાય મોક્ષદાયક ધર્મજ છે. મોક્ષદાયક ધર્મથી અર્થ અને કામ પણ સધાય છે અને મોક્ષસુખ પણ મેળવી શકાય છે. મોક્ષસુખની ઇચ્છા વિનાના મનુષ્યને અર્થ અને કામની અનિચ્છા તો હોતી જ નથી. ઉલ્ટું મોક્ષદાયક ધર્મના આચરણમાં પણ અર્થકામની છૂપી ઈચ્છા સંસારી જીવોને પ્રાયઃ હોય છેજ. તેથી આ વાંચન વાંચી તેનું થોડું ઘણું પણ આચરણ કરનાર કે આચરવાની ઇચ્છા રાખનારને તેનું ઇચ્છિત ફલ અર્થ અને કામની પ્રાપ્તિ થાય તેવી છે પણ ઇષ્ટ ફલ મોક્ષની પણ પરંપરાએ પ્રાપ્તિ થાય છે. પરંતુ ઉત્તમ કોટિના આત્માર્થી અને મોક્ષાભિલાષી **જીવો આ લખાણના વાંચન અને મનનથી અર્થ અને કામની ઇચ્છા નહિ રાખતાં મોક્ષની જ ઈચ્છા રાખશે.** વળી આ સંગ્રહના વાંચન અને મનન અને આચરણથી દુનિયામાં એવું કોઈ પણ પૌદ્‌ગલિક–અહિક કે આત્મિક દુઃખ નથી, કે જેનું નિવારણ ન થઈ શકે, માટે આ લખાણ એના નામ પ્રમાણે યથાર્થ ગુણ ધરાવનાર સુંદરમાં સુંદર સંગ્રહ છે.

સાદરા
તા. ૨૯–૧૨–૩૯

મુનિ રૂપવિજયજીના
ધર્મલાભ.

" દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય " નામનો સંગ્રહ વાંચી બહુ જ આનંદ થયો. આ લેખો મુમુક્ષુ જીવોને આત્મ-પરિણામની વિશુદ્ધિ કરનાર હોવથી વારંવાર વાંચવા, વિચારવા અને આચરવા જેવા છે. આ નાનકડું પુસ્તક ધર્મના અભિલાષીઓને ઘરમાં રાખવા જેવું છે.

સં. ૧૯૯૫ ના શ્રાવણ સુદ ૧ — મુનિ અમરવિજયજીના ધર્મલાભ.

—

''દુઃખ માત્ર ટાળવાના રામબાણ ઉપાય " ની કંડિકાઓ મેં વાંચી. જીવનમાં નિર્વૃત્તિના પંથે વિચરનાર પ્રવાસીઓ માટે આ પુસ્તક સુંદર છે અને જરૂર વિવિધ ભાવોની સુંદર કંડિકાઓ ગમે તે માણસના હૃદયમાં જ્ઞાનની ચીનગારી પુરશે × × ×

તા. ૨૦–૫–૩૯.

લલીતાચરણ ગોસ્વામી B. A.

—

રા. જેઠાલાલ ચુનીલાલ વકીલ એમણે " દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય " એ ગુજરાતી નાના પુસ્તકની હસ્ત-લેખીત પ્રત વાંચી બતાવી. ભાષા સરળ અને પદ્ધતિ સુબોધ છે. હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મવાળાઓ, ગુજરાતી સમજનારાં સ્ત્રી–પુરૂષોને પ્રપંચ અને પુરૂષાર્થના વિષયમાં પ્રકાશ આપનારાં સૂત્રાત્મક વચનો, આ પુસ્તકમાં પદ્ધતિસર સંગ્રહિત કરવામાં આવ્યાં છે.

આનંદમઠ, નાશીક
હાલ સાદરા
૧૧–૩–૩૯

વિશ્વનાથ કેસકર.

—

**તમારૂં પુસ્તક શાન્તિપ્રિય જિજ્ઞાસુઓને વાંચન, મનનમાં ઉપયોગી થાય તેવું** છે. તેના ખપી જીવોને એક ઠીક સાધન તરીકે તૈયાર કરી આવ્યું ગણી શકાય. એજ રીતે જેમ જેમ અનુભવમાં વૃદ્ધિ થાય, તેમ તેમ મનન અને અભ્યાસના સંગ્રહની દૃષ્ટિથી આદર-પાત્ર ગણી શકાય.

**મહેસાણા** **પ્રભુદાસ બેચરદાસ.**

—⊂⊃⊂⊃—

આપશ્રીએ "**દુખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય**" નામનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કર્યું છે, તે ઘણું જ સરળ અને ઉપ-યોગી છે. **આત્માર્થી જીવોને ઘણું જ વાંચવા લાયક ને મનન કરવા જેવું છે. અને તેનાં પદો અમલમાં મૂકવા યોગ્ય છે.** અન્ય ધર્મના જીવોને પણ ઉપયોગી હોઈ, હું ઘણો જ ખુશી થયો છું. મુમુક્ષુ જીવોને લાભદાયક હોઈ આત્મ-ઉન્નતિને રસ્તે ચઢાવે તેમ છે.
**તા.૨૮-૧-૪૦ ઉમતા.**

**શા. રતિલાલ વર્ધમાનદાસ.**

—⊂⊃⊂⊃—

**દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય**—સંગ્રાહક ને પ્રકા-શક જેઠાલાલ ચુનીલાલ વકીલ, સાદરા-સાબરકાંઠા એજન્સી અને નવીનચંદ્ર મોતીલાલ શાહ, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ. પ્રારં-ભમાં બે બોલ લખ્યા પછી પાંચ અભિપ્રાયો આપ્યા છે. ત્યારપછી અનુક્રમણિકા આપી છે. તેમાં ૫૩ વિષયો બતાવ્યા છે. પૃષ્ઠ ૬૪ છે. **દરેક વિષયને ટૂંકામાં પણ સારી રીતે સમજાવેલ છે.** બુક વાંચવા લાયક છે. કિંમત બે આના.

**શ્રી જૈનધર્મ પ્રકાશ-ભાવનગર**
**પુ. ૫૫, અંક ૫.**

—⊂⊃⊂⊃—

દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય-સંગ્રાહક અને પ્રકાશક જેઠાલાલ ચુનીલાલ વકીલ સાદરા ( સાબરકાંઠા એજન્સી ) નવીનચંદ્ર મોતીલાલ શાહ, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ, અન્ય ગ્રંથોમાંથી લીધેલા **આ ઉતારાઓ મુમુક્ષુ જીવો મનનપૂર્વક વાંચે અને વિચારે તો આત્મકલ્યાણ સાધી શકે તેવો સંગ્રહ આ લઘુ ગ્રંથમાં સંગ્રાહક ભાઈઓએ** કરેલ છે. જેની કિંમત માત્ર નામની જ બે આના હોવાથી, સર્વ કોઈ ખરીદી શકે અને તેનો લાભ લઈ શકે તે માટે માત્ર પ્રચાર કરવાના હેતુથી પ્રગટ કરેલ છે. આખું પુસ્તક વાંચી જવા જેવું છે તેમજ આવી નામની જ કિંમત રાખેલી હોવાથી તે આર્થિક સહાયને યોગ્ય છે. મળવાનું ઠેકાણું-પ્રકાશક, તથા નાગરદાસ પ્રાગજીભાઈ, ડોશીવાડાની પોળ-અમદાવાદ.

શ્રી આત્માનંદ પ્રકાશ-ભાવનગર
પુ. ૩૬, અંક ૧૨.



## આ પુસ્તકમાં વપરાએલા જૈન પરિભાષા જેવા

# કેટલાક શબ્દોનું ટૂંક સ્પષ્ટીકરણ

વારંવાર એક જ શબ્દને અંગે નોંધ ન આપવી પડે એ માટે અમૂક શબ્દોનું સ્થૂલ સ્પષ્ટીકરણ તે તે સ્થલે નોંધ મૂકીને નહિ આપતાં, અત્રે આપવામાં આવે છેઃ—

**સ્વ અને પર**—જગતમાં ચેતન અને જડ એમ બે તત્ત્વો વિદ્યમાન હતાં, છે અને રહેશે. તેના ત્રણ વિભાગ છેઃ શુદ્ધ ચેતન એટલે પરમાત્મસ્વરૂપને પામેલા સિદ્ધાત્માઓ, જડયુક્ત ચેતન એટલે શરીરધારી આત્માઓ અને કેવલ જડ એટલે જીવરહિત વસ્તુઓ. સ્વ એ આત્મા. પર એ જડ.

**કર્મ**—આત્માની સાથે દુધ-પાણીની જેમ એકમેક બનેલો જડ અણુઓનો વિવિધતામય સમૂહ. કર્મના મૂખ્ય ભેદ આઠ છે. કર્મના યોગે જ શાશ્વત સ્વભાવવાળો અશરીરી આત્મા જન્મ-મરણાદિ ભોગવે છે અને એકથી બીજા શરીરનો આશ્રય લીધા કરે છે.

**પરનાં કે પૌદ્ગલિક સુખો**—જડયુક્ત ચેતનો દ્વારા જડના સંયોગથી ભોગવાતાં સુખો, કે જેનો ભોગવટો આત્માના જડના સંપર્કને બગાડનારો તથા વધારનારો નિવડે છે.

**પરરમણતા અને આત્મરમણતા**—જડના યોગથી જન્મતાં સુખોમાં રમણતા તે પરરમણતા અને આત્માના સ્વાભાવિક ગુણો-સમ્યગ્દર્શનાદિમાં રમણતા એ આત્મરમણતા.

**સર્વવિરતિધર ને દેશવિરતિધર**—પાપક્રિયા માત્રથી રહિત જીવન જીવવા માટે શ્રી જિનાજ્ઞા મુજબ પાંચ મહાવ્રતો સ્વીકારી નિર્ગ્રન્થ બનેલા તે સર્વવિરતિધર. અમૂક અંશે પાપક્રિયાઓના ત્યાગ

માટે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પૈકીનાં વ્રતોને ધરનાર મોક્ષમાર્ગના શ્રદ્ધાળુ ગૃહસ્થો તે દેશવિરતિધર.

**અવિરત-સમ્યગ્દૃષ્ટિ**—પાપક્રિયાઓનો ત્યાગ કરવાને અસમર્થ હોવા છતાં પણ, પૌદ્ગલિક ભોગોને હેય અને શ્રી જિનભાષિત મોક્ષમાર્ગને ઉપાદેય માની મોક્ષની કાંક્ષામાં રમનાર.

**અર્થ ને કામ**—અર્થ એટલે સુવર્ણાદિ દ્રવ્ય અને કામ એટલે વિષયસુખ. સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય—એ પાંચ ઇન્દ્રિયોના સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ વિષયોના ભોગોપભોગથી જન્મનાર સુખ તે કામસુખ.

**મિથ્યાત્વ**—એક પ્રકારનો આત્માને વળગેલો જડસમૂહ, જેના યોગે આત્મા જીવ-અજીવના યથાર્થ સ્વરૂપને માનનારો બની શકતો નથી.

**કષાય**—ક્રોધ, માન, માયા અને લોભ.

**આરાધના**—મોક્ષ પામવાના ઉપાયોનું યથાર્થ સેવન.

**સંવર ને નિર્જરા**—જડ કર્મોને આત્માને વળગતાં અટકાવવાં તે સંવર અને પૂર્વે વળગેલાં કર્મોને દૂર કરવાં તે નિર્જરા. ઇચ્છાપૂર્વક કર્મોને કઢાય તે સકામ-નિર્જરા અને કષ્ટાદિ ભોગવ્યે ઉદય પામેલાં કર્મો નિર્જરે તે અકામ-નિર્જરા.

**દ્રવ્ય ને ભાવ દયા**—શરીરાદિ સંબંધી દુઃખની દયા તે દ્રવ્ય-દયા અને આત્માના કર્મસંયોગ રૂપ દુઃખના મૂળભૂત કારણને લગતી દયા તે ભાવદયા.

**અપ્રમત્તતા**—મદ્ય, વિષય, કષાય આદિ પ્રમાદોથી રહિતતા પ્રાપ્ત કરીને મોક્ષના ઉપાયભૂત ક્રિયાઓમાં એકતાનતા.

**પાત્ર**—ભક્તિને યોગ્ય ગુણસંપન્ન આત્મા.

**પાપાચરણ**—આત્માની સાથેના અશુભ કર્મના સંયોગને વધારનારી ક્રિયા. માનસિક, વાચિક ને કાયિક.

# અ૦નુ૦ક્ર૦મ૦ણિ૦કા


[૧] દરરોજની વિચારણા ... ... ... ... ૧
[૨] ધ્યેય અથવા લક્ષ્ય ... ... ... ... ૪
[૩] મોક્ષધ્યેય સિદ્ધ ક્યારે થાય ? ... ... ... ૮
[૪] ધર્મરૂચિ ક્યારે પ્રગટે ? ... ... ... ૯
[૫] આલંબન ... ... ... ... ... ૧૨
[૬] મોક્ષ માટે સાધન-વિચાર ... ... ... ૧૩
[૭] અનુષ્ઠાનના આશયસૂચક પાંચ પ્રકારો ... ... ૧૮
[૮] સંસારનાં સુખો ક્યારે તજાય ? ... ... ... ૨૪
[૯] પરના સહવાસમાં ધર્મીની વિચારણા ... ... ૨૫
[૧૦] પરના નુકશાનમાં ધર્મીની વિચારણા ... ... ૨૫
[૧૧] અજ્ઞાની દુઃખથી ડરે અને જ્ઞાની સુખથી ડરે ... ૨૭
[૧૨] સદ્દગતિ પ્રાપ્ત કરવી છે કે દુર્ગતિ ? ... ... ૨૮
[૧૩] ચિન્તા કોને નહિ ? ... ... ... ... ૨૯
[૧૪] ધર્મીનો સંતોષ ... ... ... ... ૨૯
[૧૫] ધન માટે ભટકવું કેમ પડે છે ? ... ... ૩૦
[૧૬] ઇચ્છા ... ... ... ... ... ૩૩
[૧૭] સાચી સમજ ... ... ... ... ૩૩
[૧૮] આટલું તો જોઈએ જ, એ કાઢો ! ... ... ૩૪
[૧૯] પુણ્યનું જાહેર લીલામ ... ... ... ૩૫
[૨૦] વૈરાગ્ય અને તેની સ્થિરતા ... ... ... ૩૬
[૨૧] ધાર્યું ક્યારે સધાય ? ... ... ... ... ૩૭
[૨૨] કયો પુરૂષાર્થ આચરવા જેવો છે ? ... ... ૩૭
[૨૩] આજની હવા ... ... ... ... ૪૦
[૨૪] પરહિત (પરોપકાર) ક્યારે થાય ? ... ... ૪૧
[૨૫] દાનની ભાવના ... ... ... ... ૪૨
[૨૬] દાન દેતી વખતે કરવી જોઈતી વિચારણા ... ૪૩

[૨૭] ધર્મ પામવાને નાલાયક કોણ ? ... ... ... ૪૫
[૨૮] અપકારી કે નિંદક પ્રતિની વૃત્તિ ... ... ૪૫
[૨૯] ભાવ (હૃદય) શુદ્ધિ ... ... ... ... ૪૭
[૩૦] ધર્મની લઘુતા કરવા કરતાં ધર્મ ન કરવો સારો ... ૫૧
[૩૧] માન ... ... ... ... ... ૫૨
[૩૨] પાપ ... ... ... ... ... ૫૨
[૩૩] દુઃખ અને તેનું કારણ ... ... ... ૫૫
[૩૪] આક્રમણ ક્યાં શોભે ? ... ... ... ... ૫૬
[૩૫] ઉપસર્ગો ક્યારે સહન થાય ? ... ... ... ૫૭
[૩૬] વિષય ... ... ... ... ... ૫૭
[૩૭] ઇન્દ્રિયનિગ્રહ ... ... ... ... ૫૮
[૩૮] મરણ ... ... ... ... ... ૫૮
[૩૯] નીતિ ... ... ... ... ... ૬૦
[૪૦] અનીતિ ... ... ... ... ... ૬૧
[૪૧] સાચા હિતેચ્છુ ... ... ... ... ૬૪
[૪૨] દંભ ... ... ... ... ... ૬૬
[૪૩] હાજીયા મિત્રોથી ચેતો ... ... ... ૬૭
[૪૪] ઉપયોગની આવડત ... ... ... ... ૬૮
[૪૫] શાંતિ ... ... ... ... ... ૬૮
[૪૬] ધર્મે જય અને પાપે ક્ષય ... ... ... ૬૯
[૪૭] ધર્મસત્તા ... ... ... ... ... ૬૯
[૪૮] રાજસત્તા ... ... ... ... ... ૭૨
[૪૯] કર્મસત્તા ... ... ... ... ... ૭૨
[૫૦] દોષિતો પ્રતિ આપણે કેમ વર્તવું ? ... ... ૭૪
[૫૧] પ્રશસ્તતા ક્યારે આવે ? ... ... ... ૭૫
[૫૨] ધર્મભાવના ... ... ... ... ... ૭૫

# દુઃખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય

## [૧] દરરોજની વિચારણા.

### ( સાધક માટે )

૧. **ધન**—સંપત્તિ અને સાહ્યબી પ્રાપ્ત કરવાને માટે હું શું નથી કરતો? ધનની લાલસાએ મને પુણ્ય અને પાપ, નીતિ અને અનીતિ વિગેરેના વિચારોથી જ વિમુખ બનાવ્યો છે. મને કર્ત્તવ્યનું ભાન રહ્યું નથી. પણ ગમે તેટલી સંપત્તિ અને સાહ્યબી મળી, તેથી મારા આત્માને શો લાભ? સંતોષ વિના લક્ષ્મીનું કે સાહ્યબીનું સુખ ભોગવી શકાતું નથી અને આત્માની આબાદી મેળવ્યા વિના દુઃખ માત્રથી મુક્ત બની, સદાને માટે સંપૂર્ણ સુખના ભોક્તા બનાવાનું નથી. ખરી સંપત્તિ તો આત્મસંપત્તિ છે. સંસારની આબાદી સાથે આવવાની નથી અને તે આબાદી મેળવવાને માટે આચરેલી અનીતિ કે પાપ રૂપ આત્માની બરબાદી, સાથે આવ્યા સિવાય રહેવાની નથી.

૨. **યૌવન**—ઉત્તમ એવો મનુષ્યભવ, વસ્તુતઃ મોક્ષની જ સાધનાનું એક માત્ર સાધન છે. આવા મોક્ષના સાધન રૂપ મનુષ્યભવની યુવાનીનો ઉપયોગ મોક્ષની સાધનામાં નહિ કરતાં, ભોગ કે જે ચોરાસી લાખ યોનિઓ દ્વારા દેવ–મનુષ્ય–તિર્યંચ

અને નરક એ ચાર ગતિઓમાં વારંવાર ભ્રમણ કરતાં હું હરેક વખતે ભોગવતો જ આવ્યો છું, તેને ભોગવવામાં મારો આત્મા ભાનભૂલો, દિવાનો બની, ચુવાનીને દિવાની સાબીત કરી રહ્યો છે.

૩. **બળ**—સંયમના ભોગે પણ શારીરિક બળ મેળવવાને માટે હું મથી રહ્યો છું; પરંતુ આત્મબળ મેળવવાને માટે હું વ્રતધારી બનતો નથી. ઇંદ્રિયોને ભોગવિલાસમાંથી હું પાછી ખેંચતો નથી, પણ તેમાં રચ્યો-પચ્યો રહું છું: મનનો સંયમ કરતો નથી, પણ તેને વહેતું મૂકું છું: અને બુદ્ધિને પણ આત્મનિષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરવાને બદલે, મારા આત્મ-સુખનો નાશ કરનાર તથા દુઃખમાં વધારો કરનાર પ્રવૃત્તિઓમાં મારી બુદ્ધિનો ઉપયોગ કરી રહ્યો છું.

૪. **બુદ્ધિ**—કર્ત્તવ્ય-અકર્ત્તવ્યનો વિચાર કરવામાં, બીજાનું ભલું કરવામાં કે આત્માને ઓળખવામાં હું મારી બુદ્ધિનો ઉપયોગ કરતો નથી, પણ બીજાનું સુખ પડાવી લેવામાં અને અન્યને યુક્તિપૂર્વક વ્યવસ્થિત રીતે દુઃખ દેવામાં હું મારી બુદ્ધિનો ઉપયોગ કરી આત્મહત્યા કરી રહ્યો છું. અનન્તા ભૂત-કાળનો અને ભવિષ્યનો વિવેકપૂર્વક વિચાર નહિ કરતાં, મારી બુદ્ધિનો હું ટૂંકા વર્તમાનકાળને રોનકદાર બનાવવામાં ઉપયોગ કરૂં છું અને એથી હું જ મારૂં ભવિષ્ય બગાડી રહ્યો છું.

૫. **ચતુરતા**—સંસાર કે ઇંદ્રિયોના ભોગ રૂપી ભૂલ-ભૂલામણીની જાળમાંથી નીકળવામાં, ચતુરાઇનો ઉપયોગ નહિ કરતાં, દંભ અને કપટ આચરી-તાલબાજ બની, સંસાર રૂપી ભૂલભૂલામણીની જાળમાં ફસાવામાં હું મારી ચતુરાઇનો ઉપયોગ કરી, આત્મનાશ કરી રહ્યો છું.

૬. **રૂપ-સૌન્દર્ય-રંગ**—સંયમ ધારણ કરી આત્માની શોભા વધારવામાં હું મારા રૂપરંગનો ઉપયોગ નહિ કરતાં, ભોગ ભોગવવામાં પાગલ બની, આત્માની શોભા ઘટાડવામાં હું મારા સૌંદર્યનો ઉપયોગ કરી રહ્યો છું.

૭. **કુટુંબપરિવાર**—માતા, પિતા, ભાઇ, બ્હેન, સ્રી, પુત્ર, શરીર, ધન, ભુવન અને મિત્ર-એ સર્વનો ઉપયોગ આત્મકલ્યાણને માટે નહિ કરતાં મોહ, અહંતા અને મમતા વધારવામાં જ હું તેનો ઉપયોગ કરી રહ્યો છું.

૮. **મન**—મોક્ષદાયક ધર્મના આચરણમાં કે શ્રી વીતરાગ પરમાત્માના ધ્યાનમાં મનને લગાડવાને બદલે-ભોગ, ઐશ્વર્ય (દોલત) મેળવવા, સાચવવા અને ભોગવવાના વિચારોમાં જ હું મારા મનનો દુરૂપયોગ કરી રહ્યો છું.

૯. **મમતામુક્ત અને સમતાયુક્ત**—આત્મકલ્યાણને માટે અહંતા અને મમતાનો ત્યાગ કરીને, હું સમતાને ધારણ કરી શકતો નથી, માટે મને ધિક્કાર હો!

૧૦. **માન, દ્વેષ અને નિંદા**—આત્મકલ્યાણ માટે દ્વેષનો ત્યાગ કરી શકતો નથી, અન્યનો ઉત્કર્ષ જોઈ તેનો દ્વેષ કરવો છોડી શકતો નથી અને અન્યના છતા ગુણોને ઢાંકી દેવાનું તથા અન્યના અછતા દોષોને પ્રગટ કરવાનું પણ પણ હું બંધ કરી શકતો નથી, એ ખેદની બીના છે.

૧૧. **કામનામુક્ત અને નિસ્પૃહતાયુક્ત**—આત્મ-કલ્યાણ માટે કામનાઓ કે લાલસાઓનો ત્યાગ કરી શકતો નથી અને નિઃસ્પૃહતાનો સ્વીકાર પણ કરી શકતો નથી.

**૧૨. અભિમાનમુક્ત અને દયાયુક્ત**—આત્મકલ્યાણ માટે પાપમૂળ અભિમાનને છોડી શકતો નથી અને ધર્મમૂળ સામાન્ય દયાને પણ ધારણ કરી શકતો નથી; તો પછી ભાવદયા કે આત્મદયાને તો ક્યાંથી જ ધારણ કરી શકું ? અને જ્યાં સુધી ભાવદયાને ધારણ ન કરી શકું, ત્યાં સુધી મારૂં આત્મ-કલ્યાણ સધાય પણ કયી રીતિએ ?

## [૨] ધ્યેય અથવા લક્ષ્ય.

મનુષ્યજીવનનું કોઈ સાચું ધ્યેય હોય, તો તે એક મોક્ષ જ છે. ધ્યેયના અભ્યાસ, નિશ્ચય અને તેની સાધના વિના, સાધ્ય–મોક્ષ હાથ ન લાગે. ધ્યેય વિચારાય તો ભક્તિનું ખોટું અભિમાન જાય અને ખ્યાલ આવે કે–' હજુ તો આપણે મોક્ષની સાચી સાધનાથી ઘણા જ દૂર છીએ.' ધ્યેય બરાબર ખ્યાલમાં હોય, તો પ્રાયઃ ઉંધે માર્ગે જવાય જ નહિ: અર્થાત્–અર્થ અને કામની પ્રવૃત્તિમાં આત્મા ભાનભૂલો બનીને અનીતિ કે પાપાચરણ સેવે જ નહિ. આજે તો મોટે ભાગે ધ્યેય જ ભૂલાયું છે અને એથી ધર્મક્રિયાઓ કરવા છતાં પણ, એ ક્રિયાઓ જોઇએ તેટલી દીપતી નથી અને જીવનમાં એ ક્રિયા-ઓથી જેવું પરિવર્તન આવવું જોઇએ તે આવતું નથી. ધ્યેયની અનિશ્ચિતતાના કારણે પણ, ધર્મનાં કાર્યોમાં પ્રમાદ સેવાય છે. નિયમિત પૂજા કરનારો પણ દૂનિયાનું સામાન્ય કામ આવતાં–' કાલે પૂજા કરીશું '–એમ કહી ચલાવી લે છે: પણ–' પૂજા કર્યા વિના ખવાય જ કેમ ? '–એવો નિશ્ચય થતો નથી. વ્યવ-

હારમાં આમ નથી બનતું અને ધર્મમાં આમ બને છે, તેનું કારણ શું? વ્યવહારમાં ધ્યેય નથી ભૂલાતું, કારણ કે–ત્યાં તો પ્રત્યક્ષ નુકશાન દેખાય છે: જ્યારે અહીંઆં (મોક્ષની સાધનામાં) તો કહેશે કે–'ચાલે.' કારણ કે–સાચું નુકશાન સમજાયું નથી. એથી જ વ્યવહારની સાધનામાં હોંશિયારી અને મોક્ષની સાધનામાં બેવકુફીનો ઉપયોગ થતો દેખાય છે. વ્યવહારમાં લાભની વાત ન સમજાય તો દુઃખ લાગે અને ડંખ પણ લાગે, પરંતુ મોક્ષની સાધક ક્રિયાઓ આદિનો વિધિ અને તેથી થતો લાભ ન સમજાય, તો તેનું દુઃખેય નહિ અને ડંખેય નહિ. આ સ્થિતિ શોચનીય છે.

મોક્ષના ધ્યેયનો વિચાર આવવો જ મુશ્કેલ છે: વિચાર આવે તોય મોક્ષનું ધ્યેય સમજાવું એથીય મુશ્કેલ છે: મોક્ષના ધ્યેય માટેનું આચરણ તો એથીય મુશ્કેલ છે અને મોક્ષના ધ્યેયની સાધનામાં જ ટકવું, એ તો સૌથી વધુ મુશ્કેલ છે. આનું કારણ એ છે કે–અનાદિકાલથી આત્મા વિષય અને કષાયમાં રત બનેલો છે. આત્માને પોતાના સ્વભાવનો ખ્યાલ નથી. મોક્ષ એટલે આત્માના સ્વભાવનું પરિપૂર્ણ પ્રગટીકરણ. સ્વભાવ ત્યારે પ્રગટે, કે જ્યારે આત્મા કર્મના યોગથી વિખૂટો બને. દર્શનાવરણીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વિના મોક્ષના ધ્યેયમાં નિશ્ચિત બનાય નહિ: જ્ઞાનાવરણીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વિના મોક્ષના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય નહિ અને ચારિત્રાવરણીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વિના મોક્ષ-ધ્યેયની સાધનામાં રત બની શકાય નહિ. આથી આત્માના ગુણો સિવાયની સર્વ વસ્તુઓને પર–પારકી માનવી. ધન અને

ભોગસુખને આત્માના શત્રુ રૂપ માનવા. એની મમતા તજી, એટલે એ નિમિત્તે થતા ક્રોધ, માન, માયા અને લોભ જશે. પર વસ્તુઓની મમતા જતાં, આત્મામાં સમતા પ્રગટશે અને મોક્ષ રૂપ સાધ્યમાં સુનિશ્ચિત બની, તેની સાધનામાં મન–વચન–કાયાના યોગોને યોજી શકાશે. ધન અને ભોગસામગ્રીની હયાતિમાં જ સુખ માનનારાઓને તો મમતાના ત્યાગની વાત પણ સાંભળવી પાલવે તેમ નથી. આવાઓને તે આત્માર્થી ગણવા કે વિષયાર્થી ગણવા ?

મનુષ્યભવ, દેવતાઓને માટે પણ દુર્લભ છે એમ કહ્યું છે : કારણ કે–દેવતાઓ પણ મનુષ્યભવમાં આવ્યા સિવાય મોક્ષની વિશિષ્ટ સાધના કરી શકતા નથી. દેવતાઓને પણ દુર્લભ એવા મનુષ્યભવને પામીને આપણે, આત્માની સેવા કરવાને બદલે શરીરની સેવા કરીએ, ઇંદ્રિયોના સ્વામી બનવાને બદલે તેના સેવક બનીએ, તો પાપનો અને ભવનો ભય પ્રગટે ક્યાંથી ? અને એ વિના તો સારી ક્રિયાઓ કરવા છતાં પણ, માનુષી અને દેવતાઈ સુખો મેળવવાની લાલસા જાગે : જેથી વિષયોનો વિરાગ અશક્ય બને, કષાયત્યાગ થઇ શકે નહિ, ગુણાનુરાગ પ્રગટી શકે નહિ અને મોક્ષસાધક ક્રિયાઓમાં આવવો જોઇતો અપ્રમત્તભાવ પણ આવે નહિ. આમ આપણી બધી ઉત્તમ કાર્યવાહીઓ મોક્ષસાધક થવાને બદલે મોક્ષરોધક નિવડે છે. બધી ઉત્તમ ક્રિયાઓને મોક્ષરોધકને બદલે મોક્ષ-સાધક બનાવવા માટે હેતુની દિશા પલટી, એક માત્ર મોક્ષનું જ ધ્યેય સુનિશ્ચિત કરવાની અને મોક્ષના જ ઈરાદાથી સર્વે ક્રિયાઓ કે પ્રવૃત્તિઓ કરવાની, મોક્ષદાયક ધર્મને આચરવા ઈચ્છનાર દરેકની પવિત્ર ફરજ છે. માટે રોજ વિચારો કેઃ—

(૧) હું શરીરની સેવામાંથી મુક્ત થઈને, મારા આત્માની સેવામાં કેટલો લાગ્યો ?

(૨) જડના સંસર્ગમાંથી તેની આસક્તિ સહિત મુક્ત થવાનો મેં કેટલો પ્રયત્ન કર્યો ?

(૩) હું ભવભીરૂ કે પાપભીરૂ કેટલો થયો ?

(૪) ઈંદ્રિયોના અને મનના સંયમ દ્વારા વિષયવિરાગ કેટલો કેળવ્યો ? કષાયત્યાગ કેટલો કેળવ્યો ? તથા ભોગ અને ઐશ્વર્યમાં લોભાએલી બુદ્ધિને આત્મનિષ્ઠ બનાવીને ગુણાનુરાગ કેટલો કેળવ્યો ? અને વિષયવિરાગ, કષાયત્યાગ તથા ગુણાનુ-રાગ દ્વારા મેં સત્ક્રિયાઓમાં અપ્રમત્તભાવ કેટલો કેળવ્યો ?

## સાદા બનવું એટલે ?

શરીરની સેવામાંથી છૂટવું એટલે સાદા અને સરળ બનવું. સાદા બનવું એટલે જેમ બને તેમ જરૂરીઆતો ઓછી કરવી. જરૂરીઆતો ઓછી ત્યારે જ થાય, કે જ્યારે ભવભીરૂતા કે પાપભીરૂતા આવે. ભવભીરૂતા કે પાપભીરૂતા આવતાં ઈંદ્રિયોનો સંયમ અને મનનો સંયમ સ્વાભાવિક રીતે જ સરળ બને. આમ પાપથી બચી શકાય અને નવો કર્મબંધ પડે નહિ, અર્થાત્‌–સંવર થાય. એ સાથે શુદ્ધ ક્રિયા અને શુદ્ધ ભાવના યોગે નિર્જરા (કર્મનાશ) થાય. એ રીતિએ વર્તતાં કદાચ કર્મબંધ થાય, તો તે શુભ જ હોય. પુણ્યાનુબંધી પુણ્યનો એ બંધ આત્માને ઉત્તમ સામગ્રી પમાડે, છતાં એ સામગ્રી આત્માને મુંઝવે નહિ. એ પુણ્ય જ એવું કે–આત્માનો વિરાગ-ભાવ વધતો જાય અને તેથી પરંપરાએ મોક્ષ સાધી શકાય.

## સરળ બનવું એટલે ?

સુનીતિવાન બનવું યા હૃદયથી પવિત્ર બનવું : અર્થાત્– મોક્ષના જ ઈરાદાથી નીતિનું આચરણ કરવું. હૃદય પવિત્ર થતાં દંભ–કષાય વિગેરેનો નાશ થાય છે અને આચરાતી ક્રિયાઓ મોક્ષબાધક થવાને બદલે મોક્ષસાધક થાય છે. એથી સર્વ પાપોના મૂળ રૂપ અર્થ અને કામનો ત્યાગ અથવા જડના સંગનો તેની આસક્તિ સહિતનો ત્યાગ સરળ બને છે. બન્ને વખત કરવામાં આવતી આવશ્યક ક્રિયાઓ પણ હૃદયની શુદ્ધિને માટે જ છે.

## [ ૩ ] મોક્ષધ્યેય સિદ્ધ ક્યારે થાય ?

મોક્ષધ્યેયની સિદ્ધિ ક્યારે થાય ? અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા મોક્ષમાર્ગની આરાધના શુદ્ધ થાય ત્યારે ! આરાધના શુદ્ધ ક્યારે થાય ? મમતા જાય અને સમતા આવે ત્યારે ! મમતા જાય ક્યારે અને સમતા આવે ક્યારે ? આત્મામાં સ્વબુદ્ધિ અને આત્મા સિવાયની તમામ વસ્તુઓ–શરીર સુદ્ધામાં પરબુદ્ધિ થાય ત્યારે ! પરનો સંયોગ છૂટે તો જ સમતા આવે એમ નહિ, પણ પર પદાર્થોમાં જે મારાપણું બેઠું છે તે જાય અને આત્મામાં મારાપણાની બુદ્ધિ થાય, તો જ ભૂમિકાને અનુરૂપ સમતા આવે ! એ સમતા ક્રમશઃ પર પદાર્થો ઉપરની મમતાનો મૂળમાંથી છેદ કરે અને આત્માના સ્વભાવને આવરનારાં કર્મોનો નાશ કરે. આત્મા સાથે એકમેક બનેલાં કર્મોનો જ્યારે સંપૂર્ણપણે નાશ થાય, એટલે મોક્ષ ધ્યેય સંપૂર્ણપણે સિદ્ધ થાય.

**પર પદાર્થોને તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજી લઇ, ત્યાગભાવનાને કેળવીએ તો મોક્ષ નિયત થઇ જાય.** પર પદાર્થો છૂટે નહિ તેથી મિથ્યાત્વ આવતું નથી, પરંતુ પર પદાર્થોના યોગથી જ જન્મતાં સુખોને સાચાં સુખો માનવાથી મિથ્યાત્વ આવે છે ને ગાઢ બને છે. પર પદાર્થોના યોગથી ઉત્પન્ન થતાં સુખો દુઃખ રૂપ છે અને એથી તે તજવા જેવાં છે—એમ ન લાગે, મોક્ષસાધક ધર્મ જ આચારવા જેવો અને મોક્ષ જ પામવા જેવો છે—એમ ન લાગે, એ જ વસ્તુતઃ મિથ્યાત્વનો પ્રભાવ છે.

અર્થ અને કામની જેટલી ખોટ ખટકે છે, તેટલી મોક્ષ-સાધક ધર્મ આચરવો રહી જાય એ ખોટ ખટકે છે ? આટલી આટલી આરાધના કરવા છતાં, અર્થ અને કામની લાલસા તથા અહંતા અને મમતા કેમ ઘટતી નથી ? અહંતા અને મમતાના નાશને માટે જ દરેક ધર્મક્રિયા કરીએ છીએ, એ ખ્યાલ સતત જાગ્રત રહે છે ?

## [૪] ધર્મરૂચિ ક્યારે પ્રગટે ?

‘ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાની આરાધના, એજ ધર્મ અને એજ ધન. ’—એ મતિ નિરંતર હૃદયમાં સ્થાપન કરવા જેવી છે. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા જેના હૈયામાં વસી, તેના અશુભ દિન ગયા અને શુભ દિન આવ્યા. પૌદ્ગલિક સુખોની લાલસા ડૂબાવનારી છે, એ વસ્તુ હૃદયમાં બરાબર જચી જાય, તો ધર્મની આરાધના સુંદર પ્રકારે થઈ શકે.

**હજારો અધર્મીઓ વચ્ચે પણ એક ધર્મી જો મક્કમ રહે, તો તેની અસર જરૂર થાય. ભવનિવૃત્તિ અને મોક્ષપ્રાપ્તિ માટે જ ધર્મ છે.** ધર્મ તરવા માટે છે, ડૂબવા માટે નથી. મોક્ષદાયક ધર્મના સેવનથી સંસારને આબાદ બનાવવાને ઇચ્છનારાઓ તો, જ્ઞાનિઓની દૃષ્ટિથી બરબાદ થઈ રહ્યા છે.

**સમ્યગ્‌દર્શન**—જે વસ્તુ જેવા સ્વરૂપે છે, તેને તેવા જ સ્વરૂપે માનવી. શ્રી વીતરાગ અને સર્વજ્ઞ ભગવાન દરેક વસ્તુને તેના પ્રત્યેક સ્વરૂપમાં યથાર્થ રૂપે જાણી શકે છે: આ કારણે એ તારકોએ જે કહ્યું છે તે સત્ય છે અને નિઃશંક છે, એમ માનવું એય સમ્યગ્દર્શન છે. વસ્તુને તેના યથાર્થ સ્વરૂપે સ્વીકારવા જોગી આત્મામાં જે લાયકાત પ્રગટે, તેજ સમ્યગ્દર્શન ગુણનું પ્રગટીકરણ છે.

**સમ્યગ્‌જ્ઞાન**—જીવાજીવાદિ તત્ત્વોનો વાસ્તવિક બોધ.

**સમ્યક્‌ચારિત્ર**—શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે સમતાપૂર્વક પર પદાર્થ–શરીર શુદ્ધાંને છોડવા સુધીની આત્મ-રમણતા પૂર્વકની ક્રિયા.

અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્મા અર્થ અને કામમાં બેઠો છે, એટલા માત્રથી જ તે નાલાયક છે એમ નહિ: પણ જો તે અર્થ અને કામને સેવવા યોગ્ય માને, તો તે નાલાયક છે–તે સમ્યગ્દૃષ્ટિ નથી. વ્યવહારથી તે ધર્મી ગણાતો હોય તો પણ, તેને સમ્યગ્દર્શન ગુણનીય પ્રાપ્તિ થઈ નથી. સમ્યગ્દૃષ્ટિપણું એટલે પરમાં પરબુદ્ધિ અને સ્વમાં સ્વબુદ્ધિ. શરીરાદિ પર હોઈ, સમ્યગ્દૃષ્ટિ એની અનુકૂળતા ઇચ્છે તોય તે એના યોગથી મુક્ત બનવાને માટે જ ! એ સિવાયના ધ્યેયથી શરીરાદિની

અનુકૂળતાની ઈચ્છાનેય એ પાપેચ્છા માને. સમ્યગ્દષ્ટિ તો શરીરાદિની પ્રતિકૂળતામાં પણ સમભાવે રાચે. આ બુદ્ધિ સિવાય જો શરીરાદિની અનુકૂળતાનું અર્થિપણું આવે અને એમાં કલ્યાણ કે સુખ લાગે તો સમ્યગ્દષ્ટિપણું ગયું. સમ્યગ્દષ્ટિએ તો શરીરાદિને ઈરાદાપૂર્વક પ્રતિકૂળતામાં મૂકીને પણ નિર્જરા સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આત્માની તકલીફ ટાળનારી શરીરાદિની તકલીફને હરકોઇ પળે વધાવવા તૈયાર રહેવું જોઈએ. એ માટે નક્કી કરવું જોઈએ કે—

(૧) કોઇને પ્રતિકૂળતા આપી અનુકૂળતા પ્રાપ્ત કરવી નહિ.

(૨) કોઈનું ભૂંડું ઇચ્છવું નહિ કે કોઇનું ભૂંડું કરવામાં ભાગ લેવો નહિ. બને તેટલા પ્રમાણમાં હરકોઈનું પણ ભલું કરવામાં જ ભાગ લેવો.

ભવનો ભય કે પાપનો ડર ઉત્પન્ન થયા સિવાય ધર્મરૂચિ ઉત્પન્ન થાય નહિ અને એ વિના સાચું સુખ સધાય નહિ. એટલે સાચું સુખ જોઈતું જ હોય, તો મોક્ષદાયક ધર્મનો આદર કેળવવો જોઈએ અને એ માટે સાચો પાપડર અને ભવનો ભય કેળવવો જોઈએ.

અર્થ અને કામને માટે મોક્ષદાયક ધર્મનો ભોગ દેવાઈ જાય, તો આત્મા કકળે છે? **દુન્યવી સુખવાળાને જોતાં આંખ ઠરે છે, એ શાથી?** આપણું એ વર્તન જોતાં, આપણે શાના ગુલામ છીએ, તે કહેવું પડે તેમ છે?

મોક્ષદાયક ધર્મની આરાધના ઉત્તમ પ્રકારે થઇ શકે, એવી આ સામગ્રી મહાપુણ્યે મળી છે: જો રીતસર ન વર્તો,

ઇંદ્રિયોના ગુલામ બનો અને શક્ય રીતિએ પાપોથી બચવામાં બેદરકાર રહો, તો આવી દુર્લભ સામગ્રીના યોગે પણ આત્માનું બગડે, એ નિશ્ચિત વાત છે. ધર્મક્રિયા કરતાંય આ વાતનો ખ્યાલ કદિ આવે છે? પાપના ભય વિના દેખાવ માટે મોક્ષ-દાયક ધર્મની વાતો, એ તો આડંબર છે. અને તે આત્માને તારવાને બદલે ડૂબાવે છે. પાપના ભય વિના ધર્મરૂચિ કેવી? જેના હૈયામાં પાપનો ડર નથી, તેના હૈયામાં સાચી ધર્મરૂચિ હોય, એ અસંભવિત જ છે.

## [૫] આલંબન.

જેવો આરીસો તેવું મુખદર્શન. મુખ ઉપરનો ડાઘ સારો, પણ આરીસાનો ડાઘ ખોટો. આરીસામાં ડાઘ હોય તો મુખ ઉપર ડાઘ ન હોય તો પણ દેખાય અને ડાઘને દૂર કરવા મુખ ઉપર ખણીએ તો ચામડી લાલ થાય, બળતરા બળે, લોહી નીકળે અને ડાઘ ન હોય ત્યાં ડાઘ થાય, માટે આરીસો શુદ્ધ જોઇએ. શ્રી વીતરાગ પરમાત્મા, એ શુદ્ધ આલંબન કે આરીસો છે. આ આલંબનને લક્ષ્યમાં રાખીને, એ તારકની આજ્ઞાને અનુસરવાનો પ્રયત્ન કરીએ, તો આત્મામાં આવેલી મલિનતા દૂર થાય અને તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટે. **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः।** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર–એ મોક્ષમાર્ગ છે. આ ત્રિપુટિ દ્વારાએ જ મોક્ષ સાધ્ય છે.

## [૬] મોક્ષ માટે સાધન-વિચાર.

**સાધ્ય**—(ધ્યેયનો વિચાર)-મોક્ષ.

**સાધન**—મોક્ષદાયક ધર્મની આરાધના.

મોક્ષદાયક ધર્મની આરાધના, પરના યોગથી જન્મતાં નાશવંત અને દુ:ખના જ કારણભૂત ક્ષણિક સુખોની પ્રાપ્તિ માટે નહિ કરતાં, એક માત્ર મોક્ષની જ પ્રાપ્તિ માટે કરવાની ખાસ જરૂર છે. **પરલોકને સુધારવાની ચિંતામાં આ લોકની આબાદીને પણ ભૂલી જવી જોઈએ.** મોક્ષની ઇચ્છાવાળાએ નીચેની બાબતોનો વિચાર કરવો જોઈએ.

(૧) ધ્યેયનો વિચાર અને અભ્યાસ.

(૨) શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા.

(૧) સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય-આ પાંચ ઇન્દ્રિયો છે: એ પાંચના અનુક્રમે પાંચ વિષયો છે: સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ : આ પાંચેય વિષયો પ્રતિનો વિરાગ, તે વિષયવિરાગ.

(૨) ક્રોધ, માન, માયા અને લોભ-એ ચાર કષાયો છે : એનો જે ત્યાગ, તે કષાયત્યાગ. રાગ-દ્વેષ એય કષાયના જ પ્રકાર છે.

(૩) **આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોનો જે અનુરાગ, તે ગુણાનુરાગ.**

(૪) **શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલી મોક્ષસાધક ક્રિયાઓમાં અપ્રમત્તતા.**

(૩) અનુષ્ઠાનની શુદ્ધિ.

(૧) અહંતા–મમતાનો ત્યાગ.

(૨) સમતાનો સ્વીકાર.

(૪) ભવભીરૂતા કે પાપભીરૂતા.

(૫) સુવિવેક.

(૬) હેતુની શુદ્ધિ.

(૭) વીતરાગતા.

(૮) પરિણામદર્શિતા.

( પરિણામે હાનિકર શીઘ્ર પરિણામનો ત્યાગ અને પરિણામે હિતકર એવા દીર્ઘ પરિણામનોય સ્વીકાર.)

(૯) આત્મનિરીક્ષણ.

(૧૦) પશ્ચાત્તાપ.

(૧) ધ્યેયનો વિચાર એટલે એક માત્ર મોક્ષનો જ બુદ્ધિથી નિશ્ચય. મનમાં મોક્ષની જ લગની લાગવી, મોક્ષદાયક ધર્મની આરાધનાથી મોક્ષને જ મેળવવાની આકાંક્ષા જન્મવી અને મોક્ષદાયક ધર્મ કે મોક્ષનો જ એક માત્ર આશ્રય કરવો.

(૨) શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા એટલે એ તારકો-એ ફરમાવેલા ધર્મની રૂચિ. એ ધર્મની આરાધનાની કસોટી,–વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને આત્મસ્વભાવને પ્રગટાવનારી ક્રિયાઓમાં અપ્રમત્તતા દ્વારા થઇ શકે છે. રાગ, દ્વેષ તથા અજ્ઞાનનો ત્યાગ કરાવી, સ્વ અને પરનો ભેદ સમજાવે અને પરિણામે મોક્ષને પમાડે તે ધર્મ.

(૩) અનુષ્ઠાનની શુદ્ધિ સમતા વિના થાય નહિ. જ્યાં સુધી પર વસ્તુની મમતાનો ત્યાગ થયો નથી અથવા પર વસ્તુની મમતા છોડવા જેવી લાગી નથી, ત્યાં સુધી સમતા આવે નહિ અને રૂચે પણ નહિ. અર્થાત્–સમતાની રૂચિ અને પર વસ્તુની મમતાની અરૂચિ, એ અનુષ્ઠાનની શુદ્ધિનું મુખ્ય કારણ છે.

(૪) જ્યાં સુધી મનુષ્યને અનંતાં જન્મ–મરણ આદિનો ડર લાગે નહિ, ત્યાં સુધી ભવભીરૂતા કે પાપભીરૂતા આવે નહિ અને કદાચ આવે તો પણ ટકે નહિ. ભવભીરૂતા, એજ મનુષ્યજીવનની સાર્થકતા સાધવા માટે પ્રથમ પગથીયું છે અને મોક્ષપ્રાપ્તિનું સાધન છે. ભવભીરૂતા આવે, એટલે અર્થ અને કામની પ્રાપ્તિમાં આચરાતી અનીતિ, પાપ વિગેરે ડંખે. એને છોડવાનો પ્રયત્ન થાય અને છૂટે. આમ અર્થ અને કામ વિષ જેવા લાગે, તો ઈંદ્રિયોની આધીનતા છૂટે અને સંયમ આવે. તેથી કષાયત્યાગ થાય, ગુણાનુરાગ પ્રગટે અને મોક્ષસાધક સત્ક્રિયાઓમાં અપ્રમત્તભાવ આવે. પર પદાર્થોની મમતા જાય અને સમતા આવે, તો જ આરાધના શુદ્ધ બને. સમતાના યોગે મોક્ષદાયક ધર્મ ફળે અને પરંપરાએ મોક્ષ પણ પ્રાપ્ત થાય.

(૫) મોક્ષ જ ધ્યેય હોય, તો સુવિવેક ન પ્રગટયો હોય તો પ્રગટે અને પ્રગટયો હોય તો સુવિશુદ્ધ બન્યે જાય. સુવિવેકના યોગે ક્રિયા પણ શુદ્ધ થાય. માત્ર ક્રિયાને જ મહત્ત્વ આપનારમાં જો સુવિવેકનું ધ્યેય ન હોય અને સાંસારિક ધ્યેય હોય, તો મોક્ષધ્યેય નિશ્ચત ન બને અને તેથી ક્રિયા પાપનો બંધ કરાવનારી નિવડે. ક્રિયાની શુદ્ધિ માટે સુનિશ્ચિત ધ્યેયની

પણ અત્યંત આવશ્યકતા છે : કારણ કે–ક્રિયાનો પ્રાણ શુભ ધ્યેય કે આશય જ છે. શુભ ધ્યેય વિનાની અગર શુભ ધ્યેયને પમાડનારી ક્રિયા સિવાયની ક્રિયા, પ્રાણ વિનાના શરીર જેવી છે. સામાન્ય રીતે લોકો ક્રિયામાં જોડાઈ શકે છે, પરંતુ ધ્યેયમાં દૃઢ થવું તે સુવિવેક પ્રગટ્યા વિના અશક્ય છે અને સુવિવેક સત્સંગના યોગે પણ પ્રગટે છે તથા વિકસે છે, માટે ક્રિયા કરનારે સત્સંગ દ્વારા સુવિવેક પ્રગટાવી, મોક્ષ ધ્યેયમાં દૃઢ થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૬) ઉત્તમ ક્રિયાની સાથે હેતુ પણ ઉત્તમ જ જોઇએ : કારણ કે–ઉત્તમ ક્રિયા અને પાપી મનોવૃત્તિ, એવો યોગ પણ અનર્થકારી છે. શુભ મનોભાવ–એ ધર્મનો પ્રાણ છે, માટે ભાવશુદ્ધિ તરફ ખાસ લક્ષ્ય આપવું જોઇએ. ભાવશુદ્ધિ માટે ઇંદ્રિયસંયમ, મનઃસંયમ અને બુદ્ધિનું સમત્વ પ્રાપ્ત કરવું જોઈએ. ભાવશુદ્ધિ વિના મોક્ષદાયક ધર્મનું આચરણ વાસ્તવિક રૂપમાં થવું–એ શક્ય જ નથી, માટે હરેક ક્રિયામાં હેતુની શુદ્ધિ કરવા ભાવમંગળ તરફ લક્ષ્ય આપવું.

(૭) એક આત્મા સિવાયની બીજી કોઈ પણ વસ્તુમાં આત્યંતિક ઉદાસીનતા, તે વૈરાગ્ય કે વીતરાગતા. વૈરાગ્ય આવતાં પરરમણતાથી મૂકાઈ આત્મરમણતામાં સુદૃઢ થવું સુગમ થઇ પડે છે, માટે વૈરાગ્ય તરફ ખાસ લક્ષ્ય આપવું જોઈએ.

(૮) મોક્ષદાયક ધર્મથી તાત્કાલિક લાભ તરીકે દેવાદિક સુખ–વૈભવ અવશ્ય મળે છે, પરંતુ તે તાત્કાલિક લાભની ઇચ્છાથી પરિણામે નુકશાન થાય છે. મોક્ષના ધ્યેય વિનાના મનુષ્યો ધર્માચરણમાં કલ્યાણ સમજે છે, પરંતુ વાસ્તવિક

કલ્યાણ શામાં છે–તે તેઓ જાણતા નથી. ધર્માચરણથી તેઓ માનુષી કે દેવતાઈ સુખો ઇચ્છે છે અને માનુષી કે દેવતાઈ સુખો ભોગવી અંતે અધોગતિને પામે છે. આમ દીર્ઘપરિણામદર્શિ-તા વિના ધર્માચરણથી તરવાને બદલે ડૂબે છે, માટે દીર્ઘપરિ-ણામદર્શી બનવાની પણ ખાસ જરૂર છે. આ ઉપરાન્ત તેઓ આત્માની શાન્તિ રૂપ તાત્કાલિક પરિણામના પણ ભોક્તા બની શકતા નથી: માટે અન્તિમ પરિણામના દર્શી બનવું એય સાધક માટે આવશ્યક છે.

(૯) ધર્માચરણમાં પોતાનો હેતુ કયો છે અને કયો હોવો જોઇએ, તેનો હમેશાં વિચાર કરવો. અન્યના દોષો દોષદૃષ્ટિએ જોવા જ નહિ. પોતાના દોષો જોવાનો સતત્ પ્રયાસ કર્યા કરવો. પોતાના દોષો જોવાથી તે દોષોનો ત્યાગ સુગમ થઈ પડે છે. વળી અન્યના દોષો જોવાના સંયોગોમાં મૂકાઇ ગયા હોઇએ, તો તે વખતે દોષિતની દયા ચિન્તવવા પૂર્વક કર્મની ભયંકર-તાનો વિચાર કરવો, કે જેથી ચિત્ત મલિન ન થાય. જેવું નિમિત્ત જૂએ તેવો આત્મા સ્ફટિક રત્નની જેમ મલિન કિંવા નિર્મળ બને છે: કારણ કે–આપણું મનોબળ યોગીઓની જેમ મલિન વાતાવરણમાં પણ નિર્મળ રહી શકે તેવું કેળવાયેલું નથી, માટે આત્મોન્નતિની ઇચ્છાવાળાએ સારા વાતાવરણમાં રહીને, આત્મ-નિરીક્ષણ કરવાની ટેવ પાડી આત્મશુદ્ધિ કરવી જોઈએ.

(૧૦) આત્મશુદ્ધિ માટે જેમ આત્મનિરીક્ષણની જરૂર છે, તેવી જ રીતિએ આચરાઈ ગયેલા પાપના પશ્ચાત્તાપની પણ તેટલી જ જરૂર છે. પશ્ચાત્તાપ વિના આત્મનિરીક્ષણ સફળ નિવડી શકતું નથી. આપણે ગમે તેટલો આપણા દોષોનો

વિચાર કરીએ, પરંતુ જ્યાં સુધી તે દોષો તજાતા નથી તેનું હૃદયમાં દુઃખ થતું નથી, ત્યાં સુધી આત્મનિરીક્ષણ પણ દોષ ત્યાગવામાં ભાગ્યેજ મદદ રૂપ થઈ શકે છે. માટે આત્મનિરીક્ષણ સાથે પોતાના ન તજી શકાતા દોષોનો પશ્ચાત્તાપ પણ આત્મ-શુદ્ધિ માટે ખાસ જરૂરી છે. દોષના નિવારણ માટે પશ્ચાત્તાપ પૂર્વક ગીતાર્થ ગુરૂમહારાજની પાસે દોષોને યથાર્થ રૂપે પ્રગટ કરીને આલોયણા લેવી, એ પણ જરૂરી છે.

સાધન વિના સાધ્યની પ્રાપ્તિ શકય નથી. મોક્ષદાયક ધર્મ પરિણમાવવા સાધન–વિચાર અને સાધન–શુદ્ધિ કરવામાં આવે, તોજ મોક્ષ પ્રાપ્ત થઈ શકે.

## [૭] અનુષ્ઠાનના આશયસૂચક પાંચ પ્રકારો.

અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ, મોક્ષની સાધના માટે કરણીય તરીકે ફરમાવેલ દેવવંદન, ગુરૂ-ભક્તિ અને આવશ્યક આદિ જે ક્રિયાઓ આદિનું આચરણ, એને **અનુષ્ઠાન** કહેવાય છે. આ અનુષ્ઠાનના આચરનારે સમતાની ઉપાસના કરવી, એય પરમ આવશ્યક છે: કારણ કે–વ્રતાદિના પાલન રૂપ અનુષ્ઠાનોને સમતાપૂર્વક સેવ્યાં હોય, તો જ તે સર્વ દોષોથી રહિત બની શકે છે. સમતા વિના અનુષ્ઠાનના સર્વ દોષોનો પરિહાર અશક્ય છે.

પરમ તારક શ્રી જિનેશ્વરદેવોએ મોક્ષને માટે ફરમાવેલાં અનુષ્ઠાનોની આચરણાને સફલ, નિષ્ફલ અગર નુકશાનકારક બનાવવામાં, તે તે અનુષ્ઠાનોને આચરનારા આત્માઓના

આશય ઉપર ઘણો જ આધાર રહેલો છે. અનુષ્ઠાનને આચરનારા આત્માઓના આશયને અંગે જ્ઞાની પુરૂષોએ અનુષ્ઠાનોને પાંચ પ્રકારે વર્ણવ્યાં છે:—

(૧) વિષાનુષ્ઠાન.

(૨) ગરાનુષ્ઠાન.

(૩) અનનુષ્ઠાન કે અન્યોન્યાનુષ્ઠાન.

(૪) તદ્દહેતુ–અનુષ્ઠાન.

(૫) અમૃતાનુષ્ઠાન.

આશયભેદના કારણે આપવામાં આવેલાં આ પાંચ નામો, તેના ગુણોનાં સૂચક છે. વિષાનુષ્ઠાન આત્માના હિતને વિષની જેમ હણે છે અને અમૃતાનુષ્ઠાન આત્માના હિતને અમૃતની જેમ આબાદ બનાવે છે. ભયંકરમાં ભયંકર પરિણામ નિપજાવનાર વિષાનુષ્ઠાન છે અને ઉત્તમમાં ઉત્તમ પરિણામ નિપજાવનાર અમૃતાનુષ્ઠાન છે. આથી જ, આ પાંચ અનુષ્ઠાનોને બે વિભાગમાં ઉપકારિઓએ વહેંચ્યાં છે:—

(૧) સદનુષ્ઠાન, અને (૨) અસદનુષ્ઠાન.

**સદનુષ્ઠાનમાં**—અમૃતાનુષ્ઠાનનો અને તદ્દહેતુ–અનુષ્ઠાનનો સમાવેશ થાય છે: કારણ કે–આ બે અનુષ્ઠાનો આત્માને, અનુક્રમે તાત્કાલિક અને પરંપરાએ, મુક્તિસુખને પમાડનારાં બને છે.

**અસદનુષ્ઠાનમાં**—વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાન કે અન્યોન્યાનુષ્ઠાનનો સમાવેશ

થાય છે. આમાં પહેલાં બે અનુષ્ઠાનો આત્માને દુર્ગતિ આદિ પમાડનારાં છે અને ત્રીજું અનુષ્ઠાન પણ અકામ-નિર્જરા કરાવનાર હોઇને, જેવું ધ્યેય-સિદ્ધિનું સાધક નિવડવું જોઇએ, તેવું ધ્યેયસિદ્ધિનું સાધક નિવડી શકતું નથી.

આ કારણે, અનુષ્ઠાનોને આચરનારાઓએ આ પાંચ ભેદોને સમજીને, મોક્ષના આશયને જ અવલંબી અનુષ્ઠાનોને આચરનારા બનવું જોઇએ.

**વિષાનુષ્ઠાન**—જ્ઞાનિઓએ મોક્ષને માટે ફરમાવેલી દેવવન્દન, ગુરૂભક્તિ આદિ ક્રિયાઓને આ લોકના ભોગસુખના હેતુથી આચરવી, એ વિષાનુષ્ઠાન છે. વિષ જેમ ખાતાંની સાથે જ ખાનારના પ્રાણોને હરે છે, તેમ વિષાનુષ્ઠાન તરત જ શુભ મનોભાવનો નાશ કરે છે. આ લોકના ભોગસુખની અપેક્ષાએ આચરેલું અનુષ્ઠાન, શુભ મનોભાવનો શીઘ્રતાથી જ ઘાત કરનારૂં હોવાના કારણે, વિષાનુષ્ઠાન કહેવાય છે.

(૨) **ગરાનુષ્ઠાન**—ઉપકારિઓએ મોક્ષને માટે વિહિત કરેલાં અનુષ્ઠાનોને, દેવતાઈ ભોગસુખો પ્રાપ્ત કરવાની ઈચ્છાથી આચરવામાં આવે, તો તે ગરાનુષ્ઠાન કહેવાય છે. ખરાબ પદાર્થોના સંયોગથી ઉત્પન્ન થતા ઝેરને ગર કહેવાય છે. ગર એ એવું વિષ છે, કે જે તેના ભક્ષકનો કાલાન્તરે નાશ કરે છે. એજ રીતિએ ગરાનુષ્ઠાન તેના આચરનારના પુણ્યકર્મનો ભવાન્તરમાં નાશ કરે છે, માટે જ દેવતાઈ ભોગોના આશયથી સેવાતા અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવાય છે.

આ બે અનુષ્ઠાનો, તેના આચરનારને નરક અને તિર્યંચ ગતિમાં જવા આદિ રૂપ વિવિધ અનર્થોને પમાડનાર હોવાથી, તેના નિષેધને માટે જ, અનન્તઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે કે–

'સઘળો જ ધર્મવ્યાપાર, આ લોક કે પરલોક સંબંધી, આશંસાથી રહિતપણે કરવો જોઈએ.'

**(૩) અનનુષ્ઠાન કે અન્યોન્યાનુષ્ઠાન**—સંમૂર્ચ્છિમની જેમ વિમનસ્કપણે અનુષ્ઠાનોનું આચરણ કરવું, તે અનનુષ્ઠાન કે અન્યોન્યાનુષ્ઠાન કહેવાય છે. ઓઘસંજ્ઞાથી થતા અનુષ્ઠાનને અનનુષ્ઠાન કહેવાય છે અને લોકસંજ્ઞાથી થતા અનુષ્ઠાનને અન્યોન્યાનુષ્ઠાન કહેવાય છે. ઓઘસંજ્ઞાવાળો, લોક કયા હેતુથી આ પ્રવૃત્તિ કરે છે–તેનો વિચાર કરતો નથી, શાસ્ત્ર આ અનુષ્ઠાન કેવા પ્રકારે કરવાનું કહે છે–તેનેય જોતો નથી અને ગુરૂનો ઉપદેશ શો છે–એનોય ખ્યાલ કરતો નથી. શૂન્ય મનથી પોતાની ઈચ્છા મુજબ તે આવશ્યકાદિ કરે છે. લોકસંજ્ઞાવાળો, બહુ લોક કરે તે કરવું–એમ માનીને શાસ્ત્રમાર્ગથી નિરપેક્ષપણે વર્તે છે. આમ ગતાનુગતિકપણે અને શાસ્ત્રથી નિરપેક્ષપણે થતું અનુષ્ઠાન, અનનુષ્ઠાન કિંવા અન્યોન્યાનુષ્ઠાન કહેવાય છે. આવું અનુષ્ઠાન, એ મોક્ષમાર્ગનું સેવન નહિ હોવાથી અકરણીય છે.

આ અનુષ્ઠાનથી કાયક્લેશ આદિના કારણે અકામ–નિર્જરા થાય છે અને એથી સાંસારિક સુખોને પમાડનાર પુણ્યનો બંધ થાય છે, પણ મોક્ષની ઈચ્છાવાળાએ તો સકામ–નિર્જરા સાધવા તત્પર બનવું જોઈએ. મોક્ષની ઇચ્છા ન જન્મી હોય તે કારણે આવી રીતિએ અનુષ્ઠાન સેવતાં કવચિત્ લાભ થઇ

જાય, પણ જાણ્યા છતાં આવી રીતિએ જે કરે, તે તો આશાતનાદિના પાપમાં પણ પડે.

(૪) **તદ્હેતુ-અનુષ્ઠાન**—શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલા મોક્ષના ઉપાય ઉપર રાગ પ્રગટવાથી, મોક્ષના હેતુથી માર્ગાનુસારી આત્માઓ જે અનુષ્ઠાનનું આચરણ કરે, તેને તદ્હેતુ-અનુષ્ઠાન કહેવાય છે. સમ્યગ્દર્શન ગુણને નહિ પામેલા, પરન્તુ થોડા જ કાલમાં તે ગુણને પામનારા આત્માઓને પણ, આ તદ્હેતુ-અનુષ્ઠાન હોઇ શકે છે.

(૫) **અમૃતાનુષ્ઠાન**—શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી પદ્ધતિ મુજબ, મોક્ષની તીવ્ર અભિલાષાથી, ચિત્તશુદ્ધિ પૂર્વક જે અનુષ્ઠાન આચરાય, તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે. એકાગ્ર મને, શુદ્ધ ચિત્તે, યથાવિધિ થતી મોક્ષસાધક ક્રિયાનો જ અમૃતાનુષ્ઠાનમાં સમાવેશ થાય છે.

આ લોકના ચક્રવર્તિપણાને પણ વિષ તુલ્ય માને અને ઇંદ્રના ઇંદ્રાસનને તેમજ દેવાંગનાઓના ભોગોને પણ ગરલ-ઝેર તુલ્ય સમજી, માનુષી કે દેવતાઇ સુખોની ઇચ્છા વિના, માત્ર મોક્ષની જ અભિલાષાથી શ્રી જિનભાષિત મોક્ષસાધક ક્રિયાઓ કરવામાં આવે, તો જ તે તદ્હેતુ-અનુષ્ઠાન કે અમૃ-તાનુષ્ઠાન સંજ્ઞાને પામી શકે છે. ક્રિયા મોક્ષસાધક હોવાના કારણે અમૃત રૂપ બની શકે તેવી હોવા છતાં પણ, માત્ર આ લોક કે દેવલોકના ભોગસુખના આશયથી વિષ રૂપ બની જાય છે કે ગર રૂપ બની જાય છે: માટે તેવા આશયને તો દૂર જ કરવો જોઇએ અને મોક્ષની અભિલાષાને તથા શાસ્ત્રને અનુસરવાની વૃત્તિને ખૂબ જ સતેજ બનાવવી જોઈએ.

આપણે કોઈ પણ ક્રિયા કે વ્રતનો આરંભ કરતાં પહેલા, શાંત ચિત્તે ધ્યેયની વિચારણા કરવી જોઇએ.

મનુષ્ય માત્રને કલ્યાણની કામના હોય છે અને કલ્યાણ મોક્ષદાયક ધર્મના સેવન વિના શકય નથી. અજ્ઞાનીઓ પરનાં –માનુષી અને દેવતાઈ–સુખો મેળવવામાં કલ્યાણ માને છે, જ્યારે જ્ઞાનીઓ પરનાં–માનુષી અને દેવતાઇ–સુખોના ત્યાગમાં અને મોક્ષદાયક ધર્મના સેવનથી પ્રાપ્ત થતા આત્મસુખમાં જ કલ્યાણ માને છે.

આપણે ધર્મનાં બાહ્ય સાધનોમાં જેટલું લક્ષ્ય આપીએ છીએ, તેટલું લક્ષ્ય ધર્મનાં આંતરિક સાધનોમાં આપતા નથી. ઉત્તમ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આપણે જેટલું લક્ષ્ય આપીએ છીએ, તેથી કેઈ ગુણું ઓછું લક્ષ્ય પણ સારાસારનો વિચાર કરવામાં, સ્વદોષોનું નિરીક્ષણ કરવામાં અને સ્વદોષોનો પશ્ચાત્તાપ કરવામાં આપતા નથી. તેથી તો ઉત્તમ ધાર્મિક ક્રિયાઓ પણ મોક્ષનું કારણ થવાને બદલે બંધનું કારણ થાય છે. અર્થાત્– સંસારનાશનું કારણ થવાને બદલે સંસારવૃદ્ધિનું કારણ થાય છે. આવી ઉત્તમ ક્રિયાઓ આપણે મોક્ષ માટે કરીએ છીએ–એમ તો લગભગ બધા જ કહીએ છીએ, પરંતુ અંતરમાં તો ધાર્મિક ક્રિયાઓથી સંસાર લીલોછમ બને એમ ઇચ્છીએ છીએ અને પરિણામે નિર્જરાનાં અને પુણ્યાનુબંધી પુણ્યનાં સાધનો પાપાનુબંધી પુણ્યમાં પરિણમે છે. તેથી મોક્ષદાયક ધર્મના અભિલાષી માટે ધ્યેયનો વિચાર, સુવિવેક, આત્મનિરીક્ષણ અને સ્વદોષોનો પશ્ચાત્તાપ આદિ અત્યંત આવશ્યક છે. મોક્ષના ધ્યેયથી કરાતી ક્રિયા એ ઉત્તમ ક્રિયા છે, પણ અર્થ–કામ

તથા અહંતા-મમતાના હેતુથી થતી ઉત્તમ પણ ક્રિયા સંસારમાં રઝળાવનારી છે, માટે ક્રિયાની સાથે તેનો આશય પણ શુદ્ધ જ જોઇએ: કારણ કે-ક્રિયાનો પ્રાણ તે ઉત્તમ આશય જ છે.

જ્ઞાની બનવું સહેલું છે, પણ જ્ઞાનનું રહસ્ય પામવું તે મુશ્કેલ છે: કારણ કે મોક્ષના ધ્યેય વિના અને માનુષી તથા દેવતાઈ સુખો મિથ્યા લાગ્યા વિના જ્ઞાનનું રહસ્ય પામી શકાતું નથી. સારા કહેવડાવવા અને પોતાને સારા મનાવવા ઇચ્છનાર જ્ઞાન પામી શકે, પણ જ્ઞાનના રહસ્યને પામી શકે નહિ, તેથી વાસ્તવિક રીતે તે જ્ઞાન નથી પણ અજ્ઞાન જ છે.

મુક્તિ એ જો સાચું આરોગ્ય છે, તો મોક્ષદાયક ધર્મ એ તેનું ઔષધ છે અને અર્થ, કામ, અહંતા અને મમતા એ કુપથ્ય છે.

## [૮] સંસારનાં સુખો ક્યારે તજાય?

ઘરબાર, કુટુંબપરિવાર, પૈસો-ટકો, લાડી, વાડી, ગાડી, શરીર, મન, ઇંદ્રિયો,-એ બધું આપણું કે આપણે એના?

મોક્ષની ચિંતા જ્યારે આત્મામાં જાગે છે, ત્યારે સાંસારિક સુખોનો રસ ઉડી જાય છે. મોક્ષદાયક ધર્મના આચરણમાં પરનાં-માનુષી અને દેવતાઈ-સુખોને ભૂલી જઈએ, તોજ મોક્ષદાયક ધાર્મિક ક્રિયાઓમાં વાસ્તવિક રસ આવે. ત્યારે જ પર-આત્મા સિવાયના તમામ પદાર્થો-ના ત્યાગમાં અને સ્વ-આત્માના રાગમાં સાચું કલ્યાણ ભાસે.

## [૯] પરના સહવાસમાં ધર્મીની વિચારણા.

પર–આત્મા સિવાયના તમામ પદાર્થો–નો સહવાસ થતાં વિચારો કે–'એ મારૂં નથી, સાથે આવ્યું નથી, સાથે આવવાનું નથી, ઇચ્છાએ કે અનિચ્છાએ એ મૂકવાનું જ છે અને બીજે જવાનું છે. તો બિચારા મૂકીને ગયા–એમ કહેવડાવવા કરતાં, બહાદુર કે–લાત મારીને ગયા–એમ કહેવડાવવું એજ સારૂં છે.'

**પરલોકને માનનારો બીજે જવાની તૈયારી કર્યા સિવાય કેમ રહી શકે? પરલોકને સુધારવાની ઈચ્છા-વાળાએ આ લોકનાં નાશવંત સુખોને ભોગવી લેવાની ઇચ્છાને તજી,** પરલોકને સુધારવાનો એવો પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી વધુ વખત એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં–એમ ભવભ્રમણ કરવાપણું રહે નહિ.

## [૧૦] પરના નુકશાનમાં ધર્મીની વિચારણા.

પર–આત્મા સિવાયના તમામ નાશવંત પદાર્થો–માંથી મમત્વ (મારાપણાની બુદ્ધિ)નો ત્યાગ કરવો અને સ્વભાવમાં રમવું, એજ સાચા સુખનો ઉપાય છે.

મમતાને મારવા મથતા ધર્મીને કોઈ ખબર આપે કે– "ઘર પડી ગયું"–તો એ કહે કે–"મારૂં નહિ હતું." છોકરાના મરણના સમાચાર આવે, તોય વિહ્વલ નહિ બનતાં એ વિચારે કે–"એક દિવસ સૌ કોઈનું મૃત્યુ થવાનું જ છે. છોકરો મારો નહોતો." લક્ષ્મી જાય તોય એ વિચારે કે–"એમાં

આશ્ચર્યનું કારણ નથી. પુણ્ય ક્ષીણ થયે લક્ષ્મી ટકે નહિ." પેટમાં ખાડો પડ્યો હોય અને ખાવાની સામગ્રી ન મળે, તોય એ વિચારે કે–" પાપનો ઉદય."

આવી દશા આવી જાય, તો પાંચ–પચીસ લાખ ઉપાડી જનારને પણ પાયમાલ કરવાની વૃત્તિ ન થાય. ઉલટું એમ થાય કે:–'**પરની સોબત છૂટતી ન હતી, હાથે કરીને છોડતો ન હતો, છોડવાની હિંમત પણ નહિ હતી, તો ભલું થાવ એનું કે–મને પર પૌદગલિક–ઐહિક–પદાર્થોથી છોડાવ્યો!**' કારણકે–પર પદાર્થોને ગમે તેટલા સાચવીએ તો પણ અશુભનો ઉદય આવશે ત્યારે તે રહેવાના નથી, એવો ધર્મી આત્માનો નિશ્ચય હોય છે.

આત્માને સાચી રીતે ઓળખ્યો હોય, તો અવસરે મમતાના ઘરનું ગાંડપણ ન આવે : એટલું જ નહિ, પણ સમતાના ઘરનું ડહાપણ ટકી રહે.

પાપના ઉદયે એવો પણ અવસર આવી લાગે એ સંભવિત છે કે–બાપ સાથે ન રાખે, સ્ત્રી સાથે ન રહે, સંતાન પણ સંઘરે નહિ અને સ્નેહિઓ તિરસ્કારે. તોય એમાંના કોઈ નેય દોષ નહિ દેતાં, માનવું કે–પાપોદય, અશુભોદય, સારૂં થયું કે–અત્યારે અશુભ કર્મો ઉદયમાં આવ્યાં, કે જેથી સમભાવે સહાશે! જે આવ્યાં તે તો ગયાં જ અને એને સમભાવે ભોગવતાં બીજાં પણ ઘણાં કર્મો જાય! **ધર્મીને આ લોકની મુંઝવણ નહિ અને પરલોકની ફીકર નહિ : કારણ કે–** તેને ખાત્રી હોય છે કે–મોક્ષદાયક ધર્મથી મુક્તિ મલ્યા સિવાય રહે નહિ. મુક્તિ ન મળે ત્યાં સુધી એ ઈચ્છે નહિ તોયે

દેવતાઇ અને માનુષી સુખો એનો પીછો છોડે નહિ : છતાં ખૂબી એ કે-જેમ જેમ તેને માનુષી અને દેવતાઈ સુખો મળે, તેમ તેમ એની એ પૌદ્‌ગલિક કે ઐહિક સુખો પ્રત્યે અરૂચિ વધતી જાય. કદાચ પૂર્વકર્મના યોગે કારમી પણ આફત આવે, તો પણ તે મુંઝાય નહિ. આ પુણ્યાનુબંધી પુણ્ય સમજવું, કે જે મોક્ષમાર્ગની સાધનામાં વળાવા રૂપે છે.

## [૧૧] અજ્ઞાની દુઃખથી ડરે અને જ્ઞાની સુખથી ડરે.

અજ્ઞાની પૌદ્‌ગલિક દુઃખથી ડરે, જ્યારે જ્ઞાની પૌદ્‌ગલિક સુખથી ડરે. અજ્ઞાની દુઃખનું કારણ પાપ ન સમજે, તેથી તેનો નાશ કરવા પાપાચરણ કરે. જ્ઞાની દુઃખનું કારણ પાપ સમજે અને તેને સમતાપૂર્વક સહન કરવાથી જ તે જાય એમ સમજી સમભાવે તે સહન કરે. પર-આત્મા સિવાયના તમામ નાશવંત પદાર્થો, શરીર શુદ્ધાં-નાં સુખો પણ આત્મસુખથી વંચિત રાખનારાં હોવાથી, તેનાથી ઉદ્વેગ પામી, તેની ઝંખના તજી, સમ્યગ્‌જ્ઞાની આત્મસુખની જ ઝંખનામાં રમ્યા કરે.

આમ પરનું નુકશાન શીઘ્રપરિણામદર્શી-અજ્ઞાનીઓને નુકશાનકારક લાગે છે, પરંતુ દીર્ઘપરિણામદર્શી-જ્ઞાનીઓને લાભદાયક લાગે છે. ધર્મસત્તાને સ્વીકારતા નથી, માટે તો કર્મસત્તાથી રીબાઈએ છીએ અને રીબાઈશું.

લાભની કસોટી તેના પરિણામથી આંકી શકાય છે, માટે આપણે દીર્ઘપરિણામદર્શી બનવું જોઈએ. અર્થ, કામ, અહંતા અને મમતા તાત્કાલિક લાભદાયક લાગે છે: પરંતુ સમ્યગ્-

જ્ઞાનીઓ કે જે દીર્ઘપરિણામદર્શી છે, તેમને તે અનર્થકારી લાગે છે : કારણ કે–સુવિવેક વગર તેનો સદુપયોગ થવો અસંભવિત છે અને તેથી તેનો ઉપયોગ ભોગમાં જ થાય છે અને ધર્મ થાય તોય પૌદ્‌ગલિક લાલસાપૂર્વક થતો હોઈને, તેના યોગે પુણ્યાનુબંધી પુણ્યને બદલે પાપાનુબંધી પુણ્ય બંધાય છે, કે જે સંસારમાં રખડાવનારૂં છે.

આત્મિક કલ્યાણ એજ જેનું ધ્યેય છે, તેને અર્થ, કામ, અહંતા અને મમતાનું નુકશાન આત્મિક લાભ કરનારૂં લાગે છે : તેથી તે સુવિવેકપૂર્વક સંયમને સેવી મોક્ષસુખ પ્રાપ્ત કરી શકે છે. નાશવંત વસ્તુના લાભમાં પણ આપણે આત્મિક સુખને લક્ષ્યમાં રાખીને જ લાભ યા નુકશાનની ગણત્રી કરવી જોઇએ. દુઃખની નિવૃત્તિ કરવામાં પણ આપણે આત્મિક દુઃખની નિવૃત્તિ તરફ લક્ષ્ય આપવું જોઇએ. કોઈ આપણને છેતરી જાય, તેથી આપણા આત્માનું કાંઇ જ અહિત થતું નથી : કારણ કે–આપણને છેતરી જાય તે આપણો પૂર્વનો પાપોદય, તેથી આત્મા જો મલિન ન બને અને સમભાવે સહી લે, તો આત્માનું કાંઇ જ અહિત થતું નથી. ઉલ્ટું બાંધેલાં પૂર્વકર્મોનો નાશ થાય છે. પણ અન્યને છેતરવાથી તો આપણા આત્માનું અહિત થાય, કારણ કે–છેતરવાનું આત્મમલિનતા કે અશુભ અધ્યવસાય સિવાય હોય જ નહિ, એટલે આત્માનું અહિત થયા વિના રહે જ નહિ.

## [૧૨] સદ્‌ગતિ પ્રાપ્ત કરવી છે કે દુર્ગતિ ?

આપણે મોક્ષની સાધનામાં સહાયક બને તેવી સદ્‌ગતિ પ્રાપ્ત કરવી છે કે સંસારમાં રઝળાવનાર અને દુઃખથી પરિપૂર્ણ

એવી દુર્ગતિ પ્રાપ્ત કરવી છે? જો સદ્દગતિ પ્રાપ્ત કરવી હોય, તો મોક્ષદાયક ધર્મના ભોગે પાપાચરણથી પૌદ્દગલિક સુખો મેળવવાનું સર્વથા છોડવું પડશે : પણ આપણે તો મોક્ષદાયક ધર્મના ભોગે પણ પાપાચરણ સેવીએ છીએ, તેથી સદ્દગતિ તો મળવાની નથી અને દુર્ગતિ મળ્યા સિવાય રહેવાની જ નથી.

## [૧૩] ચિન્તા કોને નહિ?

મોક્ષદાયક ધર્મને જે સમર્પિત થઈ જાય, તેને ચિંતા કરવાપણું રહેતું જ નથી. પછી તો ધર્મને જ ચિંતા. ધર્મ એજ સાધ્ય. બીજું કરવું પડે તોય ન છૂટકે જ. ધર્મ આવ્યો તો બધું જ આવ્યું સમજો. ધર્મનું રક્ષણ કરનારનું તે અવશ્ય જતન કરે છે. ધર્મ, એ સૌથી મોટો અને સર્વોત્તમ રક્ષક છે. **धर्मो रक्षति रक्षितः।**

## [૧૪] ધર્મીનો સંતોષ.

ધર્મી સંસારમાં હોય, અમૂક વસ્તુ વિના ચાલે તેમ ન હોય, છતાં માને કે:—

**" પુણ્ય હશે તોજ મળશે. "**

ધર્મીને વ્યવહારની સાધના કરવી પડતી હોય, તોય તે–

(૧) અમૂક નિયત વખતે જ કરે.

(૨) એમાં પણ અનીતિ આદિનો ત્યાગ કરીને વર્તતાં જે મળે તેમાં સંતોષ માને.

(૩) યોગ્ય પ્રયત્ન છતાં ન મળે તોય ખેદ ન કરે.

પર પદાર્થોની વધુ ચિંતા, એ ધર્મથી પતિત કરનારી છે. માત્ર નિર્વાહજોગું પરિમિત મળી જાય, એટલાથી ધર્મી ગૃહસ્થ સંતોષ માને : કારણ કે–અસંતોષ એ દુઃખનું કારણ છે.

લક્ષ્મી આવે તો "ભાર રૂપ" સમજે અને જાય તો "ઓછી પંચાત" એમ માને. બાકી–'હું આવો ને તું તેવો'–એમ માની દુનિયાના મદમાં છકી જનાર ધર્મમાં ટકી શકે નહિ.

મોક્ષના ધ્યેયવાળો પુણ્યાત્મા પાપને પુણ્ય ન માને અને પાપ કરવું જ પડે તો તે ઓછું કરે, ન છૂટકે જ કરે અને તે પણ કંપતા હૃદયે કરે. તેને આજીવિકા માટેઃ—

(૧) ઉષ્ણ ઘીથી ચોપડેલું ભોજન,

(૨) છિદ્ર વિનાનાં શ્વેત વસ્ત્ર અને–

(૩) પરના નોકરપણાનો અભાવ.

આટલો જ પુરૂષાર્થ કરવાથી વિશેષની જરૂર લાગે નહિ. તેથી તે અલ્પપરિગ્રહી અને અલ્પારંભી થઇ શકશે. આવા થવા માટે ઇચ્છાઓ ઉપર કાબુ મેળવવાની અને જીવનને બને તેટલા વધુ સંયમનમાં મૂકવાની ખાસ આવશ્યકતા છે.

## [૧૫] ધન માટે ભટકવું કેમ પડે છે?

ધર્મધન ખોવાઇ ગયું છે, માટે તો તુચ્છ ધન માટે ભટકવું પડે છે. ધર્મ આવ્યો તો બધું જ આવ્યું સમજો. ધર્મીને લક્ષ્મીને શોધવા જવું ન પડે, પણ લક્ષ્મી એને

શોધતી આવે, પણ તે ક્યારે? **લક્ષ્મીને ઇચ્છયા વિના ધર્મ સેવે તો!** લક્ષ્મી તો જાય તો પણ મારે અને આવે તો પણ મારે. જાય તો ઉંચું જોવા ન દે અને આવે તો નીચું જોવા ન દે. જાય તો શોકનો પાર નહિ અને આવે તો ઉન્માદનો પાર નહિ. ધર્મી એવા શોકથી અને ઉન્માદથી પર બન્યો રહે. ધર્મવાન પુણ્યાત્માને બેય રીતે આનંદ. જાય તો સંયમ સેવે અને આવે તો સદુપયોગ કરે, પણ ભોગનો જ કીડો તો ન જ બને. પુણ્યના યોગે સાહ્યબી મળે અને પુણ્ય હોય ત્યાં સુધી ટકે, પણ સાહ્યબી એ સુખનું કારણ નથી. જડના યોગથી મળતું સુખ નાશવન્ત જ હોય અને એમાં મુંઝાનારની તો દુર્દશા જ થાય.

શ્રીમંતાઈ પણ જેનું પુણ્ય હોય તેને જ મળે અને ટકે. જેનું પુણ્ય ન હોય તે ગમે તેટલી અનીતિ, લુચ્ચાઇ કે બદમાશી કરે, છતાં તેને શ્રીમંતાઇ મળે પણ નહિ અને મળે તો ટકે પણ નહિ: માટે–'અનીતિ, લુચ્ચાઈ કે બદમાશી કરવાથી શ્રીમંતાઇ મળે'–એ માન્યતા ભૂલ ભરેલી છે, અનર્થજનક છે અને એથી કાઢી નાખવા જેવી છે.

દુન્યવી સુખનાં સાધનો મેળવવા માટે તેમજ દુન્યવી રંગરાગ માટેના આજે ચોવીસ કલાકમાં કેટલા પ્રયત્નો થાય છે? આમાંથી ફુરસદ મળે તો ધર્મ, એમ ને? ધર્મ વિપરીત આશયે સેવીએ, તો તે ફળવાને બદલે ફૂટે, તો તેમાં શું નવાઈ? માટે મોક્ષદાયક ધર્મના પૂજક મટી ધનના પૂજક ન બનો. ધન માટે ધર્મ કરનારા પણ ન બનો. કેવળ મોક્ષના જ ઇરાદે ધર્મ સેવો. સાચું ધન સંયમ કે આત્મગુણો છે. અર્થ,

કામ, અહંતા અને મમતા તે આપણાં નહિ. તે ન મૂકાય તો પામરતા, એમ માનો.

લક્ષ્મી, એ ધર્મની દાસી છે. મોક્ષદાયક ધર્મમાં બધું જ આપવાની તાકાત છે, પણ ઐહિક કે દેવતાઇ ભોગ આદિને માટે જ ધર્મ કરશો, તો સંસારમાં રખડયા જ કરશો. **મોક્ષ માટે ધર્મ સેવનારની બીજી બધી ચિંતા ધર્મ કરે છે.** મળેલ લક્ષ્મીનો સદુપયોગ એ ધર્મ છે, પરંતુ ધર્મ કરવા લક્ષ્મી પેદા કરવી એ ધર્મ નથી. કમાવાની ક્રિયા એ પાપ છે. ધર્મ કરવાના હેતુથી લક્ષ્મી મેળવવા પ્રયત્ન કરનાર, લક્ષ્મીની લાલસામાં ફસાતાં, ધર્મને ભૂલી જાય છે. લક્ષ્મી મળ્યા પછી પરિણામ–આત્માની વિચારદશા ફરી પણ જાય અને ધર્મને ધતીંગ કહેતા પણ થઈ જવાય. લક્ષ્મીની લાલસા તીવ્ર બને, એટલે કહે કે–" પાપ ખરૂં ! પણ ચાલે ? " એ આવ્યા પછી વિવિધ ભોગો રસપૂર્વક ભોગવતા પણ થઈ જવાય. ધર્માત્મા લક્ષ્મીવાનની વાત જૂદી છે. અધિકાર પામીને ઉન્મત્ત ન થાય એવા કેટલા ? વિરલ. લક્ષ્મી મળી હોય તો સદુપયોગ કરો, સાચવવાની ભાવનાથી પાછા હઠો. સાચવવાનો ઉદ્યમ એ પાપ છે અને શાસ્ત્રકથન મુજબ સદુપયોગ, એ કાં નિર્જરાનો, કાં પુણ્યાનુબંધી પુણ્યનો ઉપાય છે. પ્રયત્ન અલ્પ છતાં પુણ્યના યોગે હજારો મળે એ વાત જૂદી. એ રીતે પ્રાપ્તિ થઇ જાય તો સદુપયોગ કરાય, પણ પાપભીરૂ આત્માને તો પાપ સેવવાની વાસના જ થવી ન જોઈએ. આત્મધન કે સંયમ માટે ચોવીસ કલાકમાં કેટલા પ્રયત્નો કરો છો, તે વિચારો.

## [૧૬] ઈચ્છા.

ઇચ્છા એ દુઃખ છે અને નિરિચ્છા એ સુખ છે. પૌદ્‌ગલિક ઇચ્છા કરવાથી સારૂં કશું જ થતું નથી અને પાપ બંધાય છે, માટે પૌદ્‌ગલિક ઇચ્છા તો કરવી જ નહિ. દરેકને પોતાની કાર્યવાહી જ ખરાબ યા સારી સ્થિતિમાં મૂકે છે, માટે જે સ્થિતિમાં હો તે સ્થિતિમાં સંતોષથી રહો અને મોક્ષદાયક ધર્મને સેવવા મથો. પૂર્વ અવસ્થાની સ્થિતિનું સ્મરણ કરી, ચાલુ અવસ્થા માટે સંતોષ માની, મોક્ષદાયક ધર્મ સેવો. ભવિષ્યની હાનિકારક ચિંતા કરવા કરતાં, મોક્ષની અભિલાષાથી મોક્ષદાયક ધર્મની ચિંતા કરો, એટલે ભવિષ્ય આપોઆપ જ સુધરશે.

## [૧૭] સાચી સમજ.

આત્મા સિવાયના તમામ પદાર્થોને પર, નાશવંત, પરાધીન–કર્મસત્તાને આધીન, ભવપરંપરાને વધારનારા અને અશાંતિનું કારણ માનવા અને આત્માને જ સ્વ પદાર્થ માનવો, એટલે સાચી સમજ આવી કહેવાય. સાચી સમજ આવી એટલે અડધી બાજી જીત્યા.

પર પદાર્થોને મેળવવાની ઇચ્છા એ પાપેચ્છા છે. તેને નહિ મેળવવાની ઇચ્છા અને મળેલ પદાર્થોનો સદુપયોગ, એજ શાંતિનો રાજમાર્ગ છે. જે કાંઈ ઇન્દ્રિયોને ગમતું લાગ્યું, તે બધું જ મેળવવાની ઇચ્છા દિન–પ્રતિદિન વધતી જાય છે. એ રીતિએ બધું જ મેળવવાની ઇચ્છાથી તો પાપ વધ્યાં. પર

પદાર્થો મેળવવા જેવા લાગે, તો સમજવું કે–હજુ " કાંક " વાંધો છે. એ વાંધો–ખામી ટળે તો જ ધાર્યું સધાય.

પર પદાર્થો મેળવવાની ઇચ્છા, એ જ અધર્મનું મૂળ છે. પર પદાર્થોનો પ્રેમ છે, માટે તો સત્ય સમજાતું નથી. સ્વ ( આત્મા )માં પ્રેમ થયા વિના, અર્થાત્-આત્મદૃષ્ટિ પ્રગટ્યા વિના સાચી સમજ આવવાની નથી અને સાચી સમજ વિના સાચી શાંતિ મળવાની પણ નથી.

પર પદાર્થો ન મળે તો મુંઝાય અને મેળવવાના જ પ્રયત્નોમાં રહે તથા મળે તો ભોગવ્યા સિવાય રહે નહિ, એ ધર્મી નથી. જેની પર પદાર્થો મેળવવાની ભાવના જ નથી અને તે છતાં મળી જાય તો જે ભોગમાં લીન નહિ બનતાં તેનો શક્ય એટલો સદુપયોગ જ સાધે છે, તે ઉંચી કોટિનો ધર્મી છે.

**પરના યોગમાં સુખ માનીને, પરને મેળવવા, ભોગવવા અને સાચવવાની ઈચ્છા, એજ અધર્મ.**

—⬭⬭—

## [૧૮] આટલું તો જોઈએ જ, એ કાઢો !

દુનિયાના પદાર્થોને અંગે–" આટલું તો જોઈએ જ "– એ ભાવના ન રાખતા. અનીતિ આદિને સેવ્યા વિના જ જે મળે તેમાં નિભાવજો. તેને ય તજવા મથજો, પણ તેને મેળવવા કે સાચવવા માટે અનીતિ, પ્રપંચ, પાપ ન આચરતા.

આજે શરીરનો જેટલો પ્રેમ છે, તેટલો આત્માનો નથી. શરીરની જેટલી કાળજી લેવાય છે, તેટલી આત્માની લેવાતી નથી શરીરની ખબર પૂછનાર અનેક, પણ આત્માની ખબર

પૂછનાર પ્રાયઃ કોઈ નહિ. આ શરીરનો મોહ છે, આત્માનો પ્રેમ નથી અને માટે જ સત્ય સમજાતું નથી. શરીર અને આત્મા ભિન્ન છે. આત્મા શાશ્વતો છે, શરીર–ખોખું–નાશવંતું છે: માટે શરીર અને આત્માનું પૃથક્કરણ કરો.

પરના પ્રેમને બદલે સ્વ (આત્મા)નો પ્રેમ કેળવ્યા વિના, સાચી સમજ આવવાની નથી અને ટકવાની નથી. સાચી સમજ વિના શાંતિ કે મોક્ષ મળવાનાં નથી.

## [૧૯] પુણ્યનું જાહેર લીલામ.

આત્મા જ્યાં સ્વ–પરનું ભાન ભૂલે, નજર ફાવે ત્યાં ફેંકે, સદાચાર કે અનાચાર ન જૂએ, ત્યાં પુણ્ય કેવી રીતિએ ટકે? પૂર્વનું બહુ પુણ્ય લાવ્યા હોઇશું, તો કદાચ મરતાં સુધી ભોગસામગ્રી–ઐશ્વર્ય નહિ જાય, પણ પછી શું?–એ વિચારો. 'ભાગ્યશાલી છીએ'–એવા મદમાં ચઢી ભાગ્ય કે પુણ્યનું જાહેર લીલામ કરીશું, તો લાખના બાર હજાર થશે. અરે! પુણ્ય ખપી જશે ત્યારે, એ પણ નહિ રહે અને લાખની રાખ થશે અને મૂર્ખમાં ખપીશું તથા દુર્ગતિએ જઇશું, એ તો જૂદું! આ પાપાનુબંધી પુણ્ય કહેવાય છે, કે જે પુણ્ય ભોગવતાં નવું પાપ બંધાય, માટે પુણ્ય મળ્યું છે તો તેના ઉદય યોગે પ્રાપ્ત થએલી સામગ્રીનો ઉપયોગ કેવળ ભોગમાં જ નહિ કરતાં, શાસ્ત્રકથન મુજબ સદુપયોગ કરો, કે જેથી બંધાય તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય, એટલે કે–જે પુણ્ય ભોગવતાં નવું પુણ્ય બંધાય અને જે પુણ્યનો યોગ નિર્જરાની સાધનામાં સહાયક બની, પરંપરાએ મોક્ષને પણ પમાડે.

પાપથી જે બચે તેની સદ્ગતિ થાય, કે પાપની સામે ધસે તેની? પાપથી સદ્ગતિ મળે જ નહિ. પાપના નાશ માટે શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાનું પાલન કેટલું કર્યું?, ભાવશુદ્ધિ કેટલી કરી?-એ વિગેરે નિરંતર વિચારો.

## [૨૦] વૈરાગ્ય અને તેની સ્થિરતા.

પૌદ્ગલિક સુખસામગ્રી પણ પુણ્યના ઉદયવાળાને જ મળે છે-તેની ના નથી, પણ પૌદ્ગલિક સુખ એ વાસ્તવિક સુખ નથી, માટે પરનાં (પૌદ્ગલિક) સુખો પણ મોક્ષસુખની ઈચ્છાવાળાને વિચારણાને અંતે તો દુઃખ રૂપ જ લાગવાં જોઇએ. એ દુઃખ રૂપ લાગે એટલે એમાંથી રસ ઉડે. એ સામગ્રીની વચ્ચે રહેવા છતાં અને એને ભોગવવા છતાં પણ, એમાં લુખાસ આવે. એમ થાય કે-' ભલે હું પૌદ્ગલિક સુખો ભોગવું, પણ તે સારૂં તો કરતો નથી. આનું પરિણામ દુઃખ જ છે.' આમ કરતાં વૈરાગ્ય વધી જાય અને આવેલો વૈરાગ્ય સુસ્થિર પણ થઈ જાય. અર્થ-કામની પ્રવૃત્તિઓ ન ગમે, તે પ્રવૃત્તિઓ ભવપરંપરાને વધારનારી લાગે, તે વૈરાગ્ય. આત્મસ્વરૂપનું ચિંત્વન થાય તોજ સાચો વૈરાગ્ય આવે. શુદ્ધ સમકિત વિના સાચો વૈરાગ્ય આવે પણ નહિ અને સાચા વૈરાગ્ય વિના ત્યાગ ટકે પણ નહિ. સાચો વૈરાગ્ય જ અંતરની પૌદ્ગલિક વાસનાઓનો અને અહંતા-મમતાનો ત્યાગ કરાવી હૃદયશુદ્ધિ કરે છે. હૃદયશુદ્ધિ વિના ભાવશુદ્ધિ કે સમતા આવી શકતાં નથી. સમતા વિના મોક્ષદાયક ધર્મક્રિયાઓ ઇષ્ટફળદાયી નિવડતી પણ નથી.

## [૨૧] ધાર્યું ક્યારે સધાય ?

પરની સોબતમાં રહેવા છતાં પણ તે તજવા જેવી મનાય અને એ માન્યતા દૃઢ થઇ જાય, તો જ ધાર્યું સધાય. આવા આત્માઓ અર્થ–કામના અભિલાષી નથી, પણ મોક્ષના અભિલાષી છે. આપણે આપણા જીવનને નિયમનમાં (શાસ્ત્ર-કથિત શુદ્ધ વર્ત્તનમાં) મૂકીએ, તો બાહ્ય સામગ્રી મોક્ષ પ્રાપ્ત થતાં સુધી ટકે અને ઉત્તરોત્તર ભોગોનો ત્યાગ અને ઇન્દ્રિયો આદિનો સદુપયોગ કરાવી મોક્ષ સુધી લઇ જાય, માટે અર્થ–કામની પ્રાપ્ત થયેલી સામગ્રીનો આત્મકલ્યાણના જ હેતુથી સદુપયોગ કરવો જોઇએ.

## [૨૨] કયો પુરૂષાર્થ આચરવા જેવો છે ?

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચારે પુરૂષાર્થોમાં પુરૂષાર્થપણું સરખું છતાં, ખેદની વાત છે કે–આત્મા પાપ રૂપ અર્થ–કામમાં રસપૂર્વક અને ભાનભૂલો બનીને પ્રવર્ત્તે છે.

મોક્ષદાયક ધર્મની આરાધનાથી મળે તો બધુંય, પણ શાસ્ત્ર કહે છે કે–એ બધું જ મેળવવાની ભાવનામાં પડ્યા, પૌદ્‌ગલિક એવાં ઐહિક અને પારલૌકિક સુખોની કે ભોગોની કામનામાં પડ્યા, તો એવા ભ્રષ્ટ થશો કે–પત્તો પણ નહિ લાગે. આત્મિક દુઃખના નિવારણમાં સર્વ બાહ્ય દુઃખોનું નિવારણ આપોઆપ થઈ જાય છે. **આત્મિક ઉન્નતિમાં પરની ઉન્નતિ અંતરગત આવી જાય છે, પણ પરની ઉન્નતિમાં આત્મિક ઉન્નતિ નથી.** માટે આત્મિક દુઃખના

નિવારણ અને આત્મિક ઉન્નતિ માટેનો જે પુરૂષાર્થ, એજ ધર્મ. મોક્ષના જ હેતુથી ધર્મને સેવનારો સાચો પુરૂષાર્થી છે. અર્થ, કામ, અહંતા અને મમતામાં રચ્યાપચ્યા રહેનારા સાચા પુરૂષાર્થી નથી : સાચા પુરૂષાર્થી બનવું હોય તો અર્થ, કામ, અહંતા અને મમતાને અનર્થભૂત માનતા બનો.

અર્થ, કામ, અહંતા અને મમતાથી આત્માનો ઉદ્ધાર છે— એમ કોઈ પણ દર્શનકારે કહ્યું નથી. અર્થ, કામ, અહંતા અને મમતા—એ પોતાનાં કે પરનાં ? સાથે આવવાનાં કે અહીં જ રહેવાનાં ? સુખી કરે કે દુઃખી કરે ? સાથે લાવ્યા હતા ? સાથે લઇ જવાના છો ? નહિ. જે પોતાનું નથી, સાથે આવ્યું નથી કે સાથે આવવાનું નથી, તેને માટે બધી શક્તિ ખર્ચવી, એ બુદ્ધિમત્તા છે કે બુદ્ધિહીનતા ? સાત્ત્વિકી વૃત્તિની ઈચ્છા-વાળાએ, આ બરાબર સમજી લેવું જોઇએ. આજે અર્થ, કામ, અહંતા અને મમતા ( હું અને મારૂં ) અને વિષયસેવા સિવાય બીજા વિચાર કે આચારને સ્થાન નથી, માટે તો બધું ભૂલ્યા અને જે ખાસ આચરવા જેવું છે તેજ આચરવાનું રહી ગયું.

અર્થ અને કામ, એ આત્માને આબાદ કરનાર પુરૂષાર્થ નથી, પરંતુ બરબાદ કરનાર છે. અર્થ અને કામની તાલાવે-લીથી આત્મા ઉન્નત થતો નથી, પરંતુ પતન પામે છે. અર્થ અને કામની વાસનાના યોગે તો વર્ત્તમાનમાં દુઃખ સાંપડ્યું છે અને ભવિષ્યમાં નિયમા દુઃખ થનાર છે, તો એ વાસના-માંથી ક્યારે છૂટાય એ કદિ વિચાર્યું છે ?

દુન્યવી પદાર્થો મેળવવાની ઇચ્છા, એ તો પાપેચ્છા છે : અને મલ્યા પછીથી તો એ એથી પણ વધારે પાપ કરાવે છે.

**મુક્તિના ઈરાદે ધર્મ સેવાય, તો લક્ષ્મી પણ એવી મળે કે–તેનો સદુપયોગ જ થાય; પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળેલી તે લક્ષ્મી, આત્માને ભાનભૂલો બનાવીને ભોગમાં ન જોડે.** દુનિયામાં સુખી થવા ઈચ્છતા હો તો પણ લાડી, વાડી ને ગાડીના ન થશો; તેના યોગે શેઠ કહેવાશો, પણ તેમાં વસ્તુતઃ સુખ તો નથી જ.

અર્થ અને કામનો પુરૂષાર્થ પાપનો અનુબંધ બંધાવી નરકે લઇ જાય છે, જ્યારે ધર્મ અને મોક્ષનો પુરૂષાર્થ પાપના અનુબંધને રોકી નિર્જરા સધાવે છે અગર પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ બંધાવી ઉત્તરોત્તર મોક્ષે લઈ જાય છે: માટે અર્થ અને કામની પ્રવૃત્તિમાં ધર્મ નથી, પણ પુણ્યના યોગે પ્રાપ્ત થયેલ અર્થ અને કામનો સદુપયોગ એ ધર્મ છે. આ ઉપરથી સાબીત થાય છે કે–જે પુરૂષાર્થ પરિણામે દુર્ગતિમાં લઈ જાય તે પુરૂષાર્થ જ નથી અને જે પુરૂષાર્થ મોક્ષની નજીક લઇ જાય તે જ વાસ્તવિક રીતે સાચો પુરૂષાર્થ છે. મોક્ષની નજીક લઇ જવાની તાકાત તો એક માત્ર સદ્ધર્મ રૂપ પુરૂષાર્થમાં જ છે.

પરમાર્થ દૃષ્ટિથી અર્થ અને કામ અર્થભૂત તો નથી જ, પરંતુ અનર્થભૂત છે: કારણ કે–તે મોક્ષનું કારણ નથી, પણ સંસારનું કારણ છે. સંસાર અનંત દુઃખવાળો છે, તેથી તેનું કારણ પણ અનર્થભૂત જ ગણાય. બાકી રહ્યા બે પુરૂષાર્થો–ધર્મ અને મોક્ષ. તેમાં પણ મોક્ષ પુરૂષાર્થ જ અર્થભૂત છે. મોક્ષ મેળવવા માટે આરાધના તો ધર્મની જ કરવાની છે, એટલે મોક્ષસાધક ધર્મ એ પણ એ દૃષ્ટિએ અર્થભૂત પુરૂષાર્થ છે. ધર્મ એ સાધન (કારણ) છે અને મોક્ષ એ સાધ્ય (કાર્ય)

છે. કારણુ દ્વારા કાર્ય નિપજાવવાનું છે, માટે કારણુ અર્થાત્ સાધન શુદ્ધ રીતે સેવાય તોજ પરંપરાએ કાર્ય અર્થાત્ સાધ્ય (મોક્ષ) પામી શકય: તેથી અનંત મોક્ષસુખને આપનાર કારણુ પણુ અર્થભૂત જ ગણુાય: પણુ જે ધર્મ પરંપરાએ મોક્ષ રૂપ અનંત સુખનું કારણુ ન બને, તે ધર્મ પણુ અર્થભૂત પુરૂષાર્થની કોટિમાં ગણુાતો જ નથી. **મોક્ષદાયક ધર્મના સેવનના યોગે પર વસ્તુઓને મેળવવાની લાલસા ઉપર કાપ મૂકાવો જોઇએ.** તેથી દૃષ્ટિને અર્થ-કામ તરફ નહિ રાખતાં, મોક્ષ તરફ જ રાખવી જોઇએ. આત્મા અનંત સંસારના કારણુ રૂપ અર્થ અને કામમાં અનાદિ કાળથી લીન છે. તેને વીરતાપૂર્વક તે તરફથી હઠાવી, મોક્ષના કારણુભૂત શ્રી જિનભાષિત ધર્મની આરાધનામાં એકતાન બનાવવો જોઇએ. **દુઃખ માત્રથી મૂકાવાનો અને અનંત સુખને પામવાનો આ જ એક માત્ર ઉપાય છે.** પાંગળો આદમી પણુ જો સાચા માર્ગનો આશ્રિત બન્યો હોય છે, તો તે ક્રમે કરીને ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે: તેમ ભારેકર્મી આત્મા પણુ, જો મોક્ષદાયક ધર્મનો આશ્રિત બની જાય, તો ક્રમે કરીને મોક્ષને પામે છે: માટે મોક્ષને સાધનારો જ સાચો પુરૂષાર્થી છે. આત્મરમણુતા અર્થભૂત છે તથા પરરમણુતા અનર્થભૂત છે, તે જ રીતે મોક્ષ તથા મોક્ષના કારણુભૂત ધર્મ પુરૂષાર્થ અર્થભૂત છે અને અર્થ-કામ પુરૂષાર્થ અનર્થભૂત છે.

## [૨૩] આજની હવા.

આજે દુનિયાની હવા એવી છે કે-ધર્મવૃત્તિને દબાઈ જતાં અને પાપવૃત્તિને ઉત્તેજિત થતાં વાર લાગે તેમ નથી,

માટે પાપભીરૂ અને મોક્ષદાયક ધર્મને આચરવાની ઇચ્છાવાળા આત્માએ રોજ વિચાર કરવો જોઇએ કે-'આત્મા કયી દિશાએ ઘસડાય છે? ધર્મ તરફ ઘસડાય છે કે પાપ તરફ?' ધર્મ-ક્રિયાઓ કરવા છતાં પણ, અર્થ અને કામની લાલસા સિદ્ધ કરવાનો આશય રહેતો હોય, તો માનો કે-આત્મા પાપ તરફ ઘસડાઈ રહ્યો છે: અને મોક્ષની અભિલાષા તીવ્ર બન્યે જતી હોય, તો માનો કે-આત્મા ધર્મ તરફ ઘસડાઈ રહ્યો છે. આજે અર્થ-કામ પ્રત્યેનું જબ્બર ખેંચાણ છે અને એણે જ અહંતા તથા મમતાને વધારી દીધી છે. 'હું'પણાએ અને 'મારા'-પણાએ આજના જીવનને કલહમય બનાવી દીધું છે. અર્થ-કામની લાલસા હોય, ત્યાં કલહનો સર્વથા અભાવ હોય અને સાચી શાન્તિ હોય, એ અશકય છે. આજની હવા અર્થ અને કામની વાસનાને ઉત્તેજનારી છે અને એથી જીવનકલહને પણ વધારનારી જ છે.

## [૨૪] પરહિત (પરોપકાર) કયારે થાય?

અર્થ અને કામને હેય માનવા દ્વારા તેને મેળવવાની લાલસા છૂટયા સિવાય, વાસ્તવિક કોટિનું પરહિત થઈ શકતું નથી. અર્થ-કામ મેળવવાની લાલસા, અર્થ-કામને અનર્થભૂત અને મોક્ષને જ એક અર્થભૂત માન્યા વિના છૂટે એ શકય નથી.

સ્વ-પરના ભેદમય સ્વરૂપથી અજાણ આત્મા, બીજાનું ભલું કરવા ઈચ્છે તોય કયી રીતિએ કરી શકે? એ આત્મા દ્રવ્ય-પરોપકાર કરી શકે, પણ ભાવ-પરોપકાર કરી શકે નહિ અને સાચું પરહિત તો સામા આત્માને દુઃખના કારણથી

છોડાવવામાં છે. અમૂક દુઃખ ટાળવું એ પરોપકાર છે, પણ વર્તમાન દુઃખ ટાળવા સાથે તેને દુઃખના કારણુનો નાશ સાધવામાં ઉદ્યત બનાવવો, એ ઉત્કટ કોટિનો પરોપકાર છે. સાચો જ્ઞાની એ પરોપકાર સહેલાઈથી સાધી શકે છે: પોતાના આત્માની દયા વિનાનો બીજાની સાચી દયા ચિન્તવી શકતો નથી, એટલે પરહિતસાધક બનવા ઇચ્છનારે પ્રથમ સ્વહિત-સાધક બનવું જોઇએ. સ્વહિતસાધક નિયમા પરહિતસાધક હોય છે, જ્યારે પોતાના આત્માના હિતાહિતને નહિ જાણુનાર તો બહુ બહુ થાય તોય બાહ્ય પરોપકારજ સાધી શકે.

સ્વહિતસાધક બની પરહિતસાધક બનવાને માટે આત્માએ મોક્ષના કારણુભૂત ધર્મની ઉપાસનામાંજ એકતાન બની જવું જોઈએ. એથી જીવનની જરૂરીઆતો ઘટે, ભોગ વૃત્તિ ઘટે અને પ્રાપ્ત સામગ્રીનો સદુપયોગ થાય.

## [૨૫] દાનની ભાવના.

લક્ષ્મી હાથના મેલ જેવી છે. એ મારા મોંઢાને નથી મળી, પણ મારા પુણ્યને પ્રતાપે મળી છે. પુણ્ય પુરૂં થયા બાદ તેને રાખવા ઈચ્છીએ તો પણ તે રહેવાની નથી એવી નાશવંત, પરાધીન અને ભવપરંપરાને વધારનારી વસ્તુમાં મુંઝાવું અને તેના ભોગમાં રક્ત બનવું, એ આત્માના ઘરનું ડહાપણ નથી પણ મોહના ઘરનું ગાંડપણ છે. એ બધું આત્માથી પર છે, છતાં પરને મૂકીને માત્ર સ્વ (આત્મા)ની સાધના કરવાની ઈચ્છા કેમ થતી નથી? પુણ્યક્ષયે તે ચાલી જાય અથવા તેને મૂકીને જવું પડે, તે પહેલાં બને એટલી પરની–પૌદ્ગલિક

વસ્તુની-મૂર્છાથી મૂકાવા, બદલાની આશા વિના, માત્ર આત્મ-કલ્યાણના જ હેતુથી રાતી પાઈ પણ આપશો, તો તે ઉગી નીકળશે. જેને લક્ષ્મી માત્ર તિજોરીમાં મૂકવી ગમે તે ઉદાર નહિ, પણ આત્મકલ્યાણ માટે આપવી ગમે તે ઉદાર. તે લક્ષ્મીને લેતાં ન નાચે પણ દેતાં નાચે. ઉદારતા વિના લક્ષ્મીનો સદુપયોગ ન સંભવે. ' લક્ષ્મી પ્રાપ્ત કરવા જેવી નથી '–તેમ સમજાય તો જ ઉદારતા આવે. મોક્ષદાયક ધર્મ જો અંતરમાં પરિણમે, તો જ આ દશા આવે. આપણામાં ઉદારતા કેમ આવતી નથી ? પર વસ્તુની આસક્તિનો આપણે ત્યાગ કર્યો નથી માટે. અર્થાત્–ઉદારતા કેળવવા બાહ્ય સંજોગોના ત્યાગ કરતાં, અહંતા–મમતાના આંતરિક ત્યાગની વધારે જરૂર છે. મમતા જાય તોજ સમતા આવે અને તોજ ધર્મી બનાય. આ દશા પ્રાપ્ત થયા સિવાય સાચી ઉદારતા આવે નહિ. ઉદારતા આવે તો પર વસ્તુઓ અસાર લાગે અને તોજ તેનો સદુ-પયોગ થઈ શકે. પર વસ્તુઓનો સદુપયોગ, એજ મોક્ષ-પ્રાપ્તિનો ઉપાય (સાધન) છે, પણ ઉદારતા વિના સદુપયોગ થઈ શકે નહિ અને સદુપયોગ વિના મોક્ષ પણ મળી શકે નહિ. સાચી ઉદારતા પર વસ્તુના સંગ્રહમાં નથી, પણ આત્મકલ્યાણ માટે બદલાની આશા સિવાય, પર વસ્તુની મૂર્છાથી મૂકાવાના હેતુથી આપવામાં છે.

## [૨૬] દાન દેતી વખતે કરવી જોઇતી વિચારણા.

દાન દેવા ઇચ્છનાર ઉદાર આત્મા માગવા આવનારને કહે કે–" તમે લઈને મારૂં ભલું કરનાર છો, માટે રોજ લઇ

જજો, ખાજો પણ પાપ ન કરજો, જેથી ભીખનું દુઃખ જાય: અને મોક્ષદાયક ધર્મ સેવજો, જેથી સાચું મોક્ષસુખ પ્રાપ્ત થાય. તમે રોજ આવજો, કોઇનું પણ ભલું કર્યે આપણું ભલું જ થાય છે.” આવી રીતિએ પાપનાં ફલોનો અને ધર્મના પ્રતાપનો ખ્યાલ આપવા પૂર્વક, પોતાની મૂર્ચ્છા ઉતારવા આદિની ભાવનાથી જો દાન દેવાય, તો એ દાનની કેવી અસર થાય? અને ટુકડો ફેંકે, તિરસ્કાર કરે, ગાળો દે તો કયી અસર થાય? દાન સુપ્રકારે અપાય, તો દાન દેનાર અને દાન લેનાર બન્નેને ઉપકારક નિવડે. આપવાથી ખૂટતું નથી, પણ ભોગવવાથી તો જરૂર ખૂટે છે.

આપવાની વૃત્તિ થવી, એ ધર્મનો જ પ્રતાપ છે. લેનાર લઇને આપણું ભલું કરનારા છે એટલે ઉપકારી છે. લેતાં કોઈને શિખવવું પડે તેમ નથી, પણ આપતાં સર્વને શિખવવું પડે તેમ છે.

અનુકંપાબુદ્ધિ તો સર્વ પ્રાણિગણ પ્રત્યે રાખવી જોઇએ. અનુકંપાનો કયાંય નિષેધ નથી, પણ પાત્ર–અપાત્ર પ્રત્યે વિવેક સાચવવો આવશ્યક છે અનુકંપાદાનમાં પાત્રાપાત્રની વિચારણાને અવકાશ નથી, પણ ભક્તિથી દેવું હોય તો અપાત્ર કે કુપાત્રનો ત્યાગ કરી પાત્રને જ દેવાય. સર્વવિરતિધર, દેશવિરતિધર અને અવિરત સમ્યગ્દૃષ્ટિ,–એ અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને જઘન્ય પાત્ર છે. એ સિવાયના કાં અપાત્ર છે, કાં કુપાત્ર છે. અપાત્ર–કુપાત્રની ભક્તિ હોય નહિ. દીન–હીનની અનુકંપા હોય. એનામાં ગુણ ન હોય, પણ અનુકંપાદાનમાં ગુણ જોવાના નથી. દીન–હીનને અનુકંપાશીલ બનીને જરૂર

આપવું. થોડું હોય તો થોડું આપવું : પણ તેમ નહિ કરતાં બારણાં બંધ કરી દેવાં, ગાળો દેવી કે તેમનો તિરસ્કાર કરવો, એ કર્મબંધનું કારણ છે. ઉપર પ્રમાણે સૌ વર્ત્તે તો ભિખારી પણ સુધરી જાય અને ભિખારીઓમાં પણ જે યોગ્ય હોય તે ભિખારી મટી ધર્મી બની જાય.

## [૨૭] ધર્મ પામવાને નાલાયક કોણ?

દુ:ખી આંખ સામે હોય, તેના દુ:ખને દૂર કરવાની તાકાત હોય, તે છતાં પણ જે પોતાની તાકાતને ગોપવી દુ:ખીની ઉપેક્ષા કરે, તે ધર્મ પામવાને માટે નાલાયક છે. એવા આત્મ ઓ ધર્મમાં જોડાય, તો ધર્મમાં ટકે પણ નહિ. **અર્થ, કામ, અહંતા અને મમતા માટે જ ધર્મને સાધન બનાવી દેનારા આત્માઓ, મોક્ષદાયક ધર્મની આરાધના કરવાને માટે નાલાયક છે.** દુ:ખી પ્રત્યે દયા, દુ:ખીના દુ:ખને દૂર કરવાની ઇચ્છા, એ પણ મોક્ષમાર્ગની જ આરાધના છે; પણ દ્રવ્ય–દયા કરતાં ભાવ–દયા ન ઘવાય એ પણ ખાસ લક્ષ્યમાં રાખવું જોઇએ.

## [૨૮] અપકારી કે નિંદક પ્રતિની વૃત્તિ.

**નિંદાથી આત્મા મલિન થાય છે. નિંદા જ કરવી હોય તો પોતાના દોષોની જ કરવી, કે જેથી આત્મા શુદ્ધ અને એથી ઉન્નત બને. આત્માનો વિચાર કરવો, પોતાના દોષોનું નિરીક્ષણ કરવું, એ બધું તો પ્રાય: નષ્ટ થઈ ગયું છે. આપણા**

દુશ્મન ગણાતાની પણ નિંદા કરવા આવનારને આત્મકલ્યાણની ઇચ્છાવાળાએ કહેવું જોઇએ કે:–“ એ મારો દુશ્મન છે એમ જાણીને એમની મારી પાસે નિંદા કરો છો, પણ હું તો દુશ્મનાવટને કાઢવા ઈચ્છું છું. તેથી મહેરબાની કરીને મારી પાસે એમની નિંદા કરશો નહિ.” જે દુશ્મનની પણ નિંદા સાંભળવામાં રાજી ન હોય, તે બીજાની નિંદા કરે ખરો ? નહિ જ.

લૂંટારાને લેણું લેવાની ચિંતા, જ્યારે શાહુકારને લેણું પતે કે ન પતે પણ દેવું આપવાની ચિંતા. તમારે શાહુકાર બનવું છે કે લૂંટારા ? પુણ્યના ઉદયે મળેલી સામગ્રીનો સદુપયોગ નહિ સાધતાં, તેને ભોગવવામાં જે લીન બને અને ભોગસામગ્રી મેળવવાને માટે જે ગમે તેવાં પાપો આચરતાંય કંપે નહિ, તે લૂંટારા જેવા છે. પોતાના પૂર્વકાલીન પુણ્યને જ તેઓ લૂંટીને પાયમાલ થઈ રહ્યા છે. ધર્મી પોતાના પુણ્યની લૂંટ ન ચલાવે. એ તો એવી રીતિએ વર્તે, કે જેથી નિર્જરા સધાય અને થાય તો શુભ પુણ્યનો જ સંચય થાય.

ધર્મી શું કરે ? એ પારકા દોષો જૂએ નહિ અને પોતાના દોષો જોયા સિવાય રહે નહિ. પારકા દોષો જોવાઇ જાય તોય એ ગંભીરતા ધારણ કરે. પરંતુ આજે તો એથી વિપરીત થઈ રહ્યું છે. પોતાના છતા દોષોની ઉપેક્ષા અને પારકાના અછતા દોષોની નિંદા, આજે ચોમેર ચાલુ છે. નિંદક આપણને જાગ્રત કરી આત્મસુધારણા કરવામાં સહાય કરનાર છે. પરમાર્થથી–તત્ત્વદૃષ્ટિથી વિચારાય, તો અપકારી પણ પૂર્વભવનાં કર્મ ખપાવવામાં આપણને મદદ કરનાર છે.

## [૨૯] ભાવ (હૃદય) શુદ્ધિ.

ભક્તિ એ મુક્તિનું પ્રબળ સાધન છે, પરંતુ ભક્તિ ભાવવાળી તો હોવી જ જોઇએ. માત્ર ભક્તિને ન જૂઓ, પણ ભાવને પણ જૂઓ. તરવું જ હોય તો ભકિત અને ભાવ બન્ને શુદ્ધ જ જોઈએ. સારી એવી ભક્તિ પણ જો ખરાબ ભાવથી કરાય, તો તે વિષ રૂપ નિવડે.

'મુક્તિના ઇરાદા સિવાય કોઇ ભક્તિ કરે જ નહિ'—એ માન્યતા કાઢી નાખવી જોઇએ. મુક્તિમાં જેને વિશ્વાસ ન હોય એ પણ ભક્તિ કરે—એમ પણ બને, બન્યું છે અને બનશે. આથી ભક્તિ સાથે તેના આશયનેય જૂઓ!

દુનિયા પણ 'ભાવ તેવી ભક્તિ' એમ કહે છે. તમે ભક્તિ (ક્રિયા)ના ભૂખ્યા છો કે ભાવના ? ક્રિયા (પ્રવૃત્તિ) થી હૃદયનો ભાવ શ્રેષ્ઠ છે. ઉત્તમ ક્રિયા અને પાપી મનોવૃત્તિ, એવો યોગ અનર્થકારી છે. જેવો આશય તેવું પરિણામ જરૂર આવે જ. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः।** મન એજ મનુષ્યને બંધ અને મોક્ષનું કારણ છે. જો કે—શુદ્ધ મનવાળો શક્ય ધર્મક્રિયાની ઉપેક્ષા કરનારો હોય જ નહિ. શક્ય એવી ધર્મક્રિયાથી બેદરકાર આદમી, એ ધર્મી નથી પણ મનનો મેલો જ છે. મન શુદ્ધ છે, તો શુદ્ધ ક્રિયાની ઉપેક્ષાનું કારણ શું ? કહો કે—મનઃશુદ્ધિ એ એની કોરી મોંઢાની જ વાત છે.

ભાવમંગળને શુદ્ધ ભાવે આચરાય, તો તે પરનાં સુખોની અપ્રાપ્તિમાં મુંઝાવા ન દે અને પ્રાપ્તિમાં અરૂચિ ઉત્પન્ન કરી આત્મસુખમાં રૂચિ કરાવી મોક્ષ અપાવે છે. ભાવમંગળમાં

એ તાકાત છે. દ્રવ્યમંગળમાં એ તાકાત નથી. ભાવમંગળ દુનિયાનાં ગમે તેવાં કારમાં દુઃખોને ફેડવાને, અશાંતિ ટાળી શાંતિ મેળવી આપવાને તથા આ લોક અને પરલોક બન્નેને સુધારી પરિણામે મુક્તિસુખ મેળવી આપવાને પણ સમર્થ છે, પણ તે ક્યારે બને ? આત્મસમર્પણભાવ કેળવીએ, તેની સાથે એકતા સાધવા પ્રયત્નશીલ બનીએ અને આરાધનાથી વંચિત ન રહીએ તોજ. ભાવમંગળના વાસ્તવિક સ્વરૂપને ન પીછાનીએ, પ્રભુની આજ્ઞાની અવજ્ઞા કરી આરાધનાથી વંચિત રહીએ અને યથેચ્છ વર્ત્તાવ કરીએ, તો કોઈ કાળે પણ આફ્ત ટળે નહિ, અશાંતિ માત્ર દૂર થાય નહિ તથા સાચી શાંતિ અને સાચી આબાદી પ્રાપ્ત થાય નહિ: એટલુંજ નહિ, પરંતુ આ મનુષ્ય ભવ આદિ મળેલી ઉત્તમ સામગ્રી નિષ્ફળ અને નુકશાનકારક પણ નિવડે. ઉપયોગની આવડત ન હોય, તો ઉત્તમ પણ સામગ્રી નુકશાનકારક નિવડે, એ સ્વાભાવિક છે. આવી ઉત્તમ સામગ્રીનો આજે કેાા રીતે ઉપયોગ થઈ રહ્યો છે ?– તેનો જો વિવેક પૂર્વક વિચાર કરાય, તો આપણને આપણી વર્તમાન દશાથી આનંદ તો નહિ જ થાય.

આજે આપણે ઉપાસના કરીએ છીએ, તેમાં પણ કયો હેતુ ? પ્રભુની આજ્ઞા મુજબ ઉપાસના કરવાની ભાવના કેટલી ? પ્રભુની આજ્ઞા મુજબ ઉપાસના ન થતી હોય, તો તેનું દુઃખ કેટલું ? વિધિનું બહુમાન કેટલું ? એક બાજુ પ્રભુની ઉપાસના–પૂજા–ભક્તિ કરો અને બીજી બાજુ તેમની જ આજ્ઞાનું ઉલ્લંઘન કરો, તો તે ફળવાને બદલે ફૂટે. પ્રભુએ વિધિ (કાયદા) શું બતાવેલ છે, તે લક્ષ્યમાં રાખી તે મુજબ વર્ત્તાય તો પૂજા–

ઉપાસના ફળે, પરંતુ વિધિબહુમાન વિના અવિધિએ વર્ત્તતાં, ઉલટી કરેલી ઉપાસના નિષ્ફળ જાય. આ જ રીતિ દરેકે દરેક બાબતમાં ઘટાવીને સમજી લેવું. પૂજાના વિધિનો પણ પૂરતો ખપ કરવો. આ બધાનો વિચાર શાંત ચિત્તે કરવામાં આવે, તો આપણી વિધિબહુમાનહીન ઉપાસના, કે જે સાચી ઉપાસના જ નથી, તેને માટે આપણને દુઃખ થયા વિના રહે જ નહિ.

દુન્યવી સાધનો અને રંગરાગ માટેના તેમજ ઐહિક આબાદી માટેના પ્રયત્નો સિવાય, કેવલ આત્માના સુખ માટેના આજે ચોવીસ કલાકમાં આપણે કેટલા પ્રયત્નો કરીએ છીએ? એમાંથી ફુરસદ મળે તો ધર્મ કરવો, એમ જ ને? આપણે જીવનમાં ધર્મને કેટલી મામુલી વસ્તુ બનાવી મૂકી છે, તેનો વિચાર કરવાની પણ આપણને ક્યાં ફુરસદ છે? આવી દશામાં કલ્યાણ થવાને બદલે અકલ્યાણ થાય, તો તેમાં નવાઈ પામવા જેવું પણ શું છે?

એક તો આપણે ધર્મ જ ફુરસદે કરીએ અને તેમાં પણ ઠેકાણું ન હોય, તો એવી દશા માટે આપણને કેટલો શોક થાય છે? જન્મ્યા તે જવાના જ. દેહ, ધનાદિ પૌદ્‌ગલિક સાધનો આપણાં નથી. આપણે રાખવા ઈચ્છીએ તો પણ તે રહેવાનાં નથી. 'આપણી ઈચ્છાએ કે અનિચ્છાએ જેને મૂકીને જવાનું જ છે, તેને માટે મોક્ષસાધક ઉત્તમ સામગ્રી વેડફી નાખીએ છીએ, તે શું ડહાપણ છે?'—આવો વિચાર નિરંતર કરવો જોઇએ.

પારકું પોતાનું માન્યું હોય, તેને મૂકવાની મુંઝવણ થતી હોય, એથી જીવન બગડેલું હોય અને તેમાં વળી જીવનમાં

આચરેલાં પાપ આંખ સામે ખડાં થતાં હોય, એ દશામાં સમાધિ, જીવનમાં સંતોષ અને બીજે જવા માટે નિર્ભયતા આત્મામાં રહે ? આપણે જે ભક્તિ કે આરાધના કરીએ છીએ, તેમાં પણ હેતુ, વિધાન અને પ્રભુઆજ્ઞાનું ઘણે ભાગે તો ઠેકાણું જ હોતું નથી. જ્ઞાનીઓ કહે છે કે–**શુભ મનોભાવ એ જ ધર્મનો પ્રાણ** છે. મૂળ વિનાના વૃક્ષની જેટલી વધુ ઉંચાઈ તેટલું જ એ વધુ ભયંકર. મોક્ષના આશય વિનાની અને પૌદ્ગલિક આશય ખરાબ છે એમ જાણવાનું મળ્યું હોય તે છતાંય તેવા આશય પૂર્વકની ક્રિયા, એ મૂળ વિનાના વૃક્ષ જેવી છે: કારણ કે–તે સંસારમાં રખડાવનારી નિવડે છે. ભક્તિની ક્રિયા કરાવી અશક્ય હોય, તો તેવા અનિવાર્ય પ્રસંગે ભક્તિની ક્રિયા વિના ચલાવી શકાય, પણ ભાવ વિના કેમ ચલાવી શકાય ? ભાવમંગળ એ એવું મંગળ છે, કે જેના યોગે આ ભવમાં સુખ–શાંતિ અને પરિણામે મોક્ષ પણ મળે. જ્ઞાનીઓ ફરમાવે છે કે–વાસ્તવિક મંગળની અભિલાષાવાળાએ ભાવમંગળ સેવવું અને તેનું શરણ લેવું એજ યોગ્ય છે.

પૂર્વ કર્મની પરવશતાથી, સંયોગોની વિપરીતતાથી અને આત્માની નિર્બળતાથી તજવા જેવું પણ ન તજાય, એ અશક્ય નથી : તજવાની ભાવના અને ન તજાય તેનો પશ્ચાત્તાપ હોય, છતાંય તજવા યોગ્ય ન તજાય એ સંભવિત છે : પણ તજવા જેવાને તજવાની અને આચરવા જેવાને આચરવાની ભાવના ન હોય, એ કેમ ચલાવી શકાય ? સંપૂર્ણ શુદ્ધ આચરણ ન હોય, તો પણ ભાવના તો વિશુદ્ધ હોવી જ જોઇએ.

## [૩૦] ધર્મની લઘુતા કરવા કરતાં ધર્મ ન કરવો સારો.

'અનુષ્ઠાન નહિ કરવા કરતાં, વિષાનુષ્ઠાન કરવું શું ખોટું ?'—આનો જવાબ તદ્દન સહેલો છે. ભૂખ્યા રહેવા કરતાં, ઝેરવાળી મીઠાઈ ખાવી શું ખોટી ?

ધર્મ નહિ કરનારે તો ધર્મ ન કર્યો એટલું જ, પણ તેણે ધર્મની લઘુતા કરી નથી. જ્યારે વિપરીત આશયથી ધર્મ કરનારે ધર્મની આશાતના કરી કહેવાય, માટે ઈરાદો ફર્યો કે ક્રિયા અફળે ય જાય અને નુકશાનકારકે ય નિવડે. શુદ્ધ ભાવ પામવાનો ભાવ પણ ગયો કે ભક્તિ ખલાસ. ખોખાની કિંમત છે કે પ્રાણુની ? તેવી જ રીતે ક્રિયાની કિંમત છે કે ભાવની ? પ્રસંગે ક્રિયા વિના ચલાવી શકાય, પણ ભાવ વિના કેમ ચલાવી શકાય ? માટે ધર્મ કરતાં તેની વિરાધના ન થઈ જાય, તે ખાસ લક્ષ્યમાં રાખવું જોઇએ. આથી એમ સમજવાનું નથી કે—ધર્મની લઘુતા થઈ જાય એવી બીકે ધર્મનો જ ત્યાગ કરવો. ત્યાગ ધર્મનો કરવાનો નથી, પણ ધર્મની આશાતનાના કારણનો ત્યાગ કરવાનો છે. ધર્મક્રિયા તજવાની નથી, પણ તેમાં ખરાબ આશય હોય—પૌદ્ગલિક આશય હોય, તો તેનો ત્યાગ કરવાનો છે. ધર્મ કરતાં એ પણ જોયા કરવું જોઇએ કે—ધર્મ કરતાં આપણાથી અવિધિ આદિના કારણે ધર્મની લઘુતા થઈ જાય છે કે કેમ ? જો લઘુતા થતી જણાય, તો પશ્ચાત્તાપ કરવો અને ન થાય તેની સાવચેતી રાખી ધર્મ તો અવશ્ય કરવો જોઈએ.

## [૩૧] માન.

માનની ભૂખ ડૂબાવે અને માનની નિઃસ્પૃહતા તારે. માનની ભૂખ જાગે એટલે આત્મા પામર બની જાય. પછી તો એ અવસરે કહેવા યોગ્ય કહી શકે નહિ, સાંભળવા યોગ્ય સાંભળી શકે નહિ અને આચરવા યોગ્ય આચરી શકે નહિ. પૂજાવાની ઈચ્છાથી કરવામાં આવતી મોક્ષાર્થે જ ઉપદેશાએલી ક્રિયા, એ પણ વિષાનુષ્ઠાન જ છે.

## [૩૨] પાપ.

પાપના અખતરા હોય? નુકશાનકારક વસ્તુઓનો સેવવા કે સેવડાવવા દ્વારા અનુભવ કરવાનો ન હોય. પાપનાં ફળ ગણત્રી વિનાનાં છે, એ માન્યા સિવાય છૂટકો નથી. એ માનીને ઝટ સમજી લેવું અને સમજીને અમલમાં મૂકવું, એ ઉત્તમ કોટિની ફરજ છે. ભૂખ્યા દયાપાત્ર છે, પણ તે અલ્પ કોટિના દયાપાત્ર છે: કારણ કે–તેઓ તો પાપનું ફળ ભોગવી રહ્યા છે, જ્યારે આપણે તો પાપાચરણો કરીને પાપનો નતીજો મેળવવાની પેરવીમાં પડ્યા છીએ, માટે આપણે તો તેમનાથી પણ વધુ દયાપાત્ર છીએ.

દુઃખ આપણી ભૂલથી આવ્યું કે બીજાની ભૂલથી? આપણી ભૂલથી જ. આપણે જો પાપ ન કર્યું હોત, તો દુઃખ આવત નહિ, છતાં પાપનો ડર કેમ લાગતો નથી. સાપનો જેટલો ડર છે, તેટલોય પાપનો ડર છે? **પાપીના મનોરથો ફળ્યા નથી અને ધર્મીને કોઈ કાળે વાંધા પડ્યા નથી.**

 

પાપની સજામાંથી બચવા ઈચ્છનારને, સજાનાં કારણોથી બચવાની તાલાવેલી લાગવી જોઈએ. એને બદલે પાપાચરણમાં ઘેલા બનાય, એમાં આનંદ આવે, એમાં મોટાઈ લાગે, એથી જ સુખ એમ મનાય, તો "પાપ બૂરૂં" એવી દૃઢ શ્રદ્ધા ક્યાં રહી? "પાપ બૂરૂં"–એમ કહેવા છતાં પાપ ન છૂટે એ જેટલું ભયંકર છે, એના કરતાં પણ "પાપ બૂરૂં" ન લાગે એ વધુ ભયંકર છે. પાપનો પ્રેમ ઘટવાને બદલે પાપનો ભય ઘટે, એ ઉન્નતિ કે અધોગતિ? પાપના ભયથી જીવન ફરી જાય અને સજાના ભયથી પાપ છૂપાવવાની યુક્તિ શોધાય.

પાપનો ભય ન હોય તો હૈયામાં ધર્મ શી રીતે પેસે? પાપ વધ્યું તેથી તો ધર્મ ઘટ્યો. પાપના ભય વિના ધર્મરૂચિ કેવી રીતે પ્રગટે? પાપનો ભય લાગતો હોય તો આનંદ પામવા જેવું છે, પણ કેવળ સજાનો ભય લાગતો હોય અને તેના કારણભૂત પાપનો ડર ન લાગતો હોય, તો દીલગીર થવા જેવું છે. આપણે જેના જેના સંબંધમાં આવીએ, તેને અવસરે કહેવું જોઈએ કે–'અમે પાપી છીએ, સ્વાર્થી છીએ, માટે અમારાથી સાવધ રહેજો. અવસરે અમે અમારો સ્વાર્થ સાધીશું, **પણ તમારા હિતની દરકાર નહિ કરીએ.**' પાપનું ફળ દુઃખ ન જોઈતું હોય, તો પાપથી ડરવું અને બચવું જોઇએ. એજ રીતિએ મોક્ષદાયક ધર્મનું ફળ–સાચું સુખ જોઇતું હોય, તો મોક્ષદાયક ધર્મનો આદર કરી તેને સેવવો જોઈએ. **દુઃખમાં પરમાત્મા યાદ આવે છે, પરંતુ જરા અનુકૂળતા મળતાં પરમાત્માને ભૂલી જવાય છે અને પાપાચરણ સેવાય છે.** આપણે શેઠની આજ્ઞાનો

ભંગ કરતાં ડરીએ કે પરમાત્માની ? આવી રીતિએ વિચારો તો હૈયામાં પાપનો ડર છે કે નહિ, એની ગમ પડે.

પાપથી ડરનારને તો પાપને બંધ કરવાની વાતથી ખેદ થવો ન જોઈએ, પણ આનંદ થવો જોઇએ. ખેદ તો પાપ છોડાતું નથી માટે થવો જોઈએ. પાપ છોડવું ગમતું નથી, માટે તો સ્વચ્છંદતાનો ત્યાગ અને સંયમનો સ્વીકાર અશક્ય અગર તો દુઃખકર પણ લાગે છે.

પાપ શાથી ? પરના મમત્વથી ! પાપ નહિ કરવાથી મરાતું નથી, પણ પાપ કરવાથી જ મરાય છે. પૂર્વકર્મની પરવશતાથી, સંયોગોની વિપરીતતાથી, ફસાઈ જવાના કારણે અને આત્માની નિર્બળતાથી કદાચ પાપ કરવું પડે, તો તે યતૂકિંચિત્ ! અર્થાત્–બને તેટલો પાપનો પરિહાર કરે અને જે થાય તે કંપતે હૃદયે થાય. આ ક્યારે બને ? ભોગ અને ઐશ્વર્યના પદાર્થોની જરૂરીઆત નિરૂપાયે અને ઓછામાં ઓછી મનાય તેમજ એય તજવા યોગ્ય લાગે ત્યારે.

**પાપને પાપ માનનારો જે રીતે જીવે છે, તે રીતે પાપને પાપ નહી માનનારો જીવ્યો નથી, જીવતો નથી અને જીવશે પણ નહિ.** પ્રયત્ન અલ્પ છતાં હજારો મળે એ વાત જૂદી અને એ રીતે પ્રાપ્તિ થઈ જાય તો સદુપયોગ કરાય, પણ **પાપભીરૂ આત્માને પાપ સેવવાની વાસના જ થવી ન જોઇએ.** પાપના ઉદયથી બચવાની ભાવના થાય છે, પરન્તુ પાપથી બચવાની ભાવના થતી નથી : અને પુણ્યના ઉદયને ભેટવાની ભાવના થાય છે, પણ ધર્મને સેવવાની ભાવના થતી નથી. **સમ્યગ્દૃષ્ટિ પાપાનુ-**

**બંધી પુણ્યના ઉદયથી ડરે, પણ પાપના ઉદયથી ન ડરે :** કારણકે–તેવા પુણ્યના ઉદયથી ભોગસામગ્રી મળે અને તે રસપૂર્વક ભોગવતાં તીવ્ર પાપ બંધાય, તેથી પરિણામે પતન થાય : જ્યારે પાપના ઉદયે ભોગ મળે નહિ તે નિમિત્તેય વિવેકિથી સંયમધર્મ સેવાય, જેથી આવેલ કર્મો સમતાપૂર્વક સહન થાય અને તેથી પાપકર્મોનો નાશ થાય. માટે સમ્યગ્દષ્ટિ એવા જ્ઞાનીને પાપાનુબંધી પુણ્યનો ઉદય પણ ગમતો નથી.

જ્ઞાની પાપને ઓળખે, જાણે, પણ આચરે નહિ : કારણ કે–પાપને જાણે તે પંડિત, પણ આચરે તે તો પાપી. દુનિયાના દોષો જાણે ત્યાં સુધી તો જ્ઞાની, પણ આચરે એટલે પાપી. દોષાદોષના જાણકાર થવાનું છે, કારણ કે–તે જાણેલું હોય તો જ હેય ને ઉપાદેયનો વિવેક થઈ શકે.

## [૩૩] દુઃખ અને તેનું કારણ.

દુઃખનું કારણ પાપ છે અને સુખનું કારણ પુણ્ય છે. દુઃખી થવાની તૈયારી કરનારો તે કે જે પાપ કરે, અનીતિ કરે, બીજાનું સત્યાનાશ વાળે. કંચન–કામિનીની ઈચ્છા, માન, મોટાઈ અને ઇર્ષ્યા ન હોત, તો પાપ દુનિયામાં ન હોત અને તેથી જેલો, કૉર્ટો, કાયદાઓ જીર્ણ–શીર્ણ થઇ ગયા હોત.

આપણને આપણી કાર્યવાહી જ યોગ્ય અગર અયોગ્ય સ્થળે લઇ જનારી છે, માટે દુઃખથી ડરવાને બદલે આપણે પાપથી ડરવું જોઇએ. દુઃખથી ગભરાનારા બે જાતના હોય છે:–

(૧) એક તો દુઃખનું કારણ પાપ સમજે નહિ અને દુઃખ ટાળવા દુઃખના કારણભૂત પાપનો આદર કરી તેને આચરે.

(૨) બીજા, દુઃખનું કારણ પૂર્વનાં પાપકર્મ સમજે અને તેથી આવેલ દુઃખને સમતાપૂર્વક સહન કરે અને દુઃખનું કારણ પાપ સમજી પાપથી ડરે અને બચે તેમજ મોક્ષદાયક ધર્મનો આદર કરી તેને સેવે.

'દુઃખ કોઈને ગમતું નથી'—એમાં મતભેદ નથી, પણ દુઃખને ટાળવાના ઉપાયોમાં મતભેદ છે. દુઃખથી ડરવાને બદલે પાપથી ડરવું જોઇએ. પાપના આદરને બદલે મોક્ષદાયક ધર્મનો આદર કરી, આત્મસુખ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. મન ના પાડે તેથી ધર્માચરણ બંધ પડવું ન જોઇએ : કારણ કે—ઉત્તમ ક્રિયાઓનો શુદ્ધ ધ્યેયથી આચરણ પૂર્વકનો અભ્યાસ પણ મનને ઠેકાણે લાવનારો છે. દુનિયાદારીમાં પણ મન ના પાડે તેવાં ઘણાંએ કાર્યો આપણે દરરોજ કરીએ છીએ. મોહની આધીનતાથી કરવાં પડતાં કાર્યો વગર ઈચ્છાએ પણ કરીએ છીએ, તો મોક્ષસાધક કાર્યો મન ના પાડે છતાં વગર ઈચ્છાએ શુદ્ધ ધ્યેયથી કરવામાં હરકત શી છે?

## [૩૪] આક્રમણ ક્યાં શોભે ?

રાગ, દ્વેષ અને અજ્ઞાન કે મોહ—એ ત્રણ જ અસત્ય બોલવાનાં કારણો છે. એ ત્રણેનો સર્વથા અભાવ થતાં કેવલ-જ્ઞાન થાય અને પછી તેઓથી કદી પણ અસત્ય ન જ બોલાય.

વૈરાગ્યાદિ આત્મગુણો ઉપર આક્રમણ ન શોભે. આક્રમણ તો પાપી વૃત્તિઓ, કે જેણે દુનિયાનું સત્યાનાશ વાળ્યું છે, તેના ઉપર કરવું જોઇએ. આક્રમણ તો રાગાદિ ઉપર શોભે.

## [૩૫] ઉપસર્ગો કયારે સહન થાય ?

મહાપુરૂષોને માથે ઓછી આફતો આવી છે? તેમણે થોડા ઉપસર્ગો સહ્યા છે? છતાં એ સ્થિર રહી શકયા, એ પ્રતાપ કોનો? પ્રભુઆજ્ઞા હૈયામાં હતી તેનો!

એમનાં માનપાન, ઋદ્ધિ–સિદ્ધિ અને વિદ્વત્તા એ જ પચાવે. જાણકારથી પ્રમાદવશ ભૂલ થઈ જાય, પણ એને એ ભૂલને સુધારી લેતાં વાર ન લાગે.

## [૩૬] વિષય.

સઘળાં પાપોનું મૂળ ઇંદ્રિયોને બહેકાવનારી રસના ઇંદ્રિય છે. દુનિયામાં એવું કયું પાપ છે, કે જે ઇંદ્રિયોને આધીન બનેલો આત્મા ન કરે? ઇંદ્રિયોના સદુપયોગથી તરાય અને દુરૂપયોગથી ડૂબાય.

વિષયો તરફ ધસવાનો ઇંદ્રિયોનો સ્વભાવ છે. ઇષ્ટ વિષય મળે તો રાગ થાય અને અનિષ્ટ વિષય મળે તો દ્વેષ થાય, એ હાનિકર છે. ઇષ્ટ અને અનિષ્ટ-બંનેમાં સમભાવ એ જ તરણોપાય છે. ઇન્દ્રિયોના સદુપયોગથી અનંતા તર્યા છે અને દુરૂપયોગથી અનંતા ડૂબ્યા છે, માટે મહત્તા તો ઇન્દ્રિયોના

સદુપયોગની જ છે. ઇન્દ્રિયોને બહેકાવનાર વિષયો આત્માને ધર્મથી પતિત કરનારા છે. યુવાવસ્થામાં વિષયસેવન માટે જેટલા પ્રયત્નશીલ થવાય છે, તેટલા મોક્ષ માટે પ્રયત્નશીલ થવાય, તો બાકી શું રહે?

નર તનકુર ફલ વિષય ન ભાઇ,
સ્વર્ગ સ્વલ્પ અંતહુ દુઃખદાઇ;
નર તનુ પાઇ વિષય મન દેહી,
પલટી સુધા તે શઠ વિષ લેહી.

## [૩૭] ઇન્દ્રિયનિગ્રહ.

આદર્શ તરીકે ત્યાગ કે રાગ? રાગના નાશ માટેના ત્યાગને આદર્શ તરીકે રાખો, તો ઉછળતી વિષયની ઇચ્છાઓ અને તૃષ્ણાઓ આપોઆપ જ નષ્ટ થાય. એ વિના સાચો ઇન્દ્રિયનિગ્રહ સધાય, એ શક્ય નથી.

## [૩૮] મરણ.

જેને અનંતાં મરણોનો ડર હોય, મોક્ષની પ્રબળ ઇચ્છા હોય, તેનું મન સંસારમાં લાગે કે પ્રભુસ્મરણમાં? ભવભીરૂતાથી ધર્મ સેવશો, તો આ લોક અને પરલોકમાં મોક્ષને અનુકૂળ સામગ્રી અને સ્થિતિ પ્રાપ્ત કરી, આધિ–વ્યાધિ અને ઉપાધિમાંથી બચી, ઉત્તમ કોટિની આત્મશાંતિનો અનુભવ કરી, શાશ્વત સ્થાનને પામશો. ભવભીરૂતા, એ મનુષ્યજીવનની સાર્થકતાના ઉપાયની તથા મોક્ષની ચાવી છે.

'મરવાનું છે'–એમ પ્રાયઃ બધા જ બોલે છે, પરંતુ એ બરાબર યાદ રહી જાય અને તે સાથે અહીંથી મરીને ક્યાંક જવાનું છે તથા અહીંની કરણીનાં ફલો જરૂર મળવાનાં છે– એનો ખ્યાલ આવી જાય, તો જેમ–તેમ વર્તી શકાય નહિ. મરણ આવે તે પહેલાં આત્મા ઉન્નતગામી બને અને એ રીતે પર-લોક સુધરે, એવો વિચાર કદિ કર્યો છે ? એ વિચારાય તો બધી સ્વચ્છંદી પ્રવૃત્તિઓ બંધ થઈ જાય અને પછી તો જ્ઞાની કહેવાતા પણ તેની પાસે જો આ લોકની આબાદીની ઇચ્છાને પોષવાની વાત કરે, તો તે ચોંકી ઉઠે. પછી તો કહી દે કે– 'પર પદાર્થોની મમતાથી છૂટવા હું અહીં આવું છું, વધારવા માટે નહિ. આવી વાતો શિખવે કે કહે, તે જ્ઞાની કે સાધુ નહિ.' મરણ તો સર્વને માથે ગાજી રહ્યું છે, તો મરણ માટે કેવી રીતે તૈયાર થવું જોઇએ ? સમતા કેળવી મોક્ષસાધક પ્રવૃત્તિઓ આચરીને. મોક્ષસાધક પ્રવૃત્તિઓ કયી ? ક્ષમા, માર્દવ, આર્જવ આદિ દશવિધ ધર્મોનું સુશ્રદ્ધાપૂર્વકનું પાલન !

લક્ષ્મી આદિ પર વસ્તુઓને મૂકીને વહેલા યા મોડા જવાનું તો છે જ: તો પછી રોતાં રોતાં મૂકીને જવાને બદલે હસતાં હસતાં મૂકીને જવાની ટેવ પાડો. આવી ટેવ પાડી હશે, તો મરતી વખતે મુંઝવણ નહિ થાય. મરતી વખતે જીવ, પર (નાશવંત) વસ્તુઓમાં નહિ ભમે.

મરણની પીડા એ કારમી પીડા છે. એ વખતે પરમાત્માનું નામ યાદ આવે, એ સારી ભવિતવ્યતા વિના શકય નથી. સારી ભવિતવ્યતાવાળાને જ શ્રી અરિહંતદેવ આદિનું એ સમયે પણ શરણ સ્વીકારવાની ભાવના થાય છે.

જેઓ આત્માનો ખ્યાલ કરી આત્મહિતની પ્રવૃત્તિઓમાં જોડાશે, તેઓ સ્વપરહિત સાધી, ઉત્સવભૂત મરણ પામી, પરંપરાએ મોક્ષસુખ પામશે.

## [૩૯] નીતિ.

નીતિ એ ધર્મનું વ્યવહારિક સ્વરૂપ છે અને એમાં પણ અમૂક અંશે મનુષ્યજીવનની સાર્થકતા છે. નીતિ એટલે હૃદયની નિખાલસ વૃત્તિથી, શુદ્ધવૃત્તિથી કાર્ય કરવાની રીતિ. શુદ્ધ વાણી, વિચાર અને આચારની એકતા, એ સાચી નીતિની અન્તિમ કક્ષા છે. નીતિમાં દૃઢ રહેવા માટે ભવભીરૂતા કે પાપભીરૂતાની આવશ્યકતા છે. નીતિથી આ લોક અને ભવાંતર સુધરે છે, માટે અવસર આવ્યે બધું જાય તો પણ નીતિ છોડવી નહિ, એ ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે. દુન્યવી વસ્તુઓ માટે કે આડંબર ખાતર પાળેલી નીતિ, એ નીતિ નથી. પરલોકના ભયથી અને મોક્ષની આકાંક્ષાથી નીતિ પળાતી હોય, તો જ ધર્મનું રહસ્ય હૃદયમાં પરિણમ્યું એમ માની શકાય. **નીતિને માર્ગે ચાલવા છતાં પણ, જ્યાં સુધી અશુભનો ઉદય બાકી હોય ત્યાં સુધી સુખ મળતું જ નથી અને શુભનો ઉદય જીવતો-જાગતો હોય તો ગમે તેવા આફતના પ્રસંગો પણ સુખ જ આપનારા થાય છે. આ વાતને તત્ત્વજ્ઞાનીઓ સારી રીતે જાણે છે,** તેથી તો પાપીને બાહ્ય દૃષ્ટિએ સુખી જોઇને અને ધર્મીને બાહ્ય દૃષ્ટિએ દુ:ખી જોઈને તત્ત્વજ્ઞાની મહાત્માઓ મુંઝાતા નથી.

તીવ્ર અશુભના ઉદયે, મહા મુશીબતે સહન થઈ શકે એવા પ્રસંગો પણ આવે. એવા પણ પ્રસંગો પ્રાપ્ત થતાં, મહાપુરૂષો સન્માર્ગમાં ટકી શક્યા, તે પ્રતાપ આ આત્મા અને કર્મની સાચી સમજનો પણ છે.

આત્મશાંતિ એ જ સુખ લાગે, તો–'નીતિનું તાત્કાલિક ફલ મળતું નથી, તે વસ્તુતઃ બરાબર નથી.'–એમ લાગ્યા વિના ન જ રહે. આત્માને આત્મઘાતને રસ્તેથી આત્મહિતને રસ્તે વાળવો, એ જ સાચી દયા કે આત્મદયા છે. બાકીની દયા તો દ્રવ્ય દયા છે. આત્મદયા એ જ ધર્મ રૂપ નીતિ છે. ધર્મી વહેપારીનું પણ અન્તિમ ધ્યેય તો આત્મદયા કે ભાવદયા જ બની જવું જોઇએ. વ્યવહારૂ નીતિમાં પણ દયાની અને દયામાં પણ ભાવદયાની ખાસ આવશ્યકતા છે.

## [૪૦] અનીતિ.

શરીરનો નાશ કરનાર ઝેર જેટલું બૂરૂં લાગે છે, તેટલી આત્માનો નાશ કરનારી અનીતિ બૂરી લાગે છે? ના, તો ઝેર તજવા જેવું અને અનીતિ તજવા જેવી નહિ, એમ ને?

દુનિયા ઝેર અને અનીતિને બૂરાં કહે છે, પરંતુ ઝેરથી દુનિયા જેટલી સાવચેત રહે છે, તેટલી અનીતિથી સાવચેત રહે છે ખરી? ના, તો "અનીતિ કહેવામાં બૂરી અને માનવામાં સારી"–એમ ને? આ જાતિની દશાવાળાએ વિચારવું જોઈએ કે–મોક્ષદાયક ધર્મ આપણા આત્માની ઉન્નતિ માટે કરવાનો છે કે લોકો આપણને ધર્મી કહે તે માટે કરવાનો

છે ? 'અનીતિ તો ઝેરથી પણ વધારે બૂરી છે'—એ હોઠથી બોલાય છે કે હૈયાથી ? જો 'અનીતિ ઝેર જેટલી પણ બૂરી' હૈયાથી લાગી જાય, તો પ્રાયઃ અનીતિ આચરવાનું મન જ થાય નહિ અને કદાચ અનીતિનું આચરણ થઈ જાય તો તેનું હૈયું ઘવાય, માટે અનીતિને હૈયાથી બૂરી માનનારા, તેમ માનીને તેને તજવાનો પ્રયત્ન કરનારા, તેને તજનારા અને તે ન તજાય તો હૃદયથી કંપનારા અને તે માટે પશ્ચાત્તાપ કરનારા બનો. પણ એવા કેટલા ? વિરલ.

હજારો આદમીઓ અનીતિ આચરવા છતાં, પૂર્વના પાપના ઉદયે દુન્યવી સુખસામગ્રી વિના જ રઝળે છે—એ તરફ આંખ જતી નથી : અને પૂર્વના પુણ્યના ઉદયે અનીતિ આચરવા છતાં જે થોડા કમાય છે, તે તરફ દૃષ્ટિ જાય છે : તેથી અનીતિ આચરનારને તાત્કાલિક ફાયદો મળતો હોય તેમ લાગે છે. અર્થાત્—'ધર્મીને ત્યાં ધાડ અને પાપીને ઘી કેળાં !' એવી અજ્ઞાનમય માન્યતા બંધાઈ જાય છે : પરંતુ પરિણામે તો તે અનીતિ હાથમાં બેડીઓ જ પહેરાવશે, તે અજ્ઞાની જીવોને સમજાતું નથી. અનીતિથી આ લોકમાં ધન–આબરૂ આદિને બટ્ટો લાગવાનો સંભવ તેમજ પરલોકમાં ભયંકર દુઃખો પ્રાપ્ત થવાનું નિશ્ચિત હોવા છતાં પણ, એ વાત ઉપર હોવો ઘટે તેટલો વિશ્વાસ નથી, તેથી તો અનીતિના ફળને સારૂં માને છે અને 'સંસારમાં અનીતિ વિના ચાલી શકે તેમ નથી'—એમ કહે છે. આવાઓ અનીતિને લોકલાજથી ભલે બૂરી કહે, પણ તેને બૂરી માનતા નથી. અનીતિને તેઓ બૂરી કહે છે તે હૈયાથી નહિ, પણ હોઠથી જ કહે છે.

અનીતિ આચરનારને વસ્તુતઃ શાંતિ જ હોતી નથી, જ્યારે શુદ્ધ નીતિના આચરણમાં વિવેક પૂર્વક એકતાન બનેલા આત્માઓને ગમે તેવા આપત્તિના પ્રસંગમાં પણ અશાંતિનો અનુભવ થતો જ નથી. આજે આપણે જે અનીતિ ચલાવી રહ્યા છીએ, તે જો તેના વાસ્તવિક સ્વરૂપમાં ખૂલ્લી પડી જાય, તો આપણે માટે જેલ જ નિશ્ચિત થઈ જાય. આપણે જે અનીતિ આચરીએ છીએ તે ખૂલ્લી નથી પડતી, તેથી શું તેનું ફળ ભવાંતરમાં મળવાનું જ નથી? રાજસત્તાને ખીસ્સામાં મૂકનારા જોયા છે, પણ કર્મસત્તાને ધર્મસત્તાના આશ્રિત સિવાય ખીસ્સામાં મૂકનારા જાણ્યા નથી. નીચ માણસો તો પાપનું ફળ ભોગવી રહ્યા છે, જ્યારે આપણે ઉંચ કહેવાતાઓ અનીતિ આચરી પાપનો નતીજો મેળવવાની તૈયારી કરવા દ્વારા નીચ બનવાની તૈયારી રહ્યા છીએ.

દુનિયાને લુચ્ચા ગમતા નથી પણ લુચ્ચાઈ ગમે છે, કારણ કે–લુચ્ચા આપણું પડાવી લે, જ્યારે લુચ્ચાઇથી તો પારકું પડાવી લેવાય. લુચ્ચાના ત્યાગની વાતમાં સામાનો તિરસ્કાર છે, પણ લુચ્ચાઈના ત્યાગની વાતમાં તો પોતાનો જ તિરસ્કાર થઈ જાય છે, એટલે લુચ્ચાઓ પણ લુચ્ચાઓ ન જોઈએ એમ જ કહે છે. જેમને લુચ્ચા ન ગમે પણ લુચ્ચાઈ ગમે, તેમને કેવા કહેવા? લુચ્ચાઈ કરતાં હ્રદય કંપી ઉઠવું જોઈએ. ભૂલથી પણ કદી કોઇને છેતરવાની વૃત્તિ હોવી જોઇએ નહિ. 'ઓછા લઈએ તો આપણા જાય અને એ નિમિત્તેય એટલો પરિગ્રહ ઘટે, પણ વધુ લઇએ તો આત્માનું અહિત થાય'–એમ કદી લાગ્યું છે? પણ ખરી વાત એ છે કે–અનીતિ

અને લુચ્ચાઈથી આત્માનું અહિત થાય છે, એમ માન્યા વિના આ વિચાર આવે જ શાનો ?

## [૪૧] સાચા હિતેચ્છુ.

જો તમે તમારાં બાળકોના સાચા હિતેચ્છુ બનવા માગતા હો, તો છોકરાંઓને ઉછેરવામાં અને પાળી–પોષીને મોટાં કરવામાં જે વહેપાર બનાવી મૂક્યો છે તે છોડો. 'અમારૂં ગમે તે થાવ, પણ અમારે ત્યાં જન્મેલું બાળક આત્મહિત સાધો.'– એવી ભાવના નિરંતર થવી જોઈએ. દુન્યવી સ્વાર્થની ભાવના ઉડે અને બાળકના સાચા હિતની ભાવના જાગે, તોજ માબાપ તરીકેની વાસ્તવિક ફરજ બજાવી શકાય.

હોઠથી ફરજની વાત કરીએ અને હૈયામાં સ્વાર્થ રાખીએ, તો કલ્યાણ કયી રીતે થાય ? આપણે બાળકોના શરીરની દરકાર રાખીએ છીએ કે એમના આત્માની પણ ? બાળકોને આપણા સ્વાર્થ ખાતર પોષીએ છીએ કે તેમનું આત્મકલ્યાણ કરવા ? એજ રીતિએ આપણે વિચારવું જોઇએ કે–આપણા કુટુંબીઓ કે આશ્રિતો તરફ આપણી શું ફરજ છે ?

તેમનું આત્મકલ્યાણ સાધવામાં સહાયક બનવું, એ આપણી ઉત્તમમાં ઉત્તમ ફરજ છે; પણ તેમને માટે દ્રવ્યોપાર્જન કરી તેનો સંગ્રહ તેમને સોંપવો તે આત્મઘાતક પણ નિવડે: કારણ કે–હૈયામાં જો મનુષ્યજીવનની સાચી સાર્થકતા સાધવાની વાત ન બેઠી હોય, તો સદુપયોગ કરતાં દુરૂપયોગ થવાનો વધારે સંભવ છે. તેથી જે બંધ બંધાય તે અશુભ જ

બંધ બંધાય છે અને અશુભ બંધ આત્મઘાતક જ નિવડે. વળી આપણે અને તેમને માટે પણ સાચો આશ્રય તો એક માત્ર મોક્ષદાયક ધર્મનો જ હોઈ શકે અને એથી સાચા કલ્યાણ માટે શ્રદ્ધા પણ મોક્ષદાયક ધર્મમાં જ હોવી જોઈએ.

ધર્મસત્તાના આશ્રિતને કર્મસત્તા કે રાજસત્તાથી રીબાવું પડતું નથી. કર્મસત્તા અને રાજસત્તાના બંધનમાંથી છોડાવનાર પણ એક માત્ર મોક્ષદાયક ધર્મસત્તા જ છે. દ્રવ્યસંગ્રહ સોંપવામાં પણ સોંપનારનો હેતુ તો દુઃખમાંથી છોડાવવાનો અને સુખ પમાડવાનો જ હોય છે, પણ દ્રવ્યદાન એ કર્મસત્તાના દુઃખમાંથી છોડાવવાનો વાસ્તવિક ઉપાય નથી. કર્મસત્તાના બંધનમાંથી છોડાવવાનો ઉપાય એક માત્ર મોક્ષદાયક ધર્મસત્તાનો આશ્રય જ છે. તેથી તેમને મોક્ષદાયક ધર્મના આશ્રિત બનાવવાની તો ખાસ આવશ્યકતા છે. **મોક્ષદાયક ધર્મસત્તાનો આશ્રય સ્વીકારતા નથી, માટે તો કર્મસત્તાથી રીબાઇએ છીએ અને રીબાઇશું.** હિતેચ્છુ તરીકેની વિશિષ્ટ ફરજ તો મોક્ષના ધ્યેયનો નિશ્ચય કરાવી, મોક્ષદાયક ધર્મના આશ્રિત બનાવી, તેનો અમલ કરતાં શિખવી, આત્મગુણ પ્રગટાવવાની જ છે. તેમને મોક્ષદાયક ધર્મના આશ્રિત બનાવાય તો સૌથી ઉત્તમ છે, પણ મોહને આધીન બનેલા હોવા છતાં પણ આત્મહિતેચ્છુ માબાપથી જો તેમ ન જ બની શકે, તોપણ સંતાનોને વારસો સોંપતી વખતે આત્મહિતેચ્છુ માબાપની શી ભાવના હોય, કેવી શિખામણ હોય?

"જો! તને આપણા પુણ્યોદયે પ્રાપ્ત થયેલો આ દ્રવ્યસંગ્રહ સોંપું છું તો ખરો, પરંતુ તેનો પ્રભુઆજ્ઞાથી વિપરીત અને પરલોકની ખાનાખરાબીને પમાડનાર વ્યય કરીશ

નહિ! અનીતિ કરતો નહિ, વિષયાસક્ત થતો નહિ કે આરંભ-સમારંભમાં લેપાતો નહિ. આટલા દ્રવ્યથી વધુ દ્રવ્ય મેળવવાની ઇચ્છાને તું ન રોકી શકે, તોપણ નીતિને ચૂકીશ નહિ. કદાચ પાપોદયે દ્રવ્ય જાય તોપણ નીતિનું ઉલ્લંઘન કરી, તારા આત્મ-હિતને કદિ પણ હણતો નહિ. ટુંકમાં આ દ્રવ્યનો તું ન્યાયપૂર્વક સદુપયોગ કરજે, અને તેથી તું આ લોકમાં અને પરલોકમાં પણ જરૂર સુખી થઈશ." આવું છોકરાને વારસો સોંપતી વખતે કદિ કહ્યું છે?

## [૪૨] દંભ.

આપણામાં જે ન હોય તેનો દેખાવ કરવો, એ આડંબર કે દંભ છે. દંભથી આત્મા તરતો નથી પણ ડૂબે છે, કારણ કે–દાંભિક ક્રિયાથી આત્મા વિશુદ્ધ થતો નથી. દંભ વિના, શુદ્ધ હૃદયથી શ્રદ્ધાપૂર્વક અને શુભાશયથી જ કરેલી શ્રી જિનાજ્ઞાને અનુસરતી ક્રિયા જ આત્માનું કલ્યાણ કરે છે. આપણે દરરોજ પાપનો વિચાર કરતા હોઇએ અને વર્તનમાં જો પાપ તજવાનો બીલકુલ પ્રયત્ન કરીએ નહિ તેમ પાપની દરકાર કરીએ નહિ, તો એ પણ એક જાતનો દંભ જ કહેવાય. એ દંભ પણ જ્યાં સુધી દૂર ન થાય, ન તજાય, ત્યાં સુધી ચારિત્ર આવે કે ટકે નહિ. વસ્તુતઃ શુદ્ધ સમકિતની પ્રાપ્તિ વિના દંભનો સર્વથા ત્યાગ શકય જ નથી. વ્યવહારમાં સેવાતો દંભ જ્યારે ખૂલ્લો પડી જાય છે, ત્યારે તેનો કોઈ પણ માણસ વિશ્વાસ કરતું નથી. દંભરહિત ગમે તેવો ગરીબ માણસ પણ

મોક્ષદાયક ધર્મને અનુકૂળ નીતિના, અર્થાત્-આત્મદયાયુક્ત નીતિના આચરણથી સન્માન પામે છે.

" કામાદિમ દ દંભ ન જાકે,
તાત નિરંતર મૈં વશ તાકે. "

—

## [૪૩] હાજીયા મિત્રોથી ચેતો.

"વર મરો કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો." યા " પેટ ભરાયું કે પાટણ ભરાયું. "-આ ઉક્તિ પ્રમાણે જેને સામાના નાશની ચિંતા ન હોય, તેવા સ્વાર્થી મિત્રો જ હાજી-હા કર્યા કરે છે : માટે જેણે આત્મકલ્યાણ સાધવું હોય, તેણે હાજીયા મિત્રોથી બચવાની પણ ખાસ જરૂર છે. વળી મોક્ષના હેતુથી ત્યાગ માટે પ્રયત્નશીલ બનેલાઓએ તો ખાસ લક્ષ્યમાં રાખવા જેવી આ બીના છે.

એક રાજાને તેના બધા સેવકો કહેતા કે-' તમે વિજેતા છો ' પણ રાજાએ એવા જ મિત્રોને તૈયાર કયા, કે જે તેમને હંમેશાં યાદ કરાવે કે-" તમે જગતના વિજેતા છો, પણ વિષયોથી જીતાઈ ગયેલા છો : અર્થાત્-વિષયોએ તમને જીતી લીધા છે. એથી તમારે માથે ભય વધતો જાય છે : માટે હે રાજન્ ! વિષયોના સેવનમાં રત બનીને તમે તમારા આત્માને હણો નહિ, હણો નહિ ! " આ મિત્રોના સંગથી ઉત્તરોત્તર તે રાજાએ પોતાના આત્માની ઉન્નતિ સાધી. છેવટે એ રાજા કેવલજ્ઞાન પામી શ્રી મુક્તિપદને પામ્યા.

કડવું પણ આત્મહિતનું કારક કહે તે મિત્ર અને મીઠું પણ આત્મહિતનું ઘાતક બોલે તે દુશ્મન—એમ જ્યારે સમજાશે, ત્યારે જ આત્મઘાત કરનારા હાજીયા મિત્રોથી બચી શકાશે.

બધી વાતમાં હાજી–હા કરનારા શું સારા ?

## [૪૪] ઉપયોગની આવડત.

મનુષ્યમાં ઉપયોગની આવડત હોય, તો તે ખરાબ વસ્તુથી પણ નુકશાનને બદલે જરૂર લાભ ઉઠાવી શકે. કેટલીક ક્રિયાઓ દેખાવમાં નિર્દયતાની હોય છે, પણ હેતુ અને પરિણામનો વિચાર કરતાં તે દયાની લાગે છે.

ધન–ધાન્યાદિ પરિગ્રહ, ઇન્દ્રિયો અને મન તથા યૌવનના સદુપયોગમાં જ આત્મકલ્યાણ રહેલું છે. અર્થ અને કામ છે તો ડૂબાવનારા, પરંતુ તેની મૂર્ચ્છાથી મુક્ત થવાના હેતુથી તેનો સદુપયોગ કરવાથી તે તારનારા નિવડે છે. આમ ઉપયોગની આવડત હોય તો ડૂબાવનારાં સાધનો પણ તારનારાં નિવડે છે, અર્થાત્–ઉત્તમ સામગ્રી અને પરંપરાએ મોક્ષ મેળવી આપે છે.

## [૪૫] શાંતિ.

"વાવે તેવું લણે અને કરે તેવું પામે"–માટે શાંતિ જોઈતી હોય, તો શાંતિ રૂપ બનો. ઈર્ષ્યા, તૃષ્ણા અને અસંતોષથી જીવતાંય અશાંતિ અને મરતાંય અશાંતિ. માટે તૃષ્ણાના વેગને રોકવાની, તેની દિશા પલટવાની અને જીવનને મર્યાદિત

બનાવવાની ખાસ જરૂર છે. આપણામાં શાંતિ આવી, એટલે બીજા જીવોમાં આપણા યોગે પ્રગટતી અશાંતિ આપોઆપ અટકી જવા માંડશે. સાચું સુખ કે શાંતિ જોઇતાં હોય, તો તો પાપ માત્રથી પાછા હઠો. પાપને નિંદો અને પરિહરો, તેમજ સદ્ધર્મને સેવો. તે સિવાય આ લોક કે પરલોકમાં એકે જગ્યાએ શાંતિ મળવાની નથી.

## [૪૬] ધર્મે જય અને પાપે ક્ષય.

મોક્ષદાયક ધર્મમાં જ્યારે મનુષ્યને દૃઢ વિશ્વાસ થાય છે, ત્યારે તે શક્યતાના પ્રમાણમાં મોક્ષદાયક ધર્મને છોડતો નથી અને પાપને આચરતો નથી. તે ધીર અને ગંભીર બની પૂર્વકર્મના અશુભોદયથી આવતાં દુઃખોને, ઉપસર્ગો આદિને પણ પોતાના કલ્યાણકર મિત્ર રૂપ બનાવવા મથે છે. આવેલ નાની–મોટી સઘળી જ આપત્તિઓએ સમભાવે સહે છે અને આત્મસ્વભાવના પ્રગટીકરણને માટે અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલા ઉપાયની આચરણામાં મસ્ત રહે છે. આથી તે પુણ્યાત્માની આપત્તિઓ ક્ષીણ થતી જાય છે. ક્રમશઃ એ જન્મ–મરણના ફેરામાંથી મુક્ત બની, શાશ્વત સુખને પામે છે. દુઃખથી ડરીને પાપમાં રત બનનારની, એથી વિપરીત દશા થાય છે.

## [૪૭] ધર્મસત્તા.

ધર્મસત્તાનું કામ મનુષ્યને તારવાનું છે, પણ સજા કરવાનું કામ તેનું નથી. રાજસત્તા અને કર્મસત્તાથી રીબાઈ રહેલા-

ઓને શરણુ આપવું અને શરણુ સ્વીકારનારને પ્રગતિના શિખરે પહોંચાડી દેવા, કે જ્યાં કોઈની સત્તા નથી પણ માત્ર સ્વતંત્રતા જ છે, એ ધર્મસત્તાનું કામ છે. જ્યાં ઉપાધિનું નામ નથી અને આબાદીનો પાર નથી. જ્યાં એવી આબાદી છે, કે જેનો કદી અંત જ ન આવે. એજ સાચી આબાદી છે. ધર્મસત્તાનું કામ રાજસત્તા અને કર્મસત્તામાંથી છોડાવી, સાચી આબાદી રૂપ મોક્ષ પ્રાપ્ત કરાવી દેવાનું છે; એટલે ધર્મસત્તાની અવજ્ઞા કરવામાં આવે, કોઈ તેની ઠેકડી કરે, તો તે પોતે તેને કાંઈ જ કરે નહિ. એ તો તરવા ચાહે તેને તારે, પણ આવા તારકની અવજ્ઞા કરનારના બૂરા હાલ થયા વિના રહે નહિ. કર્મસત્તાને દબાવનાર કોઈ હોય, તો તે ધર્મસત્તા છે. એ ધર્મસત્તાને જ અવગણી, એટલે કર્મસત્તા નિર્ભય બનીને એના ઉપર કારમો હલ્લો લઇ જાય. ધર્મની અવજ્ઞા જેવું બીજું કોઇ પાપ નથી. તારક ધર્મની સામે જંગ માંડનારાઓ કારમું કમનશિબ ઉપાર્જી રહેલા હોવાથી, એક દૃષ્ટિએ જેમ અતિશય દયાપાત્ર છે, તેમ તેવાઓના પ્રતાપે અનેક આત્માઓના કલ્યાણની હાનિ થતી હોવાથી, એ હાનિના નિવારણને માટે તેઓ પ્રતિકારને પાત્ર પણ છે. ધર્મદ્રોહિઓના પ્રતિકારમાં તેઓ પ્રત્યેની દયા અને અન્ય આત્માઓના અહિતના નાશની વૃત્તિ બન્નેય હોય. એમાં ધર્મદ્રોહી પ્રત્યે અંગત દ્વેષ ન હોય. ધર્મદ્રોહિને શિક્ષા કર્યે જ અનેકોનો કલ્યાણમાર્ગ જળવાય તેમ હોય અને શિક્ષા કરવી શકય હોય તો ધર્મી એને શિક્ષા કરે, પણ એ શિક્ષા કરતી વેળાએ પણ ધર્મીનું હૈયું દયાથી અને પરોપકારની ભાવનાથી ઓતપ્રોત જ હોય. ધર્મદ્રોહીના પણ ભલાની જ ભાવના હોય.

મોક્ષદાયક ધર્મ પામવો એ બહુ મુશ્કેલ છે. હોઠથી તો ધર્મ-ધર્મ આખી દુનિયા પોકારે છે, પણ તેના મર્મને તો કોઈ વિરલ જ સમજતો હોય છે. ધર્મસત્તાની સામે મરજીમાં આવે તેમ અજ્ઞાની લોકો બોલે, કારણ કે-એ બીચારા ધર્મ-સત્તાના મહિમાને સમજ્યા નથી. એ સમજે અને એમના ગમે તેમ બોલવાથી બીજાઓને નુકશાન ન થાય, એ માટે ધર્મી આત્મા શક્ય કર્યા વિના રહે નહિ. બાકી અજ્ઞાન દુનિયા ડરે છે રાજસત્તાથી, એટલે રાજસત્તાના ડરે પાપ ન કરે પણ કર્મ-સત્તાને સમજી પાપને તજે નહિ. કર્મસત્તાને નહિ સમજનારૂં જગત ધર્મસત્તા સામે થવામાં નિરકુંશ હોય એ સહજ છે.

ધર્મસત્તાને સમર્પિત થનારને ચિંતા કરવાપણું રહેતું જ નથી. **મોક્ષદાયક ધર્મ સેવનારની બીજી બધી ચિન્તા ધર્મ કરે છે. ધર્મ આવ્યો તો બધું જ આવ્યું સમજો.** મોક્ષદાયક ધર્મસત્તાને સ્વીકારતા નથી, માટે તો રાજસત્તા અને કર્મસત્તાથી રીબાઈએ છીએ અને રીબાઈશું.

**ધર્મ**—(૧) પરભાવનો ત્યાગ અને આત્મભાવનો સ્વીકાર અને તેમાં સ્થિરતા.

(૨) પોતાને જે પ્રતિકૂળ હોય તે સામા પ્રત્યે આચરવું નહિ.

(૩) હું કોઈની વિરૂદ્ધમાં આવું નહિ અને કોઇ મારી વિરૂદ્ધમાં આવે તો પણ હું તેના જેવો થાઉં નહિ.

આ પણ સમતા હોય તોજ બને. અહીં લૌકિક અથવા દાંભિક સમતા ગ્રહણ કરવાની નથી. આત્મા સિવાયના તમામ

પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેની મમતાનો ત્યાગ, તેજ સાચી સમતાને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

## [૪૮] રાજસત્તા.

દુનિયામાં દેખીતી રીતે જોવાય તો રાજસત્તાનું જોર બહુ ચાલે છે. ધર્મસત્તામાંથી દેખીતી રીતે જેમ બચી જવાય છે, તેમ રાજસત્તામાંથી બચી શકાતું નથી. આમ છતાં માનો કે–અમૂક ગૂન્હો પકડાયો, પણ રાજસત્તા ગમે તેટલા ભયંકર ગૂન્હાઓની બહુ બહુ તો સજા શી કરે છે? રાજસત્તા પાસે વધુમાં વધુ સત્તા હોય, તો પણ તે મરણ નિપજાવવાની જ છે.

મનના ગૂન્હાઓ શોધવાની દુનિયાની સરકારમાં તાકાત નથી અને વચન તથા શરીરના ગૂન્હાઓ કરવા છતાં કેટલાએ ગૂન્હેગારો પકડાતા નથી, તો શું તે ગૂન્હાઓની સજા છે જ નહિ? અને જો સજા છે, તો તે કયી સત્તાની છે? પોતે જ વિચારી જૂઓ કે–પોતે જેટલા ગૂન્હાઓ મનથી, વચનથી કે કાયાથી કર્યા છે, તે બધા ગૂન્હાઓની સજા ભોગવી છે? આનો જવાબ નકારમાં જ મળશે. ત્યારે તે ગૂન્હાઓથી, અર્થાત્–કર્મસત્તાથી શું બચી જવાના? એની કાંઈ શિક્ષાજ નહિ હોય, એમ કે?

## [૪૯] કર્મસત્તા.

કર્મસત્તા જ એક એવી સત્તા છે, કે જેનો અમલ અવશ્ય થવો જ જોઈએ. દુનિયાનો શહેનશાહ પણ એમ કહી દે કે–

'હું તને ન માનું' તો કર્મસત્તા કહે કે-'મને માન યા ન માન, પણ મારી સત્તાના અમલમાંથી તું ખસી શકશે નહિ. મારી સજામાંથી તું બચી શકશે નહિ. હું તુષ્ટ હોઉં ત્યાં સુધી લીલાલહેર, પણ હું રૂઠું એટલે મામલો ખતમ.' એ છે કર્મસત્તા. ધર્મસત્તાને શરણે ગયેલો કર્મસત્તાથી બચી શકે છે, પણ મોટામાં મોટો રાજસત્તાનો માલીક પણ કર્મસત્તામાંથી બચી શકતો નથી. મનના ગૂન્હાઓ પકડવાની દુનિયાની સત્તા પાસે શક્તિ નથી તથા વચન અને શરીરના ગૂન્હાઓ કરવા છતાં પણ કેટલાએ ગૂન્હેગારો પકડાતા નથી. આવા ગૂન્હેગારો ભલે રાજસત્તાથી બચી જતા હોય, છતાં તેમને કર્મસત્તા અહીં કે ભવાંતરમાં સજા કર્યા સિવાય છોડતી નથી. રાજસત્તા બહુ બહુ તો મરણ નિપજાવે છે, જ્યારે કર્મસત્તા તો અનંતાં મરણો પણ નિપજાવે છે. તમે કર્મસત્તા અને ભવાંતરને ન માનતા હો, તો એમ ના કહી શકો કે-"મારાથી ભલે ન ફસાયો, પણ તારાં પાપ તને નહિ છોડે યા ધર્મે જય અને પાપે ક્ષય." વાત એ છે કે-આવું જે તમે પારકાને માટે બોલો છો કે માનો છો, તે પોતાને માટે પણ માનતા થઈ જાવ! પારકાને માટે એવું બોલવામાં તો તેના અહિતની ભાવના રહેલી છે અને તે પાપ છે, એટલે તે ત્યાજ્ય છે: પણ પોતાને માટે તો એ વસ્તુ બરાબર સમજી લેવી જોઇએ. દરેકે ખ્યાલમાં રાખવું જોઇએ કે-મારૂં માનસિક, વાચિક કે કાયિક કોઈ પણ પ્રકારનું નાનું કે મોટું પાપ, મને કોઇ કાલે છોડવાનું નથી. એ પાપ કાં ભોગવ્યે અને કાં નિર્જરા સાધ્યે જ જાય. કર્મસત્તાનું સામ્રાજ્ય એટલું વિશાળ છે કે-મોક્ષને પામેલા સિદ્ધાત્માઓની અવસ્થા એ જ આપણું લક્ષ્ય બની

જવું જોઈએ. એ એક જ અવસ્થા છે, કે જ્યાં કર્મનો યોગ નથી અને એથી જ ત્યાં સાચી અને પરિપૂર્ણ સ્વતંત્રતા છે.

## [૫૦] દોષિતો પ્રતિ આપણે કેમ વર્ત્તવું ?

અન્યના અછતા દોષો આપણને જણાય છે, જ્યારે આપણા છતા દોષો પણ આપણે જોઈ શકતા નથી. જો આપણે આપણા દોષો નિભાવી શકતા હોઇએ, તો અન્યના દોષો નિભાવી લેવા જેટલી ઉદારતા આપણે કેળવવી જોઈએ : કારણ કે–મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. દોષ ન હોય, એવા તો વિરલ જ. બીજાને સુધારવાની ઈચ્છાવાળા આપણે જો સુધરીએ, તો આપણી આત્મશુદ્ધિની અસર બીજા યોગ્ય જીવો ઉપર થયા સિવાય ન રહે. પાત્રતાના અભાવે આપણી આત્મશુદ્ધિની અસર બીજા ઉપર ન પણ થાય, તો તેથી આપણે નિરાશ થવાનું નથી : કારણ કે–આપણી આત્મશુદ્ધિ આપણું તો કલ્યાણ કરનારી જ છે. આપણે દોષિતો પ્રત્યે દયાળુ બનીને, જેમ બને તેમ તેમના પણ દોષોને નષ્ટ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે એ દોષો અપ્રતિકાર્ય જેવી અતિ હીન કક્ષાને પ્રાપ્ત થયેલા હોય, ત્યારે જ તેની ઉપેક્ષા હોઈ શકે છે. જે પોતાને નિર્દોષ બનાવવા માટેના સાચા માર્ગે આવ્યો નથી, એ આવી દયા કે ઉપેક્ષા કરી શકે, એ શકય જ નથી. એવાઓ નિન્દક બને, દોષિતો તરફ દ્વેષબુદ્ધિ ધરે, એ શકય છે. કર્મસત્તાના સામ્રાજ્યમાં દોષ, એ અસંભવિત નહિ પણ સુસંભવિત વસ્તુ છે. દોષનો દ્વેષ અને દોષિતનો દ્વેષ–એ જૂદી

વસ્તુ છે. દોષનો દ્વેષ અને દોષિતની દયા કેળવો, તો નિન્દા આદિ ઘણાં પાપોથી બચી શકો. પછી દોષિતને શિક્ષા કરશો તોય તે, માબાપ વહાલા છોકરાને સુધારવા માટે જ શિક્ષા કરે, એ કોટિની હશે. સામાના દોષોનું ડીંડીમ વગાડી પોતાની મહત્તા જાહેર કરવાની અધમતા એમાં નહિ હોય. આજે તો પોતાની દાંભિક મહત્તાને ટકાવવા માટે પણ સામાના દોષો ગવાય છે. એ ધર્મબુદ્ધિ નથી, પણ પાપબુદ્ધિ છે.

## [૫૧] પ્રશસ્તતા ક્યારે આવે ?

અપ્રશસ્તનો ત્યાગ અને પ્રશસ્તનો સ્વીકાર કરનારે વીતરાગતાના હેતુથી જ પ્રશસ્ત પ્રવૃત્તિ આચરવી જોઈએ : કારણ કે–વીતરાગતાના ધ્યેયના અભાવે અને વિપરીત ધ્યેયના સદ્ભાવે પ્રશસ્ત ભાવ ઉડી જાય છે અને અપ્રશસ્ત ભાવ જ પ્રધાન બની જાય છે : એટલું જ નહિ, પણ પ્રશસ્ત પ્રવૃત્તિમાંથી અપ્રશસ્ત પ્રવૃત્તિમાં આવતાં વાર લાગતી નથી : માટે અપ્રશસ્ત પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ તો વીતરાગતાના ધ્યેયવાળા માટે જ શક્ય છે.

## [૫૨] ધર્મભાવના.

સંસાર અસાર લાગ્યા પછી, અનુકૂળતા મેળવવાની ભાવના આવે તોય એવી આવવી જોઇએ કે–' હું કમનશિબ છું, કે જેથી પૌદ્ગલિક–ઐહિક સુખોની અનુકૂળતાઓ વિના હું ધર્મની

આરાધના બરાબર કરી શકતો નથી, તો મને એવી અનુકૂળતાઓ પ્રાપ્ત થાઓ, કે જેથી મોક્ષની સાધના હું બરાબર કરી શકું. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી મને આ મોક્ષસાધક ધર્મના યોગે એવી સામગ્રી મળ્યા કરો, કે જેથી મારી મોક્ષમાર્ગની આરાધના કોઈ ભવમાં ચૂકાય નહિ. જન્મોજન્મ મને મોક્ષસાધક ધર્મ પ્રાપ્ત થાઓ.' એ ઇચ્છા દોષમય નથી, પણ આ લોક અને પરલોકના ભોગો ભોગવવાના ઇરાદાથી જ ધર્મ કરવો, એ વ્યાજબી નથી. જેમ સંસાર બૂરો છે, તેમ સંસારને માટે કરાતો ધર્મ પણ બૂરો છે. એમાં બે ગૂન્હા થયા. સંસારની વાસના એ ગૂન્હો એટલે પાપ તો છે જ અને મોક્ષદાયક ધર્મને પાપનો સાધક બનાવ્યો, એ બીજો ગૂન્હો! વળી આ ભયંકર ગૂન્હાથી તે જ બચી શકે, કે જેના હૈયામાં અર્થ-કામ હેય અને મોક્ષદાયક ધર્મ જ ઉપાદેય, એમ બરાબર જચ્યું હોય.

## દોષ કોનો ?

બુરૂં કરે કો આપણું, કરનાર તો નિમિત્ત છે:
સારૂં કરે તો પણ સમજજો, એજ રીત ખચીત છે. ૧
પરિણુતિ શુભાશુભ કર્મ પર, સુખ-દુઃખનો આધાર છે:
કર્મો કર્યાં તે ભોગવે, જિનધર્મનો એ સાર છે. ૨
સદ્‌બોધ લેવો એ ઘટે, કર્યું કોઈનું નહિ થાય છે:
છે પ્રબલ સત્તા કર્મની, બીજા બધા વા ખાય છે. ૩

## —દુઃખનિવારણનો રામબાણ ઉપાય—

ચિત્ત તું શાને ચિંતા કરે, ભાવીને કરવું હોય તે કરે:
સ્મરણ કર તું જિનચંદ્રનું, જન્મ મરણ ભય હરે. ૧
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે:
ઉદય કર્મો ભોગવ્યા વિના, કહો કેમ તે ટળે? ૨
બાજી સર્વેની એના હાથમાં, ભરાયું ડગલું ભરે:
જેવો જંત્ર વગાડે જંત્રી, સ્વર તેવો નીસરે. ૩
થનાર વસ્તુ થયા કરે, જેમ શ્રીફલ પાણી ભરે:
જનાર વસ્તુ એની પેરે જાસે, જેમ ગજેંદ્ર કોઠું ગળે. ૪
જેને જેટલું જે જેમ કાલે, તે તેને કર ઠરે:
એમાં ફેર પડે નહિ કો'થી, શીદ કુટાઈ તું મરે? ૫
તારૂં ધાર્યું થતું હોત તો, સુખ સંચે દુઃખ હરે:
આપ તણું અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખસે. ૬
થવાનું અણુચીતવ્યું થાસે, એમ આગમગ્રંથો વદે:
રાખ ભરૂપો ભાવી ઉપર, દયા શીદને ડરે? ૭

# "લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરવા ઇચ્છનારાઓને ખપનું."

આપણને અર્થ અને કામનાં સાધનોમાં જેટલો રસ પડે છે, તેટલો રસ ધર્મનાં સાધનોમાં અને મોક્ષસાધક ક્રિયાઓમાં પડતો નથી. તેથી ધર્મનાં સાધનો ખરીદી તે ક્રિયાઓ કરવામાં આપણું લક્ષ્ય જોઇએ તેટલું જતું નથી. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વિગેરે કરવા માટે માર્જીનમાં લખેલાં ઉત્તમ ઉપકરણોની જરૂર પડે છે, પણ આપણું લક્ષ્ય તે તરફ ઓછું હોવાથી તે ખરીદવા મન થતું નથી. પણ તે ચીજો કોઈ ધર્મી ગૃહસ્થ અડધી કિંમતે આપતા હોય, તો તે વેચાતી લેઇને વાપરવાનું ઘણાને મન થાય છે. અને આપણે જ્યારે એટલા પણ પૈસા ખરચીને તે ચીજો લઇએ, એટલે તે ચીજોની મદદથી પૂજા, સામાયિક વિગેરે કરવાનું મન થાય તે

| ઉપકરણનું નામ | મૂળ કિંમત | અડધી કિંમત |
|---|---|---|
| ખેસ અને થેપાડું | ૨—૦—૦ | ૧—૦—૦ |
| ઘડી બાંધેલી લોઢાના ખોખા સાથે | ૧—૮—૦ | ૦—૧૨—૦ |
| ચરવલો | ૧—૮—૦ | ૦—૧૨—૦ |
| સંથારીયું | ૩—૦—૦ | ૧—૮—૦ |
| બે પ્રતિક્રમણ વાંચીને કરવાની ચોપડી | ૦—૮—૦ | ૦—૪—૦ |
| સદર—પાંચ પ્રતિક્રમણની | ૧—૪—૦ | ૦—૧૦—૦ |
| પૌષધ-વિધિ | ૦—૪—૦ | ૦—૨—૦ |
| દેવવંદન માલા | ૧—૪—૦ | ૦—૧૦—૦ |

સ્વાભાવિક છે. જે સદ્‌ગૃહસ્થો પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવા ઈચ્છતા હોય, તેમણે ઉપરની ચીજો મૂળ કિંમતે ખરીદી પોતાના ગામમાં અડધી કિંમતે વેચવી, જેથી જે માણસો તે ચીજો વાપરી ધાર્મિક ક્રિયાઓ કરશે, તેની અનુમોદનાનું ફલ તેમને પ્રાપ્ત થશે. દરેક ગામમાં એક એક સખી ગૃહસ્થ ઉપરનું કામ ઉપાડી લેશે, તો દરેક ગામ ધાર્મિક ક્રિયાઓ કરતું થઈ જશે અને અનહદ પુણ્ય ઉપાર્જન કરશે.

જે માણસો પોતાના પૈસાનો સદ્‌ઉપયોગ કરવા ઈચ્છતા હોય, પણ પોતે જાતે ઉપરનું કામ કરી શકતા ન હોય, તેમણે પોતાની શક્તિ મુજબની મદદ—

**જેઠાલાલ ચુનીલાલ વકીલ,**
મેનેજર, સાડંબા—સાબરકાંઠા એજન્સી.
(વાયા તલોદ) એ. પી. રેલ્વે.

એ સરનામે મોકલવી, જેથી તેનો સદ્‌ઉપયોગ કરવામાં અને કરાવવામાં આવશે. ઉપકરણો કયાંથી સસ્તાં મલી શકશે તેમજ આ બાબતમાં બીજો પણ જે કાંઇ ખૂલાસો પૂછવો હોય, તે માટે ઉપરના સરનામે લખવા મે. કરવી.

## પૂજ્ય ગુરૂદેવોને તેમજ ધર્મપ્રેમી બન્ધુઓને

# નમ્ર વિજ્ઞપ્તિ

આપને આ પુસ્તક વાંચ્યા પછીથી જો એમ લાગે કે-આવા સાહિત્યનું વાંચન મોક્ષમાર્ગની આરાધનામાં પ્રેરણા આપનારૂં છે અને આરાધક આત્માઓને માટે પણ ભાવ-વિશુદ્ધિનું કારણ છે, તો પૂજ્ય ગુરૂદેવો આ પુસ્તકને માટે, વાંચવાની તથા પ્રચારની ભલામણ કરવા કૃપા કરે અને ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો બને તેટલી વધુ નકલો ખરીદીને આ પુસ્તકને ઘરે ઘરે વંચાતું બનાવે. જૈનેતર ભાઇઓને પણ વાંચવા આપતાં, તેમના હૈયામાં મોક્ષમાર્ગ પ્રતિ આદરભાવ પ્રગટે એવું આ પુસ્તક છે. પ્રચારનો જ હેતુ હોવાથી કિંમત પણ માત્ર ત્રણ આના જેવી નજીવી રાખી છે. પૂજ્ય ગુરૂદેવોને અને ધર્મપ્રેમી બન્ધુઓને આ પુસ્તક વિષેનો પોતાનો અભિપ્રાય લખી મોકલવાની પણ વિનંતિ છે. પ્રચારની મદદ મોકલવાનું તથા અભિપ્રાય લખી મોકલવાનું ઠેકાણું:-

સાઠંબા
વાયા-તલોદ
A. P. Ry.

જેઠાલાલ ચુનીલાલ વકીલ
મેનેજર, સાઠંબા

# જીવદયાના હીમાયતીઓ માટે

ઝીણા જીવજંતુઓની રક્ષા માટે સરખી ઘાસની સાવરણીઓ વાપરવી જોઇએ, પણ તેની કિંમત રૂા. ૦–૨–૦ એક નંગની પડતી હોવાથી અને ખજુરીની સાવરણી ૦–૧–૦ માં મલતી હોવાથી, ધર્મી માણસો પણ એક આનો વધુ ખરચી સરખી સાવરણી વાપરતાં અચકાય છે. તે સાવરણીઓ જથ્થાબંધ મંગાવવામાં આવે, તો લગભગ ૦–૧–૬ એક પડે છે, પણ તેટલી કિંમત આપીને પણ વાપરનારાઓ ઓછા હોય છે. જેથી તે સાવરણીઓ ૦–૧–૦ લેખે વેચવામાં આવે તો ૧૦૦ સાવરણીની કિંમત રૂા. ૯–૬–૦ પડે જ્યારે રૂા. ૬–૪–૦ ઉપજે જેથી રૂા. ૩–૨–૦ જેવી નજીવી રકમમાં આપણે ૧૦૦ ઘેર ચાર–પાંચ મહિના સુધી અગર તો સાવરણીઓ ચાલે ત્યાં સુધી જીવરક્ષાનું કામ કરી શકીએ છીએ, તેથી જે માણસો પોતાની લક્ષ્મીનો સદઉપયોગ કરવા ઇચ્છતા હોય, તેમણે ૧૦૦ સાવરણીની કિંમતના રૂા. ૬–૯–૦ મનીઓર્ડરથી શાહ શિવજી વાલજી એન્ડ કંપની–૧૮૪ ભાત બજાર મુંબઈ નં. ૯ ને મોકલી આપવા, જેથી રેલ્વે રસીદ પાર્સલની તેમના તરફથી આવશે. તેના રેલ્વે નુરના લગભગ રૂા. ૨–૮–૦ ભરવા પડે છે. વધારે મંગાવનારે તેના પ્રમાણમાં કિંમત મોકલવી. આ બાબતમાં કાંઇ પૂછવું હોય તો, નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો:—

## જેઠાલાલ ચુનીલાલ વકીલ

મેનેજર, સાઠંબા (બી. બી. રેલ્વે.) વાયા–તલોદ.